દ્રષ્ટિકોણ જનવાણી

PRIGI.NO. GJGUJ/26/A2124

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

ગુરૂવાર

તા.૦૫/૧૧/૨૦૨૬

Year- 01 | Issue-216 | Editor - Gajera Divya | Date: 05 November-2026 Thursday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani09@gmail.com | Mo. 96876 77873

સેનાના આધુનિકીકરણ માટે કેન્દ્ર ૭.૮૫ લાખ કરોડનું સંરક્ષણ બજેટ લાવશે

દરેક ઇન્ફન્ટ્રી બટાલિયન પાસે હશે પોતાની ડ્રોન યુનિટઃ ભૈરવ, અગ્નિ અને શક્તિબાણ જેવી નવી સૈન્ય રચનાઓથી સુરક્ષા વ્યવસ્થા વધુ આધુનિક બનાવાશે : રક્ષામંત્રી

જેસલમેર, બદલાતા વૈશ્વિક સુરક્ષા પરિદૃશ્ય અને આધુનિક યુદ્ધની પદ્ધતિઓને ધ્યાનમાં રાખીને ભારતે સશસ્ત્ર દળોના આધુનિકીકરણની દિશામાં તૈયારીઓ તેજ કરી છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે રાજસ્થાનના જેસલમેરમાં સંરક્ષણ મંત્રાલયની સંસદીય સલાહકાર સમિતિની બેઠકની અધ્યક્ષતા કરતાં સેનાની ક્ષમતામાં વધારો કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે દેશનું સંરક્ષણ બજેટ વધારીને રૂ.૭.૮૫ લાખ કરોડ કરવામાં આવ્યું છે. સરકારનો ઉદ્દેશ માત્ર બજેટ વધારવાનો જ નહીં, પરંતુ તેનો અસરકારક ઉપયોગ કરીને સેનાને આધુનિક ટેક્નોલોજીથી સજ્જ કરવાનો પણ છે.

રાજનાથ સિંહે જણાવ્યું હતું કે દુનિયામાં ઝડપથી બદલાઈ રહેલી ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિઓની સીધી અસર ભારતની સુરક્ષા પ્રાથમિકતાઓ પર પડે છે. આવા સંજોગોમાં ભારતીય સશસ્ત્ર દળોનું સતત આધુનિકીકરણ અનિવાર્ય છે.

તેમણે સંરક્ષણ ક્ષેત્રમાં સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને આત્મનિર્ભરતા હાંસલ કરવાની સરકારની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો. આધુનિક હથિયારો, ટેક્નોલોજી અને સંરક્ષણ સાધનોના વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

બેઠક દરમિયાન રક્ષામંત્રીએ ભારતીય સેનાની આધુનિકીકરણ યોજનાની મહત્ત્વપૂર્ણ વિગતો પણ રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે હવે ભારતીય સેનાની દરેક ઇન્ફન્ટ્રી બટાલિયનને પોતાની ડ્રોન યુનિટથી સજ્જ કરવાની યોજના છે.

આ વ્યવસ્થાથી પાયદળના જવાનોને દુશ્મનની ગતિવિધિઓ પર નજર રાખવા અને જરૂરી માહિતી મેળવવા માટે અન્ય સૈન્ય સંસાધનો પર નિર્ભર રહેવું નહીં પડે. ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગથી સેનાની દેખરેખ અને માહિતી એકત્રિત કરવાની ક્ષમતામાં વધારો થશે.રક્ષામંત્રીએ ભારતીય સેનામાં નવી રચાઈ રહેલી ભૈરવ યુનિટની ઉપયોગિતા અંગે પણ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે બદલાતી યુદ્ધપ્રણાલીને અનુરૂપ અગ્નિ, ભૈરવ અને શક્તિબાણ જેવી નવી સૈન્ય રચનાઓ વિકસાવવામાં આવી રહી છે. સેનાની યોજના ભૈરવ યુનિટની કુલ ૨૫ બટાલિયન તૈયાર કરવાની છે. આ પ્રકારની વિશેષ રચનાઓથી નાના અને મર્યાદિત સૈન્ય અભિયાનો હાથ ધરવાની ક્ષમતા વધશે અને આવા અભિયાનો માટે અન્ય વિશેષ દળો પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે.


દિલ્હીની બહાર જેસલમેરમાં બેઠક યોજવા પાછળનો હેતુ સમજાવતાં રાજનાથ સિંહે જણાવ્યું હતું કે સરહદી અને અગ્રિમ વિસ્તારોમાં આવી બેઠકો યોજવાથી સંસદીય સમિતિના સભ્યોને જમીની પરિસ્થિતિ સમજવાની તક મળે છે. આ ઉપરાંત, સમિતિના સભ્યોને સુરક્ષા સંબંધિત વાસ્તવિક પડકારોનું મૂલ્યાંકન કરવા અને મહત્ત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવાનો અવકાશ મળે છે. સભ્યોના સૂચનના આધારે જ આ બેઠક માટે જેસલમેરની પસંદગી કરવામાં આવી હતી.સરકારનું ધ્યાન સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા વધારવા અને સ્વદેશી ટેક્નોલોજીનો વધુ ઉપયોગ કરવા પર છે.

રાજસ્થાનમાં ટ્રેન ઉથલાવી દેવા રેલવે ટ્રેક પર બ્લાસ્ટ

નવી દિલ્હી, તા.૪

રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લામાં અનૂપગઢ-સૂરતગઢ રેલવે લાઇન પર મંગળવારે એક મોટો ધડાકો થતાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. અનૂપગઢથી બઠિંડા જઈ રહેલી પેસેન્જર ટ્રેનને ટાર્ગેટ કરીને ઉડાવી દેવાનું મોટું ષડયંત્ર ઘડાયું હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગામ ૫૦ જીબી નજીક રેલવે ટ્રેક પર આ બ્લાસ્ટ ટ્રેન પસાર થયાની થોડી જ મિનિટો બાદ થયો હતો, જેના કારણે ટ્રેનમાં સવાર અસંખ્ય મુસાફરોનો આબાદ બચાવ થયો છે.સ્થાનિક અધિકારીઓના જણાવ્યા મુજબ બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે રેલવે ટ્રેકની નીચે લગાવેલા ૨ થી ૩ સિમેન્ટના સ્લીપર પિલર સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા.

ધડાકાના કારણે પિલરની અંદર રહેલા લોખંડના સળિયા બહાર ફેંકાઈ ગયા હતા અને રેલવે લાઇનને પકડી રાખતા ક્લિપર પણ ટ્રેકથી અલગ થઈ ગયા હતા.ઘટનાની જાણ થતાં જ શ્રીગંગાનગરના એસપી હરિ શંકર ઉચ્ચ પોલીસ કાફલા સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ની ટીમોએ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરીને નમૂના તથા પુરાવા એકત્ર કરવાની કામગીરી શરૂ કરી દીધી છે.સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને પણ ઘટનાસ્થળે બોલાવવામાં આવી છે. પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ આ કોઈ આતંકી ષડયંત્ર કે તોડફોડનો પ્રયાસ છે કે કેમ તે દિશામાં ઘનન તપાસ ચલાવી રહી છે.



ટ્રેન પસાર થયાની થોડીક જ મિનિટોમાં બની ઘટનાઃ અનૂપગઢથી બઠિંડા જતી ટ્રેન પસાર થયાની મિનિટોમાં ધડાકો, ATS અને બોમ્બ સ્કવોડની તપાસ શરૂ થઈ

૭૫% અગ્નિવીરોને હવે ૪ નહીં, ૬ વર્ષ સુધી મળશે સેનામાં સેવા કરવાની તક

ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ પસંદગીના ૭૫% અગ્નિવીરોને વધુ બે વર્ષનું સર્વિસ એક્સટેન્શન મળશે

નવી દિલ્હી, ભારતીય સશસ્ત્ર દળોમાં સેવા આપતા અગ્નિવીરો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ એન.એસ. રાજા સુબ્રમણિએ અગ્નિવીરોના સેવાકાળને લઈને મોટી જાહેરાત કરી છે. મળતી માહિતી મુજબ, અગ્નિપથ યોજના હેઠળ ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનારા ૭૫ ટકા અગ્નિવીરોને વધુ બે વર્ષ સુધી સેવામાં રહેવાની તક આપવામાં આવશે. આ નિર્ણયથી હવે પસંદગીના અગ્નિવીરોનો કુલ સેવાકાળ ચાર વર્ષથી વધીને છ વર્ષ થઈ શકશે.

અત્યાર સુધી અગ્નિપથ યોજના હેઠળ ચાર વર્ષનો સેવાકાળ પૂર્ણ થયા બાદ માત્ર ૨૫ ટકા અગ્નિવીરોને નિયમિત કેડરમાં સામેલ કરવાની જોગવાઈ હતી. જ્યારે બાકીના ૭૫ ટકા અગ્નિવીરોને સેવા પૂર્ણ થયા બાદ સેનામાંથી મુક્ત કરવામાં આવતા હતા.

જોકે, નવા નિર્ણય મુજબ નિયમિત કેડરમાં સામેલ ન થનારા પસંદગીના ૭૫ ટકા અગ્નિવીરોને વધુ બે વર્ષ સેવા કરવાની તક મળશે. આ સેવા લંબાવવાનો નિર્ણય સંબંધિત અગ્નિવીરની સંમતિ અને પસંદગીના આધારે રહેશે.

આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે અગ્નિપથ યોજના હેઠળ ભરતી થયેલા પ્રથમ બેચના અગ્નિવીરોનો ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ થવા જઈ રહ્યો છે. નવેમ્બર ૨૦૨૬ના મધ્યથી પ્રથમ બેચના અગ્નિવીરોને તબક્કાવાર મુક્ત કરવાની પ્રક્રિયા શરૂ થવાની હતી.

પ્રથમ બેચમાં ત્રણેય સૈન્ય પાંખોમાં કુલ ૨૪,૪૦૦ અગ્નિવીરોની ભરતી કરવામાં આવી હતી. જેમાં આશરે ૧૮,૩૦૦ અગ્નિવીરો ચાર વર્ષ પૂર્ણ થયા બાદ સેવામાંથી બહાર થવાના હતા.

પ્રથમ વનડેમાં ભારતની શાનદાર જીત; ન્યૂઝીલેન્ડને ૫ વિકેટે હરાવ્યું

ઓકલેન્ડ, ભારતે ન્યૂઝીલેન્ડ સામેની પાંચ મેચની વનડે સિરીઝની શરૂઆત જીત સાથે કરી છે. બુધવારે ઓકલેન્ડના ઈડન પાર્કમાં રમાયેલી પ્રથમ વનડેમાં ભારતીય ટીમે ડકવર્થ-લુઈસ-સ્ટર્ન (DLS) પદ્ધતિ હેઠળ ન્યૂઝીલેન્ડને ૫ વિકેટે હરાવ્યું હતું. ભારત તરફથી અર્શદીપ સિંહે શાનદાર બોલિંગ કરતાં ચાર વિકેટ ઝડપી હતી, જ્યારે વિરાટ કોહલીએ ૫૧ બોલમાં ૭૪ રનની આક્રમક ઈનિંગ્સ રમી ટીમની જીતમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

ટોસ જીતીને ભારતીય કેપ્ટને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતીય બોલરોએ આ નિર્ણયને યોગ્ય સાબિત કરતાં ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને મોટો સ્કોર નોંધાવતા અટકાવ્યા હતા. કિવી ટીમ ૪૦.૨ ઓવરમાં ૧૮૫ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી.ન્યૂઝીલેન્ડ તરફથી ઓપનર ટિમ સાઈફર્ટે ૩૮ રન બનાવ્યા હતા. તેણે ત્રણ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા હતા. બ્લેયર ટિકનરે ૩૪ રનનું યોગદાન આપ્યું હતું. જોકે, ભારતીય બોલરોના શાનદાર પ્રદર્શન સામે અન્ય બેટ્સમેનો લાંબી ઈનિંગ્સ રમી શક્યા નહોતા. ભારત તરફથી અર્શદીપ સિંહે સૌથી વધુ ચાર વિકેટ ઝડપી હતી.૧૮૬ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત નિરાશાજનક રહી હતી.



ચંફાઈ જિલ્લામાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ આવતા લોકોમાં ફફડાટ

નવી દિલ્હી, ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં અત્યારે ભૂકંપની ઘટનાઓ સતત વધી રહી છે. છેલ્લા કેટલાક સમયમાં અલગ અલગ દેશોમાં આવેલા ભૂકંપના કારણે હજારો લોકોએ પોતાના જીવ ગુમાવ્યો છે. ભારતમાં પણ કેટલાક સમયથી અલગ અલગ રાજ્યોમાં ધરા ધ્રુજી રહી છે. તેવામાં અત્યારે મિઝોરમમાં ભૂકંપ આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ભૂકંપના કારણે કોઈ જાનહાનિ નથી, તેથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આ ભૂકંપની જાણકારી આપવામાં આવી છે. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રએ જણાવ્યું કે, મંગળવારે રાત્રે મિઝોરમના ચંફાઈ જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. મિઝોરમમાં આવેલા આ ભૂકંપની રિક્ટર સ્કેલ પર ૩.૭ની તીવ્રતા નોંધાઈ હતી. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યાં પ્રમાણે આ ભૂકંપ મંગળવારે રાત્રે ૧૧.૪૫ વાગ્યે આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્ર જમીનમાં ૨૪ કિમી નીચે નોંધાયું હતું. નજીવા ભૂકંપના આંચકાના કારણે કોઈ જાનહાનિ નથી થઈ પરંતુ લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ભારતમાં આવેલા અન્ય ભૂકંપની વાત કરીએ તો, શુક્રવારે જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. વહેલી સવારે આવેલા ભૂકંપની તીવ્રતા ૩.૬ની નોંધાઈ હતી.

દિવાળી પહેલાં અમૂલે આપ્યો મોંઘવારીનો ઝટકો

નવી દિલ્હી, દિવાળીના તહેવાર પહેલાં જ અમૂલ દ્વારા ઘી અને બટરની કિંમતોમાં વધારો કરવામાં આવતાં ગ્રાહકોના ખિસ્સા પર વધુ ભાર પડશે. કંપનીએ એક કિલો ઘીના પેકેટની કિંમતમાં રૂ.૫૦નો વધારો કર્યો છે. જ્યારે ૧૦૦ ગ્રામ બટરના પેકેટના ભાવમાં રૂ.૩નો વધારો કરવામાં આવ્યો છે. તહેવારો દરમિયાન ઘી અને બટરની માંગ વધતી હોય છે ત્યારે ભાવવધારાથી ગૃહિણીઓના બજેટ પર અસર થવાની શક્યતા છે.અમૂલ દ્વારા કરવામાં આવેલા ભાવવધારા મુજબ, એક કિલો ઘીના પેકેટની કિંમત અગાઉ રૂ.૬૩૦ હતી, જે વધારીને રૂ.૬૮૦ કરવામાં આવી છે. એટલે કે ગ્રાહકોએ હવે એક કિલો ઘી ખરીદવા માટે રૂ.૫૦ વધુ ચૂકવવા પડશે.તેવી જ રીતે, ૧૦૦ ગ્રામ બટરના પેકેટની કિંમત રૂ.૬૩થી વધારીને રૂ.૬૬ કરવામાં આવી છે. આમ, બટરના ભાવમાં પણ રૂ.૩નો વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર ૨૦૨૫માં GSTના દરોમાં ઘટાડા બાદ અમૂલે તેની અનેક ડેરી પ્રોડક્ટ્સના ભાવમાં ઘટાડો કર્યો હતો. તે સમયે ઘી અને બટર સહિત આશરે ૭૦૦ જેટલી પ્રોડક્ટ્સના ભાવમાં રાહત આપવામાં આવી હતી.



દ્રષ્ટિકોણ-સુરતઃ શ્રી સાયણ સુગર ફેક્ટરીની "ઝોન સમિતિ"ના પ્રમુખશ્રી તખ્તસિંહ એન. ઠાકોર નાદુરસ્ત તબિયતને કારણે પથારીવશ હોય, તેમણે "ઝોન સમિતિ"ના 'પ્રમુખ' તરીકેની ૩૦ વર્ષ ઉપરની આપેલ સેવાને બિરદાવવા માટે સંસ્થાના પ્રમુખશ્રી કેતનભાઈ એન. પટેલ તેમના વતન બલકસ મુકામે જઈ સાલ ઓઢાડી સન્માન કર્યું હતું અને સંસ્થા વતી એમનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ડેમોક્રેટ્સનો કબજો, ટ્રમ્પની પાર્ટીની કારમી હાર

વોશિંગ્ટન, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બે વર્ષના કાર્યકાળ બાદ યોજાયેલી મિડટર્મ ચૂંટણીઓના પ્રારંભિક પરિણામો અને ટ્રેન્ડ્સે વોશિંગ્ટનના રાજકારણમાં ભૂકંપ સર્જ્યો છે. તમામ પૂર્વ-ચૂંટણી સર્વેના અંદાજો સાચા ઠેરવતા ડેમોક્રેટિક પાર્ટીએ રિપબ્લિકન પાર્ટીના પરંપરાગત ગઢ ગણાતા વિસ્તારોમાં ભારે ગાબડું પાડ્યું છે.સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ બંનેમાં ડેમોક્રેટ્સે મોટો ઉછાળો માર્યો છે. આ ચૂંટણીમાં ભારતીય સમુદાય માટે પણ મોટા સમાચાર સામે આવ્યા છે, જેમાં ફ્લોરિડાથી ભારતીય મૂળના ડેમોક્રેટ ઉમેદવાર પિયા ડાંડિયા અને વર્જિનિયાથી સુહાસ સુબ્રમણ્યમ વિજેતા બન્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરના મધ્યસત્રના ચૂંટણીના પરિણામમાં હાર સ્વીકારવા તૈયારી બતાવી દીધી છે. આ સાથે તેમણે સવાલો ઊઠાવતા કહ્યું કે બેલેટ પેપર પર મારું નામ હોત તો કદાચ અમે ભારે બહુમતથી ચૂંટણી જીતી ગયા હોત. જોકે હું હાર સ્વીકારીને ડેમોક્રેટ્સ સાથે મળીને કામ કરવા તૈયાર છું. ઉલ્લેખનીય છે કે આ હારથી ટ્રમ્પને હવે મોટો ઝટકો લાગશે અને તે યુદ્ધમાં બેફામ નિર્ણયો લેતા અટકી શકે છે. ટ્રમ્પે કહ્યું કે હું ચૂંટણી મેદાનમાં નહોતો. જો હું ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉતર્યો હોત તો રિપબ્લિકન્સ ભારે બહુમતથી જીત્યા હોત. જોકે લોકો ટ્રમ્પની આ પ્રતિક્રિયાની મજાક પણ ઉડાવી રહ્યા છે.ઓહિયો ગવર્નર પદની રેસમાં ભારતીય મૂળના વિવેક રામાસ્વામી હારી ગયા છે. ડેમોક્રેટ એમી એક્ટને રિપબ્લિકન નેતા વિવેકને હરાવી દીધા છે. અમેરિકાના મિડટર્મ ચૂંટણી પરિણામોમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે.



ભારતીય મૂળના પિયા ડાંડિયા અને સુહાસ સુબ્રમણ્યમનો વિજય, વિવેક રામાસ્વામી ચૂંટણી હાર્યા : સાઉથ કેરોલિનામાં રિપબ્લિકનને ઝટકો



પુણાગામમાં એક વર્ષથી વધુ સમય વીતી ગયો છતાં ડિમોલિશન બાદ રસ્તો બન્યો નહીં



'રોડ આપોપ રોડ આપોપ'ના નારા સાથે દીપમાલા, નંદનવન અને ઓમકાર સોસાયટીના રહીશો રસ્તા પર ઉતર્યા; દિવાળી પહેલાં પાકો રોડ બનાવવાની માંગ સાથે ઉગ્ર આંદોલનની ચીમકી

દ્રષ્ટિકોણ-સુરત: સુરતના પુણાગામ વિસ્તારમાં પાલિકા તંત્રની ધીમી કામગીરી સામે સ્થાનિક રહીશોનો રોષ ફાટી નીકળ્યો છે. રસ્તાના કામ માટે એક વર્ષ કરતાં વધુ સમય પહેલાં ડિમોલિશનની કામગીરી કરવામાં આવી હતી, પરંતુ આજદિન સુધી રોડ બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી નથી. એટલું જ નહીં, રસ્તાની વચ્ચોવચ આવેલા વીજ થાંભલાઓ પણ યથાવત્ રહેતાં વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમ ઊભું થયું છે. તંત્રની આ બેદરકારી સામે આજે મોટી સંખ્યામાં રહીશો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને 'રોડ આપોપ રોડ આપોપ'ના નારા લગાવી વિરોધ નોંધાવ્યો હતો.

પાલિકાના વરાછા ઝોન હેઠળ આવતા પુણાગામ વિસ્તારમાં દીપમાલા સોસાયટી, નંદનવન સોસાયટી તેમજ ઓમકાર સોસાયટી વિભાગ-૧ અને ૨ના રહીશો દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. હાથમાં પ્લેકાર્ડ લઈને રસ્તા પર ઉતરેલા રહીશોએ અધૂરું ડિમોલિશન પૂર્ણ કરવા, નડતરરૂપ વીજ થાંભલાઓ ખસેડવા અને વહેલી તકે પાકો રોડ બનાવવાની માંગ કરી હતી. આ વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસના સ્થાનિક પૂર્વ કોર્પોરેટર સહિતના નેતાઓ પણ જોડાયા હતા.

રહીશોના જણાવ્યા અનુસાર, રસ્તાના વિસ્તરણ અને નવીન રોડની કામગીરી માટે એક વર્ષ કરતાં વધુ સમય પહેલાં મિલકતોનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું. જોકે, ડિમોલિશન બાદ રસ્તો બનાવવાની કામગીરી અધવચ્ચે અટકી ગઈ છે. રસ્તાની વચ્ચે વીજ થાંભલાઓ હોવાને કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને રાત્રિના સમયે આ થાંભલાઓ અકસ્માતને આમંત્રણ આપી રહ્યા હોવાની ભીતિ સ્થાનિકોમાં જોવા મળી રહી છે. આ સમગ્ર મામલે રહીશોએ ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, આગળ આવેલી ગીતાનગર સોસાયટી વિભાગ-૨માં ભાજપના કોર્પોરેટર રહેતા હોવાથી તેમના ઈશારે રાજકીય દબાણ હેઠળ ત્યાંનું ડિમોલિશન જાણીજોઈને અટકાવી દેવામાં આવ્યું છે.

સામાન્ય રહીશોની મિલકતોનું ડિમોલિશન કરવામાં આવ્યું, પરંતુ બાકી રહેલી કામગીરી પૂર્ણ કરવામાં તંત્ર દ્વારા ઢીલાશ દાખવવામાં આવી રહી છે.

જોકે, આ આક્ષેપ અંગે સંબંધિત કોર્પોરેટર કે પાલિકા તંત્રનો પક્ષ જાણવા મળ્યો નથી. વિરોધ પ્રદર્શન દરમિયાન રહીશોએ 'અધૂરું ડિમોલિશન પૂર્ણ કરો', 'ભ્રષ્ટાચાર બંધ કરો, અધૂરાં કામ પૂરાં કરો' અને 'જનતાનો એક જ અવાજ, રોડ આપોપ રોડ આપોપ' જેવા સૂત્રોચ્ચાર કરી પાલિકા તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

દિવાળી જેવા મોટા તહેવાર પહેલાં પણ રસ્તાની સમસ્યાનો ઉકેલ ન આવતાં સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. રહીશોએ માંગ કરી છે કે બાકી રહેલું ડિમોલિશન તાત્કાલિક પૂર્ણ કરવામાં આવે, રસ્તાની વચ્ચોવચ આવેલા વીજ થાંભલાઓ ખસેડવામાં આવે અને વહેલી તકે પાકો રોડ બનાવવામાં આવે. જો આગામી દિવસોમાં પાલિકા તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં નહીં આવે તો વધુ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

સચીન GIDCમાં લિફ્ટ ટ્રોલી માથા પર પડતાં શ્રમિકનું મોત

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૪

સુરતના સચીન જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી એક કન્સ્ટ્રક્શન સાઈટ પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. બાંધકામ સાઈટ પર કામ કરી રહેલા ૪૮ વર્ષીય શ્રમિકના માથા પર લિફ્ટ ટ્રોલી પડતાં ગંભીર ઈજા પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ મૃત જાહેર કર્યા હતા.

મળતી માહિતી મુજબ, ડિંડોલીના નવાગામ સ્થિત ભરવાડનગરમાં રહેતા વિનોદભાઈ બાલુભાઈ વસાવા (ઉં.વ. ૪૮) તા. ૩ નવેમ્બરના રોજ સવારે આશરે ૯:૩૦ વાગ્યે સચીન GIDCમાં રોડ નંબર આઈ-નાઈન પર લક્ષ્મીવિલાની આગળ આવેલા પ્લોટ નંબર આઈ/૧૭૩ની કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરી રહ્યા હતા. દરમિયાન અચાનક લિફ્ટ ટ્રોલી તેમના માથા પર પડતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. બનાવ બાદ તેમના ભાઈ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સવારે ૧૦:૪૫ વાગ્યે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબ ડૉ. મનીષે તપાસ કરતાં સવારે ૧૦:૫૦ વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે સચીન GIDC પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો BNSS કલમ ૧૯૪ મુજબ નોંધવામાં આવ્યો છે. પોલીસ દ્વારા બનાવની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ખાખી વર્દી પહેરી પોલીસનો રોફ જમાવતો ઠગ ઝડપાયો

અમદાવાદ, શહેરમાં પોલીસની ખોટી ઓળખ આપીને લોકો સાથે છેતરપિંડી કરવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ખોખરા વિસ્તારમાં અલ્કેશ પરમાર નામનો શખસ પોલીસની ખાખી વર્દી પહેરી લોકોને અલગ-અલગ કામ કરાવી આપવાની લાલચ આપીને રૂપિયા પડાવતો હોવાનો પર્દાફાશ થયો છે. આરોપીએ ત્રણ વ્યક્તિઓ પાસેથી કુલ રૂ. ૪૭ હજારથી વધુની રકમ મેળવી છેતરપિંડી આચર્યાનો આક્ષેપ છે. આ મામલે ખોખરા પોલીસે આરોપીને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ખોખરા વિસ્તારમાં રહેતી સંગીતા પટેલ નામની યુવતીને આરોપી અલ્કેશ પરમારે બાકરોલમાં શેડ ભાડે અપાવવાની લાલચ આપી હતી. પોલીસ હોવાની ખોટી ઓળખ અને ખાખી વર્દીનો રોફ બતાવી તેણે યુવતીનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ અલગ-અલગ બહાનાં હેઠળ તેની પાસેથી નાણાં પડાવ્યા હતા.આરોપીએ સંગીતા પટેલ ઉપરાંત અન્ય બે વ્યક્તિઓને પણ પોતાની જાળમાં ફસાવી કુલ રૂ. ૪૭ હજારથી વધુની રકમ પડાવી લીધી હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

પૂર્વ મહિલા કોર્પોરેટર સહિત સોસાયટીની મહિલાઓને ધમકી

અમદાવાદ, તા.૪

શહેરના સુભાષ બ્રિજ વિસ્તારમાં આવેલા મહેશ્વરી એપાર્ટમેન્ટના રિ-ડેવલપમેન્ટ પ્રોજેક્ટને લઈને વિવાદ વકર્યો છે. રિ-ડેવલપમેન્ટ માટે કરવામાં આવેલો MOU રદ થયા બાદ બિલ્ડર દ્વારા સોસાયટીની મહિલાઓ અને પૂર્વ મહિલા કોર્પોરેટરને ધમકી આપવામાં આવી હોવાના આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ મામલે ૬૩ વર્ષીય પૂર્વ મહિલા કોર્પોરેટર રંજનબહેન ચૌહાણની ફરિયાદના આધારે રાણીપ પોલીસે શિવાલય ઈક્કા બિલ્ડ પ્રા.લિ.ના બિલ્ડર તેજસ શંકરભાઈ પટેલ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૩માં મહેશ્વરી એપાર્ટમેન્ટના રિ-ડેવલપમેન્ટ માટે બિલ્ડર સાથે ૬૦ દિવસની સમયમર્યાદા ધરાવતો MOU કરવામાં આવ્યો હતો. જોકે, નિર્ધારિત સમયમર્યાદામાં કામ આગળ ન વધતાં સોસાયટીના

૫૦ લાખની ખંડણી કેસમાં પત્રકાર કૌશિક હિરપરાને આગોતરા જામીન મળ્યા

સિનિયર એડવોકેટ ઝમીર શેખની દલીલો બાદ સેશન્સ કોર્ટે રૂ.૫૦ હજારના બોન્ડ પર રાહત આપી

દ્રષ્ટિકોણ-સુરત, તા.૪

ગોડાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ખંડણીના કેસમાં પત્રકાર કૌશિક પટેલને સુરતની સેશન્સ કોર્ટે આગોતરા જામીન મંજૂર કર્યા છે. આરોપી તરફે હાજર રહેલા સિનિયર એડવોકેટ ઝમીર શેખે કરેલી દલીલોને ધ્યાને લઈ કોર્ટે રૂ.૫૦,૦૦૦ના બોન્ડ પર જામીન મંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૧૪માં ફરિયાદીએ ગોડાદરાની એસ.કે. નગર સોસાયટીમાં આવેલા પ્લોટ નંબર ૧૧૬, ૧૧૭ અને ૧૧૮ કબજા રસીદથી ખરીદ્યા હતા. વર્ષ ૨૦૧૫માં પ્લોટ પર બાંધકામ શરૂ કરવામાં આવ્યું ત્યારે લોકલ ચેનલ સાથે સંકળાયેલા પત્રકાર કૌશિક પટેલે મિલકત પર માલિકીનો દાવો કરી રૂ.૫૦ લાખની માંગણી કરી હોવાનો અને રૂ.૬ લાખ રોકડા લીધા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૨૬માં ફરીથી રૂ.૧ લાખ લીધાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આરોપી તરફે સિનિયર એડવોકેટ ઝમીર શેખે કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે ફરિયાદમાં દર્શાવાયેલી મુખ્ય ઘટના વર્ષ ૨૦૧૫ની છે, જ્યારે એફઆઈઆર વર્ષ ૨૦૨૬માં નોંધાવવામાં આવી છે. વધુમાં, ૨૬ માર્ચ, ૨૦૧૮ના રોજ નોંધાયેલા નિવેદનમાં નાણાંની માંગણી અંગે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોવાનું પણ રજૂ કરાયું હતું. બચાવ પક્ષે વધુમાં દલીલ કરી હતી કે સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા પર આધારિત હોવાથી આરોપીની કસ્ટોડિયલ પૂછપરછની જરૂરિયાત નથી. કોર્ટે એફઆઈઆર નોંધાવવામાં થયેલો વિલંબ, કેસનું દસ્તાવેજી સ્વરૂપ અને આરોપીનો કોઈ પૂર્વ ગુનાહિત ઈતિહાસ ન હોવા સહિતના મુદ્દાઓ ધ્યાને લીધા હતા. ત્યારબાદ કોર્ટે રૂ.૫૦,૦૦૦ના બોન્ડ પર પત્રકાર કૌશિક હિરપરાના આગોતરા જામીન મંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

સુરતના મોહસિન અલીમોહમ્મદ શેઠને 'ભારત ભૂષણ પુરસ્કાર ૨૦૨૬' મળ્યો



દ્રષ્ટિકોણ-સુરત: સુરતના જાણીતા યુવા ઉદ્યોગસાહસિક, પાવરલિફ્ટર મિ. મોહસિન અલીમોહમ્મદ શેઠને તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ જીવરાન ફાઉન્ડેશન દ્વારા 'ભારત ભૂષણ પુરસ્કાર ૨૦૨૬' (એક્સક્લુઝિવ ગ્લોબલ ઓનર)થી સન્માનિત કરવામાં આવ્યા છે. તેઓ પોતાના ક્ષેત્રમાં સતત શ્રેષ્ઠ કામગીરી કરીને સુરત અને સમગ્ર ગુજરાતનું નામ રોશન કરી રહ્યા છે. આ અદ્ભુત સફળતા બદલ મિત્રો, પરિવારજનો અને શુભેચ્છકો દ્વારા તેમને ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

PLI યોજનાની અવધિ વધારાતા ટેક્સટાઈલ ક્ષેત્રે ખુશીનો માહોલ

ટેક્સ. ગારમેન્ટ ટ્રેડ ઈન્ડ.ના રાષ્ટ્રીય ચેરમેન ચંપાલાલ બોથરાએ નિર્ણયને આવકાર્યો, ઉદ્યોગને વૈશ્વિક સ્તરે આગળ વધવાની તક સાંપડશે

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૪

કેન્દ્ર સરકાર દ્વારા ટેક્ષટાઈલ ક્ષેત્રની પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાના ચોથા ચરણની જાહેરાત, તેની અવધિ નાણાકીય વર્ષ ૨૦૩૩-૩૪ સુધી વધારવા અને ઓનલાઈન અરજી પૉર્ટલ ફરીથી ખોલવાના ઐતિહાસિક નિર્ણયનું દેશભરના ટેક્ષટાઈલ તેમજ ગારમેન્ટ ઉદ્યોગ દ્વારા જોરદાર સ્વાગત કરવામાં આવ્યું છે. ટેક્ષટાઈલ ગારમેન્ટ ટ્રેડ ઈન્ડસ્ટ્રીઝના રાષ્ટ્રીય ચેરમેન ચંપાલાલ બોથરાએ આ નિર્ણયને ભારતીય ટેક્ષટાઈલ ઉદ્યોગ માટે ગેમ-ચેન્જર ગણાવ્યો છે. સરકાર દ્વારા લેવાયેલા આ પગલાંથી મધ્યમ કદના ઉત્પાદકો અને વધુ પાત્ર ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે આગળ વધવાની મોટી તક મળશે.

સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયની મુખ્ય વિશેષતાઓમાં સૌથી મોટું આકર્ષણ ન્યૂનતમ ટર્નઓવરની મર્યાદા રૂ.૨૦૦ કરોડથી ઘટાડીને રૂ.૧૦૦ કરોડ કરવાનું છે. આ ફેરફારથી મધ્યમ કદના ઉત્પાદકો અને એમ.એસ.એમ.ઈ. (MSMEs) એકમો પણ આ યોજનામાં સરળતાથી જોડાઈ શકશે. અગાઉ આ યોજના વર્ષ ૨૦૨૯-૩૦ સુધી જ નિર્ધારિત હતી, જેને હવે લંબાવીને ૨૦૩૩-૩૪ સુધી કરવામાં આવી છે. આ દીર્ઘકાલીન વિસ???થી ઉત્પાદકોને લાંબા ગાળાના રોકાણ અને ઉત્પાદન ક્ષમતા વધારવા માટે પૂરતો સમય મળશે.

કેન્દ્રીય વસ્ત્ર મંત્રાલય દ્વારા પીએલઆઈ યોજનાના રાઉન્ડ-૪ માટે ઓનલાઈન અરજી પૉર્ટલ ૧ નવેમ્બર ૨૦૨૬થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી પુનઃ ખોલવામાં આવ્યું છે. આ ઉપરાંત, રાઉન્ડ-૧, ૨ અને ૩ ના એવા પાત્ર અરજદારો કે જેમણે હજુ સુધી પ્રોત્સાહન મેળવ્યું નથી, તેઓને પણ નિયત શરતો અનુસાર રાઉન્ડ-૪ માં માઈગ્રેટ કરવાનો સારો વિકલ્પ પૂરો પાડવામાં આવ્યો છે. આ યોજના હેઠળ મુખ્યત્વે મેન-મેડ ફાઈબર (MMF) એપેરલ, એમએમએફ ફેબ્રિક્સ અને ટેકનિકલ ટેક્ષટાઈલ એમ ત્રણ પ્રમુખ ક્ષેત્રો પર વિશેષ ફોકસ કરવામાં આવ્યું છે, જેનાથી ભારતની વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક શક્તિ મજબૂત બનશે.

ચંપાલાલ બોથરાએ જણાવ્યું હતું કે ભારતનો ટેક્ષટાઈલ ઉદ્યોગ રોજગારી, નિકાસ અને અર્થવ્યવસ્થાનો મુખ્ય પાયો છે. ચીન, બાંગ્લાદેશ અને નામ જેવા દેશોની સરખામણીમાં ભારતે પોતાની ઉત્પાદન ક્ષમતા વધારવી અનિવાર્ય છે. વિશેષરૂપે સુરત દેશનું અગ્રેસર એમએમએફ (MMF) ટેક્ષટાઈલ કેન્દ્ર હોવાથી અહીંના ઉત્પાદકો માટે નવા એકમો સ્થાપવાની અને આંતરરાષ્ટ્રીય બજારમાં હિસ્સેદારી વધારવાની સુવર્ણ તક ઊભી થઈ છે. તેમણે દેશભરના ટેક્ષટાઈલ અને ગારમેન્ટ ઉત્પાદકોને સમયમર્યાદા એટલે કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ પહેલાં સક્રિયપણે અરજી કરવા અપીલ કરી છે. આ ઐતિહાસિક નીતિ આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.

દિવાળી-છઠ્ઠની ભીડ વચ્ચે રેલવેનો વધુ એક મોટો નિર્ણય

સુરત-ઉધના સ્ટેશન પર પથી ૧૫ નવેમ્બર સુધી પાર્સલ બુકિંગ અને હેન્ડલિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ

મુસાફરોની અવરજવર સરળ બનાવવા નિર્ણય, લીઝ્ડ પાર્સલ ધારકોને કરોડોના નુકસાનની ભીતિ

દ્રષ્ટિકોણ-સુરત: દિવાળી અને છઠ્ઠ પૂજાના તહેવારો દરમિયાન વતન જવા માટે નીકળતા મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા સુરત અને ઉધના રેલવે સ્ટેશનો પર વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુસાફરોની સુરક્ષા, પ્લેટફોર્મ પર ભીડનું નિયંત્રણ અને ટ્રેનોમાં સરળતાથી ચઢવા-ઉતરવાની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે બંને સ્ટેશનો પર પાર્સલ બુકિંગ અને હેન્ડલિંગની તમામ પ્રવૃત્તિઓ પર અસ્થાયી સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મુંબઈના ચર્ચગેટ સ્થિત પશ્ચિમ રેલવેના પ્રિન્સિપલ ચીફ કોમર્શિયલ મેનેજરની કચેરી દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર ૫ નવેમ્બરથી ૧૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી આ પ્રતિબંધ અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન રેલવેના વિભાગીય પાર્સલ તેમજ લીઝ્ડ પાર્સલ ટ્રાફિકની ઈનવર્ડ અને આઉટવર્ડ બુકિંગ સંપૂર્ણપણે બંધ રહેશે. દિવાળી અને છઠ્ઠ પૂજાના કારણે ખાસ કરીને ઉત્તર પ્રદેશ, બિહાર સહિત અન્ય રાજ્યો તરફ જતી સ્પેશિયલ ટ્રેનોમાં મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

ઉધના સ્ટેશન પર તો મુસાફરોની અવરજવરનું પ્રમાણ ખૂબ જ વધી જાય છે. આવી સ્થિતિમાં પાર્સલની બોરીઓ, મોટા પેકેટો, ટ્રોલીઓ તેમજ માલસામાનની લોડિંગ-અનલોડિંગ કામગીરીને કારણે પ્લેટફોર્મ પર અવરજવરમાં અવરોધ ઊભો થવાની શક્યતા રહે છે. રેલવે તંત્રના મતે પાર્સલ પ્રવૃત્તિઓ બંધ રાખવાથી પ્લેટફોર્મ પર પૂરતી જગ્યા ઉપલબ્ધ થશે અને મુસાફરોની અવરજવર સરળ બનશે. સાથે જ અતિશય ભીડને કારણે નાસભાગ જેવી પરિસ્થિતિ સર્જાતી અટકાવવામાં પણ મદદ મળશે. આ પ્રતિબંધ સુરત અને ઉધના સ્ટેશનથી શરૂ થતી અથવા ત્યાં મુસાફરી પૂર્ણ કરતી તમામ ટ્રેનો માટે લાગુ પડશે. આ ઉપરાંત અન્ય રેલવે ડિવિઝનમાંથી આવતી એવી પાસિંગ ટ્રેનો પણ પ્રતિબંધ હેઠળ રહેશે, જે પાર્સલની લોડિંગ કે અનલોડિંગ માટે સુરત અથવા ઉધના સ્ટેશનો પર રોકાતી હોય. ધારકોને ફાળવવામાં આવ્યું છે.

તહેવારોની સિઝન દરમિયાન પાર્સલ બુકિંગ, લોડિંગ અને અનલોડિંગ બંધ રહેતાં લીઝ ધારકોને કરોડો રૂપિયાનું નુકસાન થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. રેલવે તંત્રએ સ્પષ્ટતા કરી છે કે મુસાફરો પોતાના સામાન્ય અંગત સામાનને નિયમો અનુસાર ટ્રેનના કોચમાં લઈ જઈ શકશે. આ ઉપરાંત તમામ નિર્ધારિત વ્યાપારી નિયમોનું પાલન કરીને નોંધાયેલાં અખબારો અને સામયિકોની બુકિંગ સેવા યથાવત્ ચાલુ રહેશે. તહેવારોની ભીડ ઓછી થયા બાદ પાર્સલ સેવાઓ ફરી પૂર્વવત્ શરૂ કરવામાં આવશે.

મહારાણા પ્રતાપ શાળાના બે વડીલ શિક્ષકોનો ભાવસભર વિદાય સમારોહ યોજાયો



દ્રષ્ટિકોણ-સુરત: નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત નાના વરાછા સ્થિત મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા ક્રમાંક ૨૭૨ના બે વડીલ શિક્ષકો હસમુખભાઈ ચૌહાણ અને અરજણભાઈ બાથાણી વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં શાળા પરિવાર દ્વારા ભાવસભર વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ સુમધુર પ્રાર્થના અને મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય મિતેશભાઈ પ્રજાપતિએ ઉપસ્થિત મહેમાનો અને સ્નેહીજનોનું શબ્દપુષ્પ તથા પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે નિવૃત્ત થઈ રહેલા બંને શિક્ષકોના સ્નેહીજનો, સાથી શિક્ષકો કનુભાઈ બેલડિયા તથા ઈ.એમ. ચેરિટેબલ ટ્રસ્ટના પ્રતિનિધિ બાબુભાઈ વિરડિયાએ બંને શિક્ષકોના લાંબા શૈક્ષણિક કાર્યકાળનાં સંસ્મરણો વાગોળી તેમની સેવાઓને બિરદાવી હતી. શિક્ષક ચમનભાઈ ચોપડાએ સન્માનપત્રનું ભાવવાહી વાચન કર્યું હતું. શાળા પરિવારના શિક્ષક ભાઈ-બહેનો દ્વારા હસમુખભાઈ ચૌહાણ અને અરજણભાઈ બાથાણીને પુષ્પહાર, શાલ, શ્રીફળ, શુકનનો પડો, સન્માનપત્ર અને સ્મૃતિભેટ અર્પણ કરી સન્માનપૂર્વક વિદાય આપવામાં આવી હતી. પ્રત્યુત્તરમાં બંને નિવૃત્ત શિક્ષકોએ શાળા પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી અને પોતાની શૈક્ષણિક સફરની યાદો તાજી કરતાં ભાવુક બન્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ તથા સંગીત શિક્ષક દિલીપભાઈ વડિયા દ્વારા રજૂ કરવામાં આવેલા વિદાયગીતે વાતાવરણને લાગણીસભર બનાવી દીધું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શાળાના શિક્ષક રાજેશકુમાર ધામેલિયાએ કર્યું હતું. અંતે શાળા પરિવાર દ્વારા ઉપસ્થિત તમામ મહેમાનો, સ્નેહીજનો અને શુભેચ્છકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. વર્ષો સુધી જ્ઞાન અને સંસ્કારનું સિંચન કરનારા બંને શિક્ષકોને શાળા પરિવારે હૃદયપૂર્વક વિદાય આપી હતી.

દિવાળી વેકેશનમાં સુરતીઓ માટે ખુશખબર, નેચરપાર્ક હવે સોમવારે પણ ખુલ્લું રહેશે

પથી ૨૫ નવેમ્બર સુધી વિશેષ વ્યવસ્થા: મુલાકાતીઓની વધતી ભીડને ધ્યાનમાં રાખી SMCનો નિર્ણય, બાળકો અને પરિવારજનોને વેકેશનમાં પ્રાણીઓ-પક્ષીઓને નિહાળવાની મળશે વધારાની તક

દ્રષ્ટિકોણ-સુરત, તા. ૪

દિવાળી વેકેશનમાં પરિવાર સાથે ફરવા નીકળતા સુરતીઓ માટે ખુશખબર છે. વેકેશન દરમિયાન પ્રાણીસંગ્રહાલયની મુલાકાતે આવતા લોકોની સંખ્યામાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે દર સોમવારે બંધ રહેતું સુરતનું નેચરપાર્ક હવે દિવાળી વેકેશન દરમિયાન સોમવારે પણ મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે.

સુરત મહાનગરપાલિકાની જાહેરાત મુજબ, તા. ૫ નવેમ્બરથી ૨૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી દિવાળી વેકેશનના સમયગાળા દરમિયાન આવતા તમામ સોમવારે પણ નેચરપાર્ક જાહેર જનતા માટે ખુલ્લું રાખવામાં આવશે. સામાન્ય દિવસોમાં પ્રાણીસંગ્રહાલયની જાળવણી અને અન્ય વ્યવસ્થાઓ માટે સોમવારનો દિવસ સાપ્તાહિક રજા તરીકે રાખવામાં આવે છે.

જોકે, દિવાળી વેકેશનમાં બાળકો સહિત મોટી સંખ્યામાં લોકો પરિવાર સાથે ફરવા નીકળતા હોવાથી મુલાકાતીઓને વધુ એક દિવસ નેચરપાર્કની મુલાકાત લેવાની તક મળી રહે તે હેતુથી આ વિશેષ નિર્ણય કરાયો છે.

આ નિર્ણયથી વેકેશનમાં બાળકોને વિવિધ વન્યજીવો, પ્રાણીઓ અને પક્ષીઓને નજીકથી નિહાળવાની સાથે પ્રકૃતિ વિશે જાણવાની તક મળશે. પરિવાર સાથે સમય વિતાવવા માટે નેચરપાર્ક પસંદ કરતા સુરતીઓ માટે સોમવારની વધારાની સુવિધા આકર્ષણનું કેન્દ્ર બનશે.

ચામડી બાળતી ગરમી, તાપમાન ૩૬.૭ ડિગ્રીને પાર

સુરત, તા. ૪

દિવાળીના તહેવારો શરુ થઈ રહ્યા છે પરંતુ લોકોને હજુ ગરમીથી રાહત મળી નથી. આજે મહત્તમ તાપમાન ૩૬.૭ ડિગ્રીને પાર કરી જતાં લોકોએ ચામડી બાળતી ગરમીનો અનુભવ કર્યો હતો. ખાસ તો રાત્રે પણ હજુ ઠંડક શરુ થઈ નથી.

સુરત અને ગુજરાત રાજ્યના ઋતુચક્ર મુજબ મોટાભાગે નવરાત્રીથી રાત્રીની ઠંડક શરુ થઈ જતી હોય છે. લઘુત્તમ તાપમાન ક્રમશઃ ઘટતું જાય છે, એટલું જ નહીં, દિવસના સમયે પણ મહત્તમ તાપમાન ઘટવા લાગે છે અને ગરમીથી રાહત વળતી હોય છે.

પરંતુ આ વર્ષે નવરાત્રી તો ઠીક, દિવાળીના તહેવારો શરુ થવા લાગ્યા છે છતાં રાત્રીની ઠંડક ગાયબ છે. આજે દિવસે મહત્તમ તાપમાન ગઈકાલ કરતાં ૦.૭ ડિગ્રી વધીને ૩૬.૭ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ ૨૪.૫ ડિગ્રી જેટલું ઊંચું રહ્યું હતું. દિવસે હજુ પણ ચામડી દઝાડતી ગરમી વચ્ચે હવે લોકો શંકા કરી રહ્યા છે કે શિયાળો આવશે ખરો કે નહીં?

પ્રેસનોટ/જાહેરાત માટે સંપર્ક કરો | 96876 77873 | 90160 19491

લેડી વિલ્સન મ્યુઝિયમમાં મહાપુરુષોની ગેલેરીની માગણી વચ્ચે મૂળ ઓળખ સામે સવાલ



એક ગેલેરી બની તો બીજીની માગણી કેમ? ઐતિહાસિક સંગ્રહાલયને ધાર્મિક પ્રદર્શન કેન્દ્ર બનાવવાની દિશામાં તો પગલાં નથી ને?: શ્રીમદ્ રાજચંદ્રજીની ચિત્ર ગેલેરી બાદ અન્ય મહાપુરુષોને સ્થાન આપવાની રજૂઆત

દ્રષ્ટિકોણ-વલસાડ, ધરમપુરનું ઐતિહાસિક લેડી વિલ્સન મ્યુઝિયમ શું હવે મહાપુરુષો અને સંતોની અલગ-અલગ ગેલેરીઓ ઊભી કરવાનું સ્થળ બનશે? ૧૧ હજારથી વધુ એન્ટિક અને દુર્લભ વસ્તુઓનો અમૂલ્ય વારસો ધરાવતા આ સંગ્રહાલયમાં એક વિશેષ ચિત્ર ગેલેરીના નિર્માણ બાદ અન્ય મહાપુરુષોને પણ સ્થાન આપવાની માગણી ઊઠતાં સંગ્રહાલયના મૂળ હેતુ અને ભવિષ્યના સ્વરૂપ અંગે ચર્ચા શરૂ થઈ છે. સવાલ મહાપુરુષોના સન્માનનો નથી, પરંતુ ઐતિહાસિક સંગ્રહાલયની ઓળખ જાળવવાનો છે.તા. ૨૩ માર્ચ, ૨૦૨૫ના રોજ શ્રીમદ્ રાજચંદ્રજીનાં ૧૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે અહીં વિશેષ ચિત્ર ગેલેરી બનાવવામાં આવી હતી. જોકે, આ પ્રદર્શનની સમયમર્યાદા અંગે ગૂગલ પર ૩૫ દિવસનો ઉલ્લેખ જોવા મળે છે. તો પછી આ ગેલેરીની વર્તમાન સ્થિતિ શું છે? તે કામચલાઉ હતી કે કાયમી ધોરણે

રાખવામાં આવી છે? આ અંગે સત્તાવાર સ્પષ્ટતા થવી જરૂરી છે

આ ગેલેરી બાદ ડૉ. નીરવ મુલાભાઈ પટેલે ધરમપુર અને આસપાસના વિસ્તારમાં યોગદાન આપનારા સંતો તથા મહાપુરુષો માટે પણ ગેલેરી ઊભી કરવાની માગણી કરી છે. તેમાં મહારાણી કુશળ કુંવરબાઈના આમંત્રણથી ધરમપુર પધારેલા સહજાનંદ સ્વામી, વર્ષ ૧૬૩૨માં ધરમપુર પધારેલા છત્રપતિ શિવાજી મહારાજ અને ધરમપુરના રાજપરિવાર તથા પુરાતત્ત્વ વિભાગ સાથે નિકટનો સંબંધ ધરાવતા સંતશિરોમણી શ્રી દિત્યા બાપાજીની સ્મૃતિઓનો સમાવેશ કરવાની રજૂઆત છે. આ ઉપરાંત સર્વોદય ટ્રસ્ટ દ્વારા ધરમપુર-કપરાડા વિસ્તારમાં થયેલાં ગાંધીવાદી પ્રેરિત આવાસલક્ષી સેવાકાર્યોની વિગતો પણ રજૂ કરવાની વાત છે.

એક ગેલેરી પછી બીજી, તો અંત ક્યાં?

મહાપુરુષોનું જીવન, કાર્ય અને સમાજસેવા નવી પેઢી સુધી પહોંચે તે આવકાર્ય છે. પરંતુ એક સંપ્રદાય કે મહાપુરુષ માટે ગેલેરી બનાવ્યા બાદ અન્ય સંપ્રદાયો અને મહાનુભાવો માટે પણ સમાન માગણીઓ ઊઠે તો સંગ્રહાલયનું સ્વરૂપ કઈ દિશામાં જશે? શું દરેક મહાપુરુષ માટે અલગ ગેલેરી ઊભી કરવી શક્ય છે? અને જો આવું થાય તો મ્યુઝિયમના મૂળ ઐતિહાસિક સંગ્રહો માટેનું સ્થાન અને પ્રાથમિકતા શું રહેશે?લેડી વિલ્સન મ્યુઝિયમની સ્થાપના કોઈ એક ધર્મ કે સંપ્રદાયના પ્રચાર માટે નહીં, પરંતુ જ્ઞાન, જિજ્ઞાસા અને ઐતિહાસિક સમજ વિકસાવવાના હેતુથી થઈ હતી. અહીં હસ્તકલા, માનવશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર જેવા વિષયોના સંગ્રહો તેની આગવી ઓળખ છે. આ ઓળખને બદલે તેને ધીમે ધીમે ધાર્મિક અને વ્યક્તિ વિશેષની સ્મૃતિ ગેલેરીઓના કેન્દ્રમાં ફેરવવામાં આવે તો મૂળ સ્થાપનાના ઉદ્દેશ સામે પ્રશ્નો ઊભા થવાના જ છે.

સન્માન પણ જળવાય અને સંગ્રહાલયની ગરિમા પણ

મહાપુરુષોના યોગદાનને સ્થાન આપવા માટે મ્યુઝિયમમાં વિશેષ માહિતીપટ, સમયબદ્ધ પ્રદર્શન કે ઐતિહાસિક સંદર્ભ આધારિત સંકલિત ગેલેરી જેવા વિકલ્પો વિચારવા યોગ્ય છે. પરંતુ આ માટે સ્પષ્ટ નીતિ, સમાન માપદંડ અને નિષ્ણાતોની સલાહ અનિવાર્ય છે.

હવે સવાલ સંગ્રહાલયના સંચાલકો અને સંબંધિત તંત્ર સમક્ષ છે : શ્રીમદ્ રાજચંદ્રજીની ગેલેરી કાયમી છે કે કામચલાઉ? અન્ય મહાપુરુષોની ગેલેરી માટે કોઈ નીતિ નક્કી થઈ છે? અને સૌથી મહત્ત્વનું, ૧૧ હજારથી વધુ દુર્લભ ઐતિહાસિક વસ્તુઓ ધરાવતા લેડી વિલ્સન મ્યુઝિયમનું મૂળ ગૌરવ જાળવવા શું આયોજન છે?મહાપુરુષોનું સન્માન થવું જ જોઈએ, પરંતુ તેના નામે ઐતિહાસિક સંગ્રહાલયની ઓળખ ધૂંધળી ન થવી જોઈએ. મ્યુઝિયમને મ્યુઝિયમ જ રહેવા દેવું એ જ તેના વારસાનું સાચું જતન છે.

'Know Your Vot'

યુવા સંવાદમાં ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે યુવાનોને મતદાનનું મહત્ત્વ સમજાવ્યું



લોકશાહીની મજબૂતી માટે યુવાનોની સક્રિય ભાગીદારી અનિવાર્ય : 'વિકસિત ભારત જ૨૦૪૭'ના સંકલ્પમાં યુવા શક્તિની નિર્ણાયક ભૂમિકા

દ્રષ્ટિકોણ-વલસાડ, ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય અંતર્ગત જિલ્લા યુવા અધિકારી કચેરી, માય ભારત વલસાડ દ્વારા રક્ષ્ટ્ર શ્રોફ રોફેલ યુનિવર્સિટી ખાતે 'વિકસિત ભારત યુવા સંવાદ – Know Your VOe' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યુવાનો સાથે લોકશાહી, મતદાનનું મહત્ત્વ અને રાષ્ટ્રના વિકાસમાં યુવા શક્તિની ભૂમિકા અંગે વિચારવિમર્શ કર્યો હતો.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, વાપી મહાનગરપાલિકાનાં મેયર દક્ષાબેન પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી રાજેશ્રીબેન ટંડેલ, જિલ્લા યુવા અધિકારી આયુષ ચૌધરી તથા 'વિકસિત ભારત' યુવા આઈકન ગણપતસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.'Know Your Vot'ની થીમ પર યોજાયેલા સંવાદમાં અરવિંદભાઈ પટેલે મતદાનને માત્ર અધિકાર નહીં, પરંતુ જવાબદાર નાગરિક તરીકેની ફરજ ગણાવી યુવાનોને લોકશાહી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી માટે પ્રેરિત કર્યા હતા. તેમણે યુવાનોના પ્રશ્નો અને મંતવ્યો સાંભળી મતાધિકારનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવા તેમજ સમાજમાં મતદાન અંગે જાગૃતિ ફેલાવવા અનુરોધ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે યુવાનો દેશની લોકશાહી અને વિકાસયાત્રાના મહત્ત્વના ભાગીદાર છે. તેમની સજાગ ભાગીદારી લોકશાહીને વધુ મજબૂત બનાવવાની સાથે 'વિકસિત ભારત @2047'ના લક્ષ્યને સાકાર કરવામાં નિર્ણાયક સાબિત થશે.

સંવાદ દરમિયાન યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના વિચારો રજૂ કર્યા હતા. યુવાનોમાં મતદાન જાગૃતિ વધારવા, લોકશાહી મૂલ્યોનું સંવર્ધન કરવા અને રાષ્ટ્રનિર્માણમાં તેમની જવાબદારી પ્રત્યે સભાનતા કેળવવાના હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો.





વાંસદા ગ્રામ પંચાયતના ગાંધીનગર ફળિયામાં ગંદા પાણીથી ઉભરાતી ગટરોઃ તંત્ર ધ્યાન દોરશે ખરું ?

દ્રષ્ટિકોણ-વાંસદા, વાંસદા તાલુકા અને વાસદા ગ્રામ પંચાયત નગર માં ગામના વચ્ચે આવેલું ગાંધીનગર ફળિયા નું ગંદકીથી ખદબદતું શરમજનક દ્રશ્ય સામે આવ્યું છે.

નવસારી જીલ્લા કલેક્ટર તથા તાલુકા જિલ્લા અધિકારી આ ગંભીર બાબતને ધ્યાને લઈ સમસ્યાનુ નિરાકરણ કરે તેવી લોકમાંગ ઉઠી છે.

સરકાર તરફથી સ્વછતા અભિયાન બાબતે મોટા મોટા ભાષણ આપવામાં આવે છે ત્યારે આ ગાંધીનગર ફળિયાનું ગંદકી ભર્યું દ્રશ્ય કેટલું યોગ્ય ગણાય ? જાગૃત નાગરિક નું કહેવું છે કે આતો ગામના એક જ વોર્ડ ની સમસ્યા સામે આવી છે પરંતુ ગામના અન્ય વોર્ડમાં પણ ઘણી સમસ્યા યથાવત છે.પાંચ પાંચ વર્ષની વોર્ડની કામગીરી માટે સરકાર દ્વારા જે ગ્રાન્ટો ફાળવવામાં આવે છે તે ગ્રાન્ટ ક્યાં ગઈ ક યા ક યા વિકાસના કામોમાં વપરાઈ છે કે પછી સત્તાધિશોએ પોતાના વિકાસ માં વાપરી છે.તે પણ એક મોટો સવાલ ઉભો થયો છે.

આ બાબતે હકીકત ની સત્ય માહિતી માટે જાગૃત નાગરિક કરશે વાસદા પંચાયત માં લેખિત હિસાબની માંગણી ની અરજી એટલે કે આર.ટી.આઈ કરશે.

ગ્રામ પંચાયત માં વિકાસના કામો માટે વોર્ડ દીઠ પાંચ વર્ષમાં કેટલી ગ્રાન્ટો આવી છે, કયા કયા કામોમાં વપરાઈ છે, કેટલા કામો થયા છે અને કેટલા બાકી છે જેની સંપૂર્ણ માહિતી જાગૃત નાગરિકને ગામના પ્રજાજનોને હિસાબ આપવા પંચાયત તરફથી હીસાબ મળશે કે કેમ? એ પણ એક મોટો સવાલ ઊભો છે.

આ ગાંધીનગર ફળિયા વાસદા ગ્રામ પંચાયત ના વચ્ચે આવેલું ફળિયુ છે.જ્યાં દર વર્ષે વર્ષોથી ચોમાસામાં ચાર ચાર ફૂટ ઘરોમાં પાણી ભરાઈ જાય છે પરંતુ વર્ષોથી કેટલા સરપંચ અને સભ્ય ચૂંટાઈને આવ્યા અને ગયા છતાં કોઈને આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં રસ નથી. આ દ્રશ્યમાં ચોમાસા બાદ પણ ચોમાસા જેવી સ્થિતિ હાલમાં ગંદા પાણી થી ઉભરાતી ગટર અને નાળા નું અધૂરું કામ જોવા મળે છે.

પાંચ પાંચ વર્ષ પૂરા થવા છતાં પણ કોઈ નેતા કે સરપંચ કે સભ્ય આ વિસ્તારમાં સમસ્યા શું છે પૂછવા નથી આવતા જ્યારે જ્યારે ચૂંટણી આવે છે ત્યારે આ ગાંધીનગર ની ભોળી પ્રજાને ફક્ત પોતાના સ્વાર્થ અને મત માટે ઉપયોગમાં લેતા હોય છે તેવું સ્થાનિકોનું કહેવું છે. આ ગંદકી ના કારણે સ્થાનિકોના સ્વાસ્થ્ય પર ખૂબ જ ગંભીર અસર થાય તેવી શક્યતા છે આ ગંદકીના કારણે મચ્છરના ઉપદ્રવ વધુ હોવાથી આજુબાજુના સ્થાનિકો ને ડેન્ગ્યુ મેલેરીયા થી રોગચાળો ફાટવાની સંભાવના છે તંત્ર આ ગંભીર સમસ્યા નું કયારે નિવારણ કરશે એ હવે જોવાનું રહયું.

એક્સાઇઝ વિભાગની કામગીરી સામે સવાલો

દમણના ભીમપોરમાં કમલા વાઈન શોપ પર પોલીસની મોટી રેડ

દ્રષ્ટિકોણ-દમણ: સંઘપ્રદેશ દમણમાં ગેરકાયદેસર દારૂના વેચાણ અને હેરાફેરી સામે દમણ પોલીસે લાલ આંખ કરી છે. ભીમપોર સ્થિત 'કમલા વાઈન શોપ' પર પોલીસે દરોડો પાડીને ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલી ૫૦૦થી વધુ દારૂ તેમજ બિયરની પેટીઓ ઝડપી પાડી છે. આ કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી ૧૦થી વધુ વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા હોવાની પ્રાથમિક વિગતો મળી રહી છે.કડૈયા કોસ્ટલ પોલીસ સ્ટેશનને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસ ટીમે કમલા વાઈન શોપ પર અચાનક દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન મોટા પાયે ગેરકાયદેસર દારૂ અને બિયરનો જથ્થો મળી આવતા પોલીસે સમગ્ર માલ જપ્ત કર્યો હતો અને કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવા માટે આ જથ્થો દમણ એક્સાઇઝ (આબકારી) વિભાગને સોંપવાની તજવીજ હાથ ધરી છે.નોંધનીય છે કે, દમણમાં ગેરકાયદેસર દારૂના વેચાણ, સંગ્રહ અને સપ્લાય પર નજર રાખવાની મુખ્ય જવાબદારી આબકારી વિભાગની છે. જોકે, પોલીસ દ્વારા સતત લાખો રૂપિયાનો ગેરકાયદે દારૂ પકડવામાં આવી રહ્યો છે, ત્યારે સ્થાનિક સ્તરે એક્સાઇઝ વિભાગની નિષ્ક્રિયતા સામે લોકમુખે ભારે ચર્ચા જાગી છે. લોકોમાં સવાલો ઊઠી રહ્યા છે કે જો પોલીસ જ સતત ગેરકાયદે અડ્ડાઓ અને વાઈન શોપ પર કાર્યવાહી કરતી હોય તો એક્સાઇઝ વિભાગનો સ્ટાફ કચેરીમાં બેસીને શું કરી રહ્યો છે?



૭૦ વર્ષની વયે પણ દોડમાં યુવાનોને ટક્કર આપતા ખેરગામના બે વરિષ્ઠ ખેલાડીઓ જિલ્લા કક્ષાએ વિજેતા

બાબુભાઈ એસ.ટી. મિકેનિક અને મણીલાલભાઈ નિવૃત્ત પ્રાથમિક શિક્ષકે વિવિધ સ્પર્ધામાં ઝળકાવી પ્રતિભા; હવે રાજ્યકક્ષાએ નવસારી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે



દ્રષ્ટિકોણ-ખેરગામ: રમતગમતમાં ઉંમર માત્ર એક આંકડો છે અને જો મનમાં જુસ્સો હોય તો ઉંમર પણ હિંમત સામે હારી જાય છે. આ વાત ખેરગામના બે વરિષ્ઠ ખેલાડીઓએ સાબિત કરી છે. ૭૦ વર્ષથી વધુ વય વટાવ્યા બાદ પણ યુવાનોને શરમાવે તેવો ઉત્સાહ અને શારીરિક ક્ષમતા દર્શાવી જિલ્લા કક્ષાની સિનિયર સિટીઝન દોડ સ્પર્ધામાં વિજય મેળવી ખેરગામ તાલુકાનું નામ રોશન કર્યું છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ઉપક્રમે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, નવસારી દ્વારા તા. ૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૮ કલાકે નવસારીની સર સી.જે.એન.ઝેડ. મદ્રેસા સ્કૂલના જમશેદ વાડી મેદાન ખાતે જિલ્લા કક્ષાની સિનિયર સિટીઝન દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધામાં ખેરગામ તાલુકાના વાળી ફળિયા, નાંધઈના નિવૃત્ત એસ.ટી. કર્મચારી બાબુભાઈ સામજીભાઈ પટેલે ૨૦૦ મીટરની દોડમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો, જ્યારે ૪૦૦ અને ૮૦૦ મીટરની દોડમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

બીજી તરફ ભૈરવીના વતની અને હાલ ગાંધીનગર ખાતે સ્થાયી થયેલા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક મણીલાલ લલ્લુભાઈ પટેલે ૫૦૦૦ મીટરની ઝડપી ચાલ અને ૧૫૦૦ મીટરની દોડ એમ બંને સ્પર્ધામાં દ્વિતીય ક્રમ મેળવી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો.

બંને વરિષ્ઠ ખેલાડીઓએ જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરી હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો માર્ગ મોકળો કર્યો છે. ૭૦ વર્ષથી વધુ વયે પણ મેદાનમાં યુવાનો જેવો જુસ્સો, સ્ફૂર્તિ અને શિસ્ત જાળવી રાખનાર આ બંને નિવૃત્ત કર્મચારીઓ ખરેખર અન્ય લોકો માટે પ્રેરણારૂપ બન્યા છે.

તાજેતરમાં નિવૃત્ત થયેલા ત્રણ દોડવીરોની ત્રિપુટીના અન્ય સભ્ય નિવૃત્ત પ્રાથમિક શિક્ષક પ્રવીણ ગુ. પટેલે બંને વિજેતાઓને અભિનંદન પાઠવી રાજ્યકક્ષાની સ્પર્ધામાં પણ સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

ઉંમર ભલે ૭૦ને પાર, પણ જુસ્સો હજુ યુવાનો જેવો! ખેરગામના આ બંને વરિષ્ઠ દોડવીરોએ સાબિત કર્યું કે રમતગમતમાં જીતવાની કોઈ ઉંમર હોતી નથી.



વલસાડ જિલ્લા વિકાસ અધિકારીનો અખત્યાર સંભાળતા વંદના મીણા

દ્રષ્ટિકોણ-વલસાડ,વલસાડ જિલ્લા વિકાસ અધિકારી તરીકે વંદના મીણાએ તેમનો અખત્યાર સંભાળી લીધો છે. ઉલ્લેખનીય છે કે, અતિરાગ ચપલોતની બદલી કચ્છ-ભુજ ખાતે કરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ અખત્યાર સંભાળી નવા જિલ્લા પંચાયત ભવનનું નિરીક્ષણ અને અધિકારીઓ પાસે કામગીરીની માહિતી મેળવી હતી. તત્કાલિન જિલ્લા વિકાસ અધિકારી પણ તેમની સાથે જોડાયા હતા. વંદના મીણા ભારતીય વહીવટી સેવામાં ગુજરાત કેડર ૨૦૨૨ બેચ અધિકારી અને રાજસ્થાનના વતની છે. તેમણે B.Sc. (Mathematics Honours)નો અભ્યાસ કર્યો છે. તેઓ અગાઉ મદદનીશ કલેકટર તરીકે મોડાસા, મદદનીશ કલેકટર કેશોદ, જુનાગઢ અને ઓકટોબર-૨૬ થી પ્રાયોજના વહીવટદાર મહિસાગર તરીકે ફરજ બજાવી ચુક્યા છે.



દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક એડિટોરિયલ
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
Thursday, 05 Noveber-2026
ગુરૂવાર, તા.૦૫/૧૧/૨૦૨૬

આજનું રાશિફળ

મેષ

નોકરીમાં નવી તક મળી શકે છે. વેપારમાં લાભના યોગ છે. આર્થિક સ્થિતિ સુધરશે. પરિવારમાં ખુશી રહેશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

વૃષભ

અટવાયેલાં કામ પૂર્ણ થઈ શકે છે. વેપારમાં જૂના સંપર્કોથી લાભ થશે. નાણાકીય સ્થિતિ સારી રહેશે. પરિવારનો સહયોગ મળશે.

મિથુન

નવી જવાબદારી મળી શકે છે. ધંધામાં નવી તક મળશે. આવક વધારવાના રસ્તા ખુલશે. સંબંધોમાં મધુરતા રહેશે.

કર્ક

કામમાં વિલંબ થઈ શકે છે. ખર્ચ વધવાની શક્યતા છે. કોઈની સાથે વાદવિવાદ ટાળવો. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

સિંહ

કાર્યક્ષેત્રમાં માન-સન્માન વધશે. વેપારમાં સારા સોદા મળી શકે છે. ધનલાભના યોગ છે. પરિવાર તરફથી ખુશીના સમાચાર મળશે.

કન્યા

મહેનતનું સારું પરિણામ મળશે. નોકરીમાં પ્રગતિ થશે. નાણાકીય સ્થિતિ સુધરશે. પરિવાર સાથે સારો સમય પસાર થશે.

તુલા

વેપારમાં નવી તક મળી શકે છે. નોકરીમાં પ્રગતિના સંકેત છે. આર્થિક લાભ થઈ શકે છે. જીવનસાથી સાથે સંબંધો મધુર રહેશે. અટવાયેલાં કામ આગળ વધશે.

વૃશ્ચિક

કામમાં જવાબદારી વધશે. રોકાણમાં ઉતાવળ ન કરવી. નાણાકીય લેવડદેવડમાં સાવચેતી રાખવી. પરિવાર સાથે સમજદારીથી વર્તવું.

ધન

નોકરીમાં નવી તક મળી શકે છે. ધંધામાં લાભ થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે. પરિવારમાં શુભ સમાચાર મળવાની શક્યતા છે.

મકર

કામમાં થોડો વિલંબ થઈ શકે છે. વેપારમાં સમજી-વિચારીને નિર્ણય લેવો. ખર્ચ પર નિયંત્રણ રાખવું. વડીલોની સલાહ ઉપયોગી રહેશે.

કુંભ

નવા પ્રોજેક્ટમાં સફળતા મળી શકે છે. વેપારમાં ભાગીદારીથી લાભ થશે. આવકના નવા સ્રોત મળી શકે છે. મિત્રોની મદદ મળશે.

મીન

નોકરીમાં પ્રગતિ થશે. વેપારમાં જૂના સંપર્કોથી લાભ થશે. આર્થિક સ્થિતિ સુધરશે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે.

આજનો મજેદાર જોક્સ

- મોબાઈલનું વ્યસન ??
- પત્નીઃ તમે આખો દિવસ મોબાઈલમાં શું જોયા કરો છો?
- પતિઃ દુનિયા ક્યાં જઈ રહી છે એ જોઉં છું!
- પત્નીઃ તો જરા રસોડામાં પણ જોઈ આવો, ત્યાં ગેસ ક્યાં જઈ રહ્યો છે!

આજની ખાસ ટિપ્સ

૧. સવારની શરૂઆતઃ ઊઠ્યા પછી એક ગ્લાસ નવશેકું પાણી પીવો અને ૫ મિનિટ હળવો વ્યાયામ કરો.
૨. પૈસાની ટિપ્સઃ નાની-નાની બિનજરૂરી ખરીદી ટાળો. રોજના ખર્ચની નોંધ રાખવાની ટેવ પાડો.
૩. ઘરની ટિપ્સઃ ફ્રિજમાં રાખેલા ખોરાકની તારીખ તપાસો અને જૂનો ખોરાક સમયસર દૂર કરો.
૪. મોબાઇલ ટિપ્સઃ સૂવાના ૩૦ મિનિટ પહેલાં મોબાઇલથી અંતર રાખો.
૫. આરોગ્ય ટિપ્સઃ ભોજનમાં લીલા શાકભાજી અને મોસમી ફળોનો સમાવેશ કરો.
૬. સુરક્ષા ટિપ્સઃ વાહન ચલાવતી વખતે મોબાઇલનો ઉપયોગ ન કરો અને હેલ્મેટ જરૂર પહેરો.
૭. સંબંધોની ટિપ્સઃ કોઈની વાત પૂરી સાંભળ્યા વગર જવાબ ન આપો. ક્યારેક મૌન પણ સંબંધ બચાવે છે.
૮. સફળતાની ટિપ્સઃ આવતીકાલનાં ત્રણ મહત્ત્વનાં કામ આજે જ નક્કી કરી લો.

ખાસ મંત્ર

"સમયનો યોગ્ય ઉપયોગ કરનાર વ્યક્તિને સફળતા મેળવતાં કોઈ રોકી શકતું નથી." ??

આજનો સુવિચાર

"જીવનમાં સફળ થવા માટે નસીબની નહીં, પરંતુ મજબૂત ઈરાદા અને સતત મહેનતની જરૂર હોય છે. કારણ કે નસીબ ક્યારેક સાથ છોડી શકે, પણ મહેનત ક્યારેય વ્યર્થ જતી નથી."

ભારતની વ્યાવહારિક વિદેશ નીતિ

તંત્રી લેખ

આંતરરાષ્ટ્રીય સંબંધમાં હંમેશાં આદર્શવાદ અને યથાર્થવાદ વચ્ચેનો રસ્તો પસંદ કરવાની દુવિધા હોય છે. આદર્શવાદ વસ્તુતઃ નૈતિક મૂલ્યો અને નીતિગત સિદ્ધાંતોનો રસ્તો છે. આદર્શવાદમાં વિશ્વાસ કરનારા દેશ આ જ રસ્તે ચાલીને વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ માટે હળીમળીને કામ કરે છે. બીજી તરફ યથાર્થવાદ સિદ્ધાંતથી વધુ વ્યવહારિક પક્ષ પર ભાર મૂકે છે. તેમાં રાષ્ટ્રીય હિત, શક્તિ સંતુલન અને અસ્તિત્વ બચાવવા જેવા પાસાં દેશોના કાર્ય-વ્યવહારને નિર્ધારિત કરે છે. ઐતિહાસિક રૂપે જોઈએ તો ભારત આદર્શવાદની ધારાનું ધ્વજવાહક રહ્યું છે. શીત યુદ્ધ દરમ્યાન ભારતે જૂથનિરપેક્ષતા જેવા આંદોલનનું નેતૃત્વ કરતાં શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વના સિદ્ધાંતને પ્રાથમિકતા આપી. આ દષ્ટિકોણ ભારતની દાર્શનિક પરંપરાઓ અને પ્રથમ વડાપ્રધાન નેહરુના નેતૃત્વની દેન હતી, જેમણે પરસ્પર સન્માન અને સહયોગ પર આધારિત વિશ્વની સંકલ્પના કરી હતી. જોકે પાછલા એક દાયકા દરમ્યાન ભારતના વિદેશ નીતિ પરિદશ્યમાં વ્યાપક પરિવર્તન આવ્યું છે. દેશ હવે વધુ વ્યાવહારિક વિદેશ નીતિ તરફ અગ્રેસર છે.વ્યાવહારિક વિદેશ નીતિનો મતલબ એ નથી કે ભારત પોતાના આદર્શવાદી મૂળથી બિલકુલ કપાઈ ગયું છે. વાસ્તવમાં ભારતે ચતુરાઈપૂર્વક રણનીતિ અપનાવી છે, જેમાં આદર્શવાદનું વ્યાવહારિક નીતિઓ સાથે બખૂબી મિશ્રણ કર્યું છે. આ દષ્ટિકોણ આંતરરાષ્ટ્રીય રાજનીતિની કડવી હકીકતને સ્વીકાર કરે છે, જેમાં સત્તા સંઘર્ષ અને રણનીતિક હિત હંમેશાં આદર્શવાદી સિદ્ધાંતો પર હાવી રહે છે. તેમ છતાં સહયોગ, સંવાદ અને પરસ્પર લાભનો અવકાશ હંમેશાં રહે છે. ભારતે પોતાની કુશાગ્ર કૂટનીતિથી આ સંભાવનાઓને બખૂબી ઉપયોગ કરી છે. દાખલા તરીકે અમેરિકા અને રશિયાને જ લઈ લો, જે વૈશ્વિક રાજકારણમાં વિપરીત ધ્રુવો પર છે, પરંતુ ભારતે તેમની સાથે પોતાના સંબંધોમાં સંતુલનનો ભાવ રાખીને પોતાના હિતોની પૂર્તિ કરી છે. અમેરિકા સાથે ભારતે ટેકનિકલ હસ્તાંતરણ, રક્ષા સહયોગ અને હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ અને સ્થાયિત્વ જાળવી રાખવાની પ્રતિબદ્ધતા તરફ ડગ માંડ્યાં છે. તે અંતર્ગત સંયુક્ત સૈન્ય અભ્યાસ, અંતરિક્ષ સંશોધન અભિયાન, સ્વચ્છ ઊર્જા સંબંધી પહેલ અને બંને લોકતંત્રો વચ્ચે સંબંધોને પ્રગાઢ બનાવાઈ રહ્યા છે. સાથે જ ભારતે પોતાના સદાબહાર મિત્ર રશિયાને પણ સાધી રાખ્યું છે. સમયની દરેક કસોટી પર ખરા ઉતરનારું મિત્ર રશિયા ભારતના મુખ્ય લશ્કરી પૂરવઠાકાર બનેલું છે. ભૂરાજકીય પરિવર્તન અને દબાણો છતાં રશિયા સાથે ભારતના સંબંધો મજબૂત થયા છે. રક્ષા અને ઊર્જા ક્ષેત્રોમાં કરાર સાથે જ કેટલાય ક્ષેત્રીય અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ બંને દેશોનું એકસમાન વલણ છે. રશિયાથી ભારે માત્રામાં ઊર્જા સંસાધનોની આયાત ભારતની આર્થિક વ્યવહારિકતા અને ઊર્જા સુરક્ષાની નીતિને જ અનુરૂપ છે. ભારતે અનુકૂળ કિંમતોના આધાર પર જ રશિયાથી મોટા પાયે તેલ ખરીદ્યું. આર્થિક હિતોની પૂર્તિ સાથે જ તેના કૂટનીતિક હિત પણ પૂરા થયા, કારણ કે આ પગલાથી પારંપરિક પૂરવઠાકારો પર આપણી નિર્ભરતા ઘટી. એના પર પશ્ચિમી દેશોની વક્ર નજર રહી, પરંતુ તેની પરવા ન કરતાં ભારતે પોતાના હિતોને પ્રાથમિકતા આપી.

ભારતની કૂટનીતિક સક્રિયતા-દક્ષતા એ ભૂમિકામાં પણ દષ્ટિગત થાય છે, જેમાં તેણે ગ્લોબલ સાઉથનો અવાજ ઉઠાવવાનો ફેંસલો કર્યો. વિભિન્ન આંતરરાષ્ટ્રીય મંચો પર ભારતે વિકાસશીલ દેશો સમક્ષ ઉત્પન્ન થનારા પડકારોને રેખાંકિત કરતાં સમાનતા અને ન્યાયની તરફદારી કરી છે. આ નૈતિક નેતૃત્વનાં મૂળ વૈશ્વિક સમીકરણોની વ્યાવહારિક સમજમાં સમાયેલી છે. એનાથી વિશ્વ સ્તર પર ભારતનું કદ અને સન્માન વધવાની સાથે જ તેના પ્રભાવનો વિસ્તાર થયો છે. આર્થિક કૂટનીતિમાં પણ ભારતનું વ્યાવહારિક વલણ એટલા જ પ્રભાવી રીતે પ્રતિબિંબિત થાય છે. આર્થિક વૃદ્ધિની આકાંક્ષાઓ પૂરી કરવામાં વેપાર અને રોકાણના મહત્ત્વને સમજતાં અને આર્થિક ભાગીદારીઓ કરી છે. સંયુક્ત આરબ અમીરાત અને ઓસ્ટ્રેલિયા સાથે વેપાર સમજૂતી ભારતની રણનીતિક દૂરદર્શિતા જ દર્શાવે છે. આ સમજૂતીઓનો ઉદ્દેશ્ય ઝડપથી બદલાતી દુનિયામાં પોતાના હિત સુરિક્ષત કરવાની સાથે જ આર્થિક સંબંધોના દાયરાને વધારીને તેમનું વિવિધીકરણ કરવાનું છે. પશ્ચિમ એશિયા વિશેષ કરીને સંયુક્ત અરબ અમીરાતની સાથે ગહન થતી ભાગીદારી ભારતની વ્યાવહારિક વિદેશ નીતિનું પ્રમાણ છે. વિભિન્ન ક્ષેત્રોમાં આકાર લઈ રહેલી આ ભાગીદારીઓથી ન માત્ર ભારતને આર્થિક લાભ થઈ રહ્યો છે, બલ્કે તેનાથી આકાર લઈ રહેલ સ્થિર, સુરિક્ષત અને સમૃદ્ધ માળખું ભારતના વેપારી રણનીતિક ઉદ્દેશ્યોની પૂર્તિ કરી રહ્યું છે.

આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સુધારને લઈને ભારતની હિમાયતમાં પણ તેનો વ્યાવહારિક દષ્ટિકોણ દેખાય છે. આ સંસ્થાઓમાં યોગ્ય પ્રતિનિધિત્વ અને બધા સાથે એકસમાન વ્યવહારને લઈને દબાણ બનાવી રહેલ ભારત ન માત્ર ગ્લોબલ સાઉથનો અવાજ બની રહ્યું છે, બલ્કે તેનાથી વૈશ્વિક આર્થિક માળકામાં હિતોની વ્યાપક સુરક્ષા પણ સંભવ લાગે છે, જેને વિકસિત દેશ પોતાની સુવિધાના હિસાબે ચલાવતા દેખાય છે. ભારતની વ્યાવહારિક વિદેશ નીતિમાં તેની ઝડપથી વૃદ્ધિ કરતી અર્થવ્યવસ્થાની મહત્ત્વની ભૂમિકા છે. અર્થવ્યવસ્થાના આધારભૂત સ્તંભ પણ મજબૂત છે. આ આધાર પર ભારત વિશ્વ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સંભવિત લાભની અપેક્ષામાં કેટલાય દેશ ભારત તરફ જોઈ રહ્યા છે. દિગ્ગજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ભારતના આર્થિક ભવિષ્યને લઈને આશાજનક અનુમાન પણ ભારતની વૈશ્વિક ભાગીદારીઓને વિસ્તાર આપી રહ્યા છે.

પંજાબ અને જમ્મુ-કાશ્મીર સરકારોની ખેંચતાણ

વાત ૨૦૧૬ની છે, જ્યારે વડાપ્રધાન મોદીએ દૂરદર્શિતાનો પરિચય આપતાં જમ્મુ-કાશ્મીર અને પંજાબના લાખો ખેડૂત પરિવારોના હિતમાં રાવી નદીના પાણીને પાકિસ્તાન જતું રોકવાનો સાહસિક નિર્ણય લીધો હતો. આ નિર્ણય હવે હકીકત બની ગયો છે. શાહપુર કંડી બંધ પૂરો થવા અને પાકિસ્તાનને પાણી રોકવાથી બંને રાજ્યોના ખેડૂતોના ચહેરા પર ખુશી છવાઈ ગઈ હશે. હવે જમ્મુના કઠુઆ અને સાંબા જિલ્લાની અને પંજાબની કેટલીય જમીનની સિંચાઈ સુનિશ્ચિત થઈ શકશે. દેશના સર્વોચ્ચ હિતોનો ખ્યાલ રાખતાં અને ૧૯૬૦ની સિંધુ જળ સંધિની મૂળ ભાવનાને અનુરૂપ રાવી નદી પર ૩૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર શાહપુર કંડી પરિયોજના જમ્મુ અને પંજાબ માટે સમૃદ્ધિના એક નવા યુગની શરૂઆત કરશે.

તે કઠુઆ અને સાંબા જિલ્લા માટે ૩૨ વર્ષ બાદ એક સપનું સાચું પડવા જેવું છે, કારણ કે અહીંના લોકોને સિંચાઈ સુવિધાઓની કમીને કારણે પરેશાની ભોગવવી પડતી હતી. તે ઉપરાંત આ વર્ષના અંત સુધી તૈયાર થનારી ૨૦૬ મેગાવોટ પરિયોજનાથી પંજાબના ખેડૂતો લાભાન્વિત થશે. આ સમગ્ર મામલે પાકિસ્તાને સતર્કતાપૂર્ણ ચૂપકિદી સેવી છે.

પહેલાં કહેવાતું હતું કે રાવીનું પાણી રોકતાં પાકિસ્તાનમાં ઘણો હોબાળો મચશે, પરંતુ જો એવું નથી થયું, તેનું કારણ છે કે ૧૯૬૦ની સિંધુ જળ સંધિની જોગવાઈઓનું ક્યાંય કોઈ ઉલ્લંઘન નથી થયું. આ સંધિ અનુસાર, રાવી, સતલજ અને બિયાસ નદીના પાણી પર ભારતનો અને ઝેલમ, સિંધુ અને ચિનાબ પર પાકિસ્તાનનો વિશેષ અધિકાર હશે. વડાપ્રધાન મોદીએ ૨૦૧૬માં જ જાહેરાત કરી હતી કે ભારત રાવી, સતલજ અને બિયાસ નદીઓના પાણીનો યોગ્ય ઉપયોગ અને પાકિસ્તાનમાં વહેનારા પાણીની બરબાદી રોકવા માટે તાર્કિક પગલું ભરશે. ત્રણયે નદીઓના પાણીના ઉપયોગ અને તેને જમ્મુ-કાશ્મીર એ પંજાબના ખેડૂતોને ઉપલબ્ધ કરાવવાની પદ્ધતિનું અધ્યયન કરવા માટે એક ટાસ્ક ફોર્સની પણ રચના કરવામાં આવી હતી.

આના પહેલાં ૧૯૯૫માં પૂર્વ વડાપ્રધાન સ્વર્ગીય નરસિંહ રાવે શાહપુર કંડી બંધની આધારશિલા મૂકી, પરંતુ તે પંજાબ અને જમ્મુ-કાશ્મીર સરકારોની ખેંચતાણમાં ગૂંચવાઈને રહી ગઈ. રાજકીય કારણોસર તેના અમલમાં જે સાડા ચાર વર્ષનો વિલંબ થયો, તેનાથી તેનો ખર્ચ ૨૭૯૩ કરોડ રૂપિયાથી વધીને ૩૩૦૦ કરોડ રૂપિયા થઈ ગયો. વડાપ્રધાન મોદીના હસ્તક્ષેપ અને વડાપ્રધાન કાર્યલયમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી, જેઓ ખુદ જમ્મુના નિવાસી છે, તેમના પ્રયાસોથી ગાડી ફરીથી પાટા પર ચડી અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયમાંથી તેના માટે જરૂરી નાણાંની વ્યવસ્થા થઈ. પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહે કેન્દ્રને જો પોતાનો હિસ્સો સાઈઠથી ઘટાડીને ચૌદ ટકા કરવા માટે રાજી કર્યું. આ પરિયોજનામાં ૭૧.૩૯ ટકા વીજળી અને ૨૮.૬૧ ટકા સિંચાઈ સાથે જોડાયેલ ઘટક પણ સામેલ છે.

મમતાએ તૃણમૂલ કોંગ્રેસનો આશરો લીધો હતો

બંગાળના સંદેશખાલી વિસ્તારમાં ઈડીની ટીમ પર હુમલો અને સાથે જ મહિલાઓનું યૌન ઉત્પીડન કરવાના આરોપી મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસના નેતા શાહજહાં શેખની હાઈકોર્ટની ઝાટકણી બાદ બંગાળ પોલીસે ઠેઠ ૫૫ દિવસ બાદ 'ધરપકડ' કરી છે! ધરપકડ બાદ પણ તેની અકડ અને અંદાજ તો એક દબંગ જેવા જ છે, કારણ કે તે જાણે છે કે હવે તે રાજ્યાશ્રયમાં છે. અત્યાર સુધી પોલીસ તેને શોધી નહોતી શકતી, પરંતુ હાઈકોર્ટનું વલણ જોતાં અચાનક જ તેને અમુક ઠેકાણેથી પકડી લીધો. વાસ્તવમાં એ કહેવું વધુ યોગ્ય રહેશે કે તેને શોધવા કરતાં તેને સંતાડવાનો કારસો વધુ થયો હશે. મમતા સરકારની મૂક સહમતિ વિના આવું થવું અસંભવ છે. શેખની ધરપકડમાં સરકારની કોઈ દિલચસ્પી જ ન હતી, તેની પુષ્ટિ તૃણમૂલ કોંગ્રેસના મહાસચિવ અને સાંસદ અભિષેક બેનર્જીના એ કથનથી થતી હતી કે શેખની ધરપકડમાં વિલંબ માટે ન્યાયપાલિકા જવાબદાર છે! મમતા બેનરજીના ભત્રીજા અભિષેકે એમ પણ કહ્યું હતું કે શેખને ન્યાયપાલિકા દ્વારા સંરક્ષિત કરવામાં આવી રહ્યો છે, જેથી સંદેશખાલી સમાચારોમાં ચમકતું રહે. આ નિવેદન એટલું વાહિયાત અને વિચિત્ર હતું કે કલકત્તા હાઈકોર્ટે તેની જાતે નોંધ લઈને કહેવું પડ્યું કે શેખની ધરપકડ પર કોઈ રોક નથી અને તેણે તો માત્ર ઈડી પર હુમલા મામલે એસઆઈટી દ્વારા તપાસના હાઈકોર્ટની એકલ પીઠના આદેશ પર રોક લગાવી હતી.

સંદેશખાલી મામલે મમતા બેનરજીના એ નિવેદનન પણ યાદ રાખવું જરૂરી છે કે મોં છૂપાવીને વાત કરનારી મહિલાઓ બહારની છે. અભિષેકના નિવેદન પર હાઈકોર્ટના વાંધા બાદ તૃણમૂલ કોંગ્રેસના પ્રવક્તાનું એવું કહેવું હતું કે હવે શાહજહાં શેખની ધરપકડ કરી લેવાશે. તમે જુઓ કે એવું જ થયું! જોકે આ પહેલી વાર નથી કે બંગાળ સરકાર અપરાધિક ગતિવિધિઓમાં સામેલ તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ્ ને કાર્યકર્તાઓનો બચાવ કરતી દેખાઈ હોય. બંગાળ વિધાનસભાની પાછલી ચૂંટણી બાદ મતગણના સમયે જેવું જ એ સ્પષ્ટ થયું હતું કે મમતા ફરીથી સત્તામાં આવવા જઈ રહી છે, એવી જ રીતે તૃણમૂલ કોંગ્રેસ સમર્થક એ લોકો પર તૂટી પડ્યા હતા, જેમના વિશે તેમને શંકા હતી કે તેમણે વિરોધ પક્ષોને વોટ આપ્યા છે. એવા લોકો સાથે મારપીટ કરવામાં આવી, કેટલાય લોકોના ઘર અને દુકાનો બાળી મૂકવામાં આવ્યા. પોલીસ મૂકદર્શક બનીને જોઈ રહી. આ હુમલામાં કેટલાક લોકોના જીવ પણ ગયા. તૃણમૂલ કોંગ્રેસ નેતાઓએ એવો આતંક મચાવ્યો હતો કે કેટલાય લકો જીવ બચાવવા માટે પડોશી રાજ્ય અસમ ભાગી ગયા હતા. તેમાંથી કેટલાક બહુ મુશ્કેલીથી મહિનાઓ બાદ પોતાના ઘરે પાછા ફરી શક્યા. કેટલાકે ભયને કારણે ક્યાંક બીજે ઠેકાણું શોધી લીધું. એક સમયે બંગાળમાં આવું ત્યારે થતું હતું, જ્યારે ત્યાં માકપાના નેતૃત્વમાં ડાબેરીઓનું શાસન હતું.

વિરોધીઓનો સફાયો કરવો અને તેમને કચડી નાખવા ડાબેરીઓની નીતિ હતી. ધીમે ધીમે આ નીતિ મમતા બેનર્જીએ અપનાવી લીધી. જે મમતા ક્યારેક બાંગ્લાદેશી ઘૂસણખોરો વિરુદ્ધ હતાં,હવે તેઓ તેમના સંરક્ષક બનીગ યા છે. તેઓ નાગરિકતા સંશોધન કાયદા એટલે કે સીએએનો વિરોધ એટલા માટે કરી રહ્યાં છે જેથી ગેરકાયદે રૂપે આવેલા અને બંગાળમાં વસી ગયેલા બાંગ્લાદેશીઓ પર કોઈ આંચ ન આવે. શાહજહાં શેખ વિશે કહેવાય છે કે તે પણ બાંગ્લાદેશી જ છે. ખબર નહીં શું સાચું છે, પરંતુ તે પહેલાં માકપાનો નેતા હતો. જ્યારે મમતા સત્તામાં આવ્યાં ત્યારે અન્ય ડાબેરી નેતાઓની જેમ તેણે પણ તૃણમૂલ કોંગ્રેસનો આશરો લીધો. સંદેશખાલીમાં તે દલિતો-અદિવાસીઓનાં ખેતરો પર જબરદસ્તી કબજો કરીને તેમને તળાવમાં તબદીલ કરીને માછલીઓ પકવતો. જે પરિવારના લોકો વિરધ કરતા, તેમની મહિલાઓનું ઉત્પીડન કરવામાં આવતું. પીડિત મહિલાઓનું માનીએ તો તેમને કોઈને કોઈ કામના બહાને બોલાવીને આખી રાત શેખના ઠેકાણા પર રોકવામાં આવતી. જે મહિલાઓ ના પાડતી, શેખના ગુંડાઓ તેના ઘરે આવી ચડતા. શેખના હાથે સતામણી થયેલ મહિલાઓએ તેના વિરુદ્ધ કેટલીય ફરિયાદો કરી, પરંતુ રાજકીય સંરક્ષણ મળતું હોવાને કારણે પોલીસ પણ નિષ્ક્રિય રહી. તેના વિરુદ્ધ રિપોર્ટ જ નહોતો લખવામાં આવતો.

શાહજહાં શેખ મમતા સરકારના મંત્રી જ્યોતિપ્રિય મલ્લિકનો ખાસ છે, જે હજારો કરોડ રૂપિયાના રાશન કૌભાંડમાં આરોપી છે. આ કૌભાંડના સિલસિલામાં ગયા મહિને ઈડીની ટીમ શેખની ધરપકડ કરવા ગઈ હતી, જ્યાં તેના ગુંડાઓએ ઈડીના અધિકારી પર હિચકારો હુમલો કરી દીધો. આ હુમલામાં કેટલાય ઈડી અધિકારીઓ ઘાયલ થઈ ગયા, ત્યારે સંદેશખાલીની પીડિત મહિલાઓએ તેના વિરુદ્ધ અવાજ ઉઠાવવાની હિંમત કરી. જ્યાં ક્યાંક કોઈ સુનાવણી ન થઈ તો તેમણે તેનાં ઠેકાણાં પર હલ્લો બોલાવી દીધો. કોઈપણ સમજી શકે છે કે જો મહિલાઓ તેના અત્યાચારનો શિકાર થઈ હોત તો આટલી હદે આક્રોશિત ન થઈ હત, પરંતુ એ સાધારણ વાત બંગાળ સરકારને સમજાઈ નહીં, અથવા એમ કહો કે તેમણે સમજવાનો ઈનકાર કર્યો.

આશ્ચર્ય નહીં કે કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી સહિત મોટાભાગના વિપક્ષી નેતાઓ સંદેશખાલીના ઘટનાક્રમ પર મોંમાં મગ ભરીને બેઠા છે. કંઈક આવી જ સ્થતિ તથાકથિત સેક્યુલર-લિબરલ ગેંગની પણ છે. એમાંથી કેટલાકની દલીલ છે કે વડાપ્રધાન મોદી પણ મણિપુરની ઘટનાઓ પર લાંબા સમય સુધી ચૂપ રહ્યા હતા.

સફળ સોનેટની હારમાળા

'સમય તો થયો' એ સંધ્યા ભટ્ટનું પુસ્તક છે. તે સોનેટ સંગ્રહ છે. બંધુ ત્રિપુટી ઉશ્નસ, જયંત પાઠક અને રમણ પાઠક વાચસ્પતિને પુસ્તક અર્પણ કરાયું છે. ભાવનગરના વિનોદ જોષીએ 'સોનેટના સીમાડે પહોંચેલી સર્જકતા' અંતર્ગત ચાર કરતાં વધારે પાન ઉપર વિશદ ચર્ચા કરી છે. કાવ્ય સર્જકે ભાષામાં ઘણું બધું કરવાનું હોય છે. અહીં રજૂ થયેલ કૃતિઓ સોનેટ અને સંસ્કૃત વૃત્તો આવું ભાગ્યે જ જોવા મળે છે. પ્રગટ થયેલા સોનેટનું ખૂબ ઊંડાણપૂર્વક અધ્યયન રજૂ કર્યું છે. મોટાભાગના સોનેટના ઉદાહરણો રજૂ કર્યા છે. સંધ્યા ભટ્ટના આ સોનેટ સંગ્રહને એક નોંધપાત્ર ઉન્મેષ લેખે ઘટાવી શકાય. 'મારી સોનેટ યાત્રા' શીર્ષક અંતર્ગત કવયિત્રી સંધ્યા ભટ્ટે સરસ વાતો કરી છે. તેઓ લખે છે કે મને માતૃભાષા ખૂબ ગમતી અને વળી ઘરમાં કર્મકાંડનું વાતાવરણ. બારડોલીમાં રહેતા રમણ પાઠક પાસે શીખવાનું શરૂ કર્યું. પછી વિવિધ સામયિકોમાં તેમનાં સોનેટ પ્રકાશિત થવા માંડ્યાં. અંતમાં આભાર માન્યો છે.

પછીના ચોપ્પન પૃષ્ઠ ઉપર તેમના વિવિધ સોનેટ રજૂ થયાં છે. જે-તે કયા સામયિકમાં ક્યારે પ્રગટ થયા છે, તેની વિગત આપી છે. તથા પ્રત્યેક સોનેટ કયા છંદમાં લખાયા છે તેની માહિતી પણ મૂકવામાં આવી છે.

'પ્રાર્થના'માં મા સરસ્વતી પાસે વરદાન માગ્યું છે. 'યાત્રા'માં ઝંઝાવાતો સામે અડીખમ ઊભા રહેવાની વાત છે. 'માતૃભાષા : મારું સુખ'માં ભાષાનો મહિમા છે. 'હુકમ દઈને'માં સૃષ્ટિદાતાનું સ્મરણ કર્યું છે. 'બાપુને સ્મરીને'માં ગાંધીજીનું સ્મરણ કર્યું છે. ઉનાળો અને શિયાળોમાં ઋતુનું સહજ વર્ણન છે. 'પુત્ર ચાલી જતાં'માં જીવનના ખાલીપાનું ચિત્ર છે. 'એક સવારે'માં સૂર્યની શુકન લઈને આવતી સવારીની નયનરમ્ય વાત છે.

'તરુણાઈ'માં અવસ્થાના વ્યાપક સ્વરૂપની વાત છે. 'વસંત-દરબાર'માં વસંતને કારણે થતા વ્યાપક ફેરફારની વાત છે. 'નિશાળો ખૂલી ગઈ'માં ભણતા શિશુઓનું વર્ણન છે. ખુશી જતી રહે અને ભણતરનો બોજ વધે છે. 'કસોટી'માં ઉનાળાના આગમનની વ્યાપક અસરોની વાત છે. 'પ્રતીક્ષા'માં મનને ભરીને કંઈક નવું મળે એવો ભાવ છે. 'નદી... એક કન્યકા'માં અવિરત વહેતી સરિતાની વાત છે.

ભય પર વિજય

ભય મનનો એક નકારાત્મક ભાવ છે. આ ભાવ મનુષ્યની તર્કશક્તિને નિષ્પ્રભાવી બનાવી દે છે. સાથે જ તેની રચનાત્મકતા તથા કલ્પના કરવાની શક્તિને પણ બુઠ્ઠી કરી દે છે. ભયની ઉત્પત્તિનું તો કોઈ કારણ હોઈ શકે છે, પરંતુ મોટાભાગે આ અસુરક્ષા અને એકાકીપણાથી ઉત્પન્ન અવસાદને કારણે પેદા થાય છે. નીડરતાથી તો ડરને પણ ડર લાગે છે. સ્વામી વિવેકાનંદે યથાર્થ જ કહ્યું, 'ભયથી જ દુઃખ આવે છે, ભયથી જ મૃત્યુ થાય છે અને ભયથી જ બુરાઈઓ પેદા થાય છે.' ડરે મનુષ્યને ખરાબ રીતે જકડી રાખ્યા છે. એક વ્યક્તિને ભય કોઈ બીજા વ્યક્તિ અને કોઈ વસ્તુને કારણે પેદા થાય છે. ડર મનુષ્યના શારીરિક જીવન પર પણ પ્રભાવ પાડે છે. જ્યારે કોઈ વ્યક્તિને ભય થાય છે તો તે વ્યક્તિ બહુ વધારે પરેશાન રહેવા લાગે છે. તે પોતાની ગતિવિધિઓને સીમિત કરી લે છે. ત્યાં સુધી કે બીજાઓ સાથે સંવાદ પણ ઘટાડી દે છે. આ સ્થિતિ અહિત જ કરે છે. ગૌતમ બુદ્ધે બહુ સારી શિખામણ આપી છે, 'જો આજે આપણે આપણા ડર પર કાબૂ નહીં મેળવી લઈએ તો કાલે આપણો ડર આપણા પર કાબૂ મેળવી લેશે.'અભ્યાસ અને સંયમ દ્વારા ભય પર નિયંત્રણ કરી શકાય છે. ખરું તો એ છે કે જીવનમાં ક્યારેય પણ આપણે ભયને પાસે ન ફરકવા દેવો જોઈએ. જો કોઈ કારણવશ ભય નજીક આવે છે તો પણ તેની સામે સંઘર્ષ કરવો જોઈએ.

ભારતીયોના સરેરાશ ખર્ચમાં ઘટાડો

રાષ્ટ્રીય સેમ્પલ સર્વે કાર્યાલય (એનએસએસઓ)એ ૨૦૨૨-૨૩ માટે જે ઘરેલુ ખર્ચ સર્વેક્ષણનો સારાંશ રજૂ કર્યો છે, તેનું સ્વાગત થઈ રહ્યું છે. લગભગ ૧૧ વર્ષ બાદ આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે, તો અધ્યયન અને અમલની દૃષ્ટિએ તેનું ઘણું મહત્ત્વ છે. હવે વિભિન્ન આર્થિક અને સામાજિક શોધ સંસ્થાઓને વિચાર-મંથનમાં સુવિધા થશે. આંકડા સ્પષ્ટ સાક્ષી આપે છે કે દેશ વિકસિત થઈ રહ્યો છે. ૨૦૧૧-૧૨માં એક સરેરાશ ગ્રામીણ ભારતીયનો ભોજન ખર્ચ ૧૭૫૦ રૂપિયા માસિક રહેતો હતો, જે ૨૦૨૨-૨૩માં વધીને ૩૭૭૩ રૂપિયા થઈ ગયો છે. આ દરમ્યાન શહેરી ભારતીયોનો માસિક ભોજન ખર્ચ ૨૫૩૦ રૂપિયાથી વધીને ૬૪૫૯ રૂપિયા થઈ ગયો છે. ગામ હોય કે શહેર, ભોજન પર થનારો ખર્ચ તો બેગણાથી વધી ગયો છે, પરંતુ બાકી કુલ ખર્ચમાં એટલો વધારો નથી થયો. જોકે ભારતમાં લોકોની આવક અને ખર્ચમાં બહુ અસમાનતા છે. આપણા દેશમાં આર્થિક રૂપે ટોચના પાંચ ટકા ગ્રામીણ અને શહેરી ભારતીય એક મહિનામાં સરેરાશ ૧૦,૫૦૧ રૂપિયા અને ૨૦,૮૨૪ રૂપિયા ખર્ચ કરવા લાગ્યા છે.

પહેલાં એ આશંકા વ્યક્ત કરાઈ રહી હતી કે ભારતીયોના સરેરાશ ખર્ચમાં ઘટાડો થયો છે. જ્યારે એનએસએસઓ દ્વારા તૈયાર ૨૦૧૭-૧૮ના આંકડા લીક થયા હતા, ત્યારે એ જ આધાર પર સરકારની ટીકા થઈ હતી.બાદમાં એ આખા રિપોર્ટને જ સરકારે કચરાટોપલીમાં પધરાવી દીધો હતો એ ત્યારબાદથી એવું લાગી રહ્યું હતું કે દેશમાં આવક ઘટવાને કારણે પ્રશાસન આંકડા બહાર પાડવામાં બચવા માગે છે. એકંદરે રિપોર્ટનો સાર જ જાહેર કરવામાં આવ્યો છે, વિસ્તૃત રિપોર્ટ માટે થોડી રાહ જોવી પડી શકે છે. કોઈપણ સરકાર પર આંકડા જાહેર કરવાનું દબાણ રહે જ છે અને સાચા આંકડા એટલા માટે જરૂરી છે, જેથી તેના આધાર પર બહેતર વિકાસ યોજનાઓનું માળખું ઘડી શકાય. એ વાત છૂપી નથી કે વચ્ચે મહામારી અને લોકડાઉનથી અર્થવ્યવસ્થામાં બહુ ઘટાડો થયો હતો, ત્યારે એવા સમયના આંકડા જારી ન કરીને નેતાઓએ દેશને નિરાશાથી બચાવ્યો છે, જોકે અર્થશાસ્ત્રીઓ આવી દલીલો નથી માનતા. દેખીતું છે કે અર્થવ્યવસ્થાના વિવિધ પાસાંને વધુ સમય સુધી છૂપાવી ન શકાય અને ક્યારેકને ક્યારેક આંકડા સામે આવે જ છે.

બેશક, જારી આંકડા સ્પષ્ટ સંકેત આપે છે કે દેશ વિકાસ તરફ આગળ વધી રહ્યો છે અને ખર્ચની પદ્ધતિમાં બદલાવ આવી રહ્યો છે. એક સમય હતો જ્યારે મોટાભાગના પરિવાર પોતાના માટે ભોજન મેળવવામાં જ ખર્ચ થઈ જતા હતા, પરંતુ હવે ભોજન પર થનારા ખર્ચનો અનુપાત ઘટી રહ્યો છે અને આપણે બહેતર જીવનના બીજા સાધનો પર વધુ ખર્ચ કરવાની સ્થિતિમાં આવી રહ્યા છીએ. ૨૦૧૧-૧૨માં ગ્રામીણ અને શહેરી પરિવારોના કુલ ખર્ચમાં ખાદ્ય ઉપભોગની હિસ્સેદારી અનુક્રમે ૫૨.૯ ટકા અને ૪૬.૨ ટકા હતી. ૨૦૨૨-૨૩માં તે ઘટીને અનુક્રમે ૪૬.૪ ટકા અને ૩૯.૨ ટકા રહી ગઈ છે. એ સુખદ છેકે ગ્રામીણ ભારતીયોએ પોતાની આવકમાંથી અડધાથી પણ ઓછો હિસ્સો હવે ભોજનમાં લગાવવો પડે છે. ભોજનમાં પણ વિવિધતા આવી છે અને અનાજ પર નિર્ભરતા ઘટી રહી છે. એટલું તો નક્કી છે કે ભારતમાં ખાદ્ય બજારનું ભવિષ્ય ઉજ્જ્વળ છે.

રાજ્યસભા ચૂંટણીઃ દેશનાં ત્રણ રાજ્યો - ઉત્તર પ્રદેશ, હિમાચલ અને કર્ણાટકથી રાજ્યસભાના પંદર સભ્યો માટે ચૂંટણીમાં વિભિન્ન પાર્ટીઓના ધારાસભ્યોના ક્રોસ વોટિંગની ઘટનાઓ ના તો પહેલી વારની છે કે ના આ આખરી હશે. પરંતુ આવી ઘટનાઓ રાજકીય કૌતુક ભલે ગમે તેટલું પેદા કરે, તેની પ્રશંસા ન કરી શકાય, કારણ કે તે આપણી લોકતાંત્રિક વ્યવસ્થામાં જનતાના ભરોસાને કમજોર કરે છે. ચાહે તે સપાના ધારાસભ્યો હોય કે કોંગ્રેસના કે ભાજપ કે સુભાસપાના, આ તમામ પાટલી બદલુ ધારાસભ્યોની આસ્થા જો પોતપોતાના પક્ષમાં ખતમ થઈ ગઈ હતી, તો તેમણે પોતાના પદેથી રાજીનામું આપીને નવો જનાદેશ લેવો જોઈતો હતો, પરંતુ કોઈ વિરલ જ આવું ઉદાહરણ રજૂ કરી શકે. એવું નથી કે કોઈ પક્ષથી ધારાસભ્ય કે સાંસદ ચૂંટાયા બાદ કોઈ વ્યક્તિ આગામી પાંચ વર્ષ માટે બૌદ્ધિક રૂપે ગુલામ બની જાય છે, બલ્કે સદસ્ય દેશહિત અને જનહિતમાં પાર્ટી લાઈન વિરુદ્ધ બોલવા માટે સંપૂર્ણ આઝાદ છે, જ્યારે સાંસદો-ધારાસભ્યોએ વિભિન્ન મુદ્દાઓ પર પાર્ટી લાઈન વિરુદ્ધ મંતવ્ય રજૂ કર્યા છે. ભારતીય લોકતંત્રની વૈશ્વિક પ્રતિષ્ઠામાં આ અસહમત અવાજોનું ક્યાંય મોટું યોગદાન છે. દેખીતું છે, એવા સદસ્ય પોતાના મજબૂત નૈતિક બળના સહારે જ ચાલતા હોય છે.

સારા શારીરિક બંધારણ માટે જરૂરી છે પ્રોટીન

આજે વિશ્વ બજારમાં લોકો સૌથી ઝડપી, ગીચ અને વ્યસ્ત સમયમાં જીવી રહ્યા છે. આર્થિક રીતે સદ્ધર પણ દિવસભરમાં ઘણાં કાર્યો કરવા પડે છે. આઠથી દસ કલાક બેસી રહેવું પડે છે. આ બેઠાડુ જીવનના કારણ સ્વાસ્થ્ય જાળવવામાં નિષ્ફળ રહે છે. આજકાલ જીવન મોંઘું અને મુશ્કેલ તેમ જ બિન આરોગ્ય પ્રદ બની ગયું છે. વિશ્વભરમાં ટેકનોલોજીના કારણે જીવન સરળ અને આરામદાયક બની ગયું છે. પણ સ્પર્ધાને કારણે વ્યક્તિ વધુ વ્યસ્ત અને માનસિક તાણવાળો બની ગયો છે.સ્વસ્થ જીવન માટે સમતોલ આહાર સમયસર આહાર લઈ શકતો નથી. તેથી સ્વાસ્થ્યના પડકાર વધુ ઝીલી રહ્યો છે. સ્વાસ્થ્ય પ્રદ ખોરાક જ લાંબા સમય સુધી કામ કરવાની ક્ષમતા આપે છે તેમ માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક પ્રવૃત્તિ માટે પણ જરૂરી બની જાય છે.જીવનને આનંદમયી રાખે છે તેમ જ જીવનમાં આવતા તમામ પ્રકારના પડકાર કે સમસ્યાનો સામનો કરવાની ક્ષમતા આપે છે.ટેકનોલોજીવાળો ખોરાક સારા પ્રોટીનની ગરજ પૂરી નથી કરતો. શરીરના સારા સ્વાસ્થ્ય માટે પ્રોટીન એ મહત્ત્વપૂર્ણ છે. મજબૂત શરીર માટે પ્રોટીનની આવશ્યકતા છે. આપણું શરીર પ્રોટીન બનાવવા અમાયનો એસિડનો ઉપયોગ કરે છે. અમાયનો એસિડ શરીરમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જે શરીરમાં ઉત્તકોનો વિકાસ અને ક્ષમતા જાળવે છે. શરીરમાં સમારકામ કરે છે. હાર્મોન અને મસ્તિષ્કનાં રસાયણો બનાવે છે. સ્વસ્થ ત્વચા, વાળ અને નખ બનાવે છે. માંસપેશીઓ બનાવે છે. સ્મરણશક્તિ અને કાર્યશક્તિ જાળવી રાખે છે.આ અમાયનો વીસ પ્રકારના છે. આપણને તેમાંથી મહત્ત્વપૂર્ણ અમાયનો નવ પ્રકારના છે. સારા અમાયનો એસિડ એ સ્વસ્થ અને તાજા ખોરાકમાંથી બને છે. જંકફૂડ અને બહારના ખાદ્ય પદાર્થથી ખોરવાઈ જાય છે. પરિણામે પ્રોટીન નબળા થઈ જાય છે. શરીરમાં બીમારીનો પ્રભાવ વધી જાય છે.

અમાયનો એસિડનાં મુખ્ય સ્ત્રોતો

હિસ્ટિડાઇન

આ અમાયનો શરીરની પ્રતિરક્ષા કાર્ય પાચન, નીંદર અને યોન કાર્યમાં મહત્ત્વપૂર્ણ છે. મસ્તિષ્કના રસાયણ બનાવે છે. લગભગ ચૌદ મિલિગ્રામની આવશ્યકતા છે. બ્લ્યુબેરી પીચ, પિસ્તા, દ્રાક્ષ, પાલક, કેલભાજી, ટોમેટો, ચીઝ આના મુખ્ય સ્ત્રોત છે. શરીરમાં થતી બળતરા કે એસીડીટી દૂર કરે છે, માનસિક તાણ દૂર થાય છે.

આઇસોલ્યુસીન



માંસપેશીના ચયાપચન અને પ્રતિરક્ષા કાર્યમા હિસ્સેદારી છે. હિમોગ્લોબીન બનાવવા અને ઊર્જાને નિયંત્રિત કરે છે. આની જરૂર ઓગણીસ મિલીગ્રામની છે. પામેગ્રેનચીઝ, ડ્રાયફ્રૂટસ, તોફૂ, બીન્સ, અંજીર, એવાકાડો, કીવી, સ્ટ્રોબેરી.

લ્યુરીન : શરીરમાં પ્રોટીન અને વિકાસ હાર્માન બનાવવા માટે જરૂરી. માંસપેશીના ઉત્તકોને વધારે છે. તેમ જ ઘાવને ભરે છે. રક્ત શર્કરાને નિયંત્રિત કરે છે. આની આવશ્યકતા બેતાલીસ મિલિગ્રામ છે. બ્રાઉન રાઇસ બધી જાતના સૂકામેવા, ચણા, મુખ્ય સ્ત્રોત છે. વજનનું નિયંત્રણ કરે છે. ચરબીનું પાચન કરે છે.

લાઇસિન

હાર્માન અને ઊર્જા ઉત્પાદન કરવામાં મદદ કરે છે. કેલ્શિયમ અને પ્રતિરક્ષા કાર્ય માટે મહત્ત્વપૂર્ણ છે. આની આવશ્યકતા આડત્રીસ મિલિગ્રામ છે. હાડકા માટે જરૂરી છે. ચીઝ, વટાણા, સિંગદાણા, બાંબુ મુખ્ય સ્ત્રોત છે. કોલેસ્ટ્રોલને મજબૂત રાખે છે. વાળની ગ્રોથ માટે મહત્ત્વપૂર્ણ છે.

મેથિયોનીન

શરીરના ઉત્તક, વિકાસ, ચયાપચન અને વિષહરણમાં સહાય કરે છે. ઝિંક અને સેલેનિયમ જેવી ધાતુઓના અવશોષણમાં મદદ કરે છે. આની આવશ્યકતા ઓગણીસ મિલિગ્રામ જેટલી છે. દૂધ મલાઈવાળું, અડદ, કાજુ, સનફલાવર સીડ, લસણ, એપલ, બ્રોકલી, સૂકી દ્રાક્ષ, આના મુખ્ય સ્ત્રોત છે.

થ્રિઓનીન

કોલેજન અને ઈલાસ્ટિન માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. ત્વચા અને સંયોજી ઉત્તકની સંરચના પ્રદાન કરે છે. રક્તનું થ્રોમોબીન બનાવવા મદદ કરે છે. (જે રક્ત થક્કા બનાવે) રક્તસ્ત્રાવ રોકે છે. ચયાપચન અને ઈમ્યુનિટી માટે જરૂરી છે. આની આવશ્યકતા છવ્વીસ મિલિગ્રામ જેટલી છે. ગ્રેપફ્રૂટ (પપનસ), એવાકાડો, કેન્ટાલૂપ, ખજૂર, પ્લમ, ટોમેટો, પાઈનેપલ લેગ્યુમસ?? બકવેટ પમકીન સીડ આના મુખ્ય સ્ત્રોત છે. મસલ્સના પ્રોબ્લેમ દૂર થાય છે. શરીર મજબૂત બને છે.

ટ્રિપ્ટોફેન

શરીરના નાઈટ્રોજનને સંતુલિત કરે છે. સેરોટોનિન નામનું મસ્તિષ્કનું રસાયણ બનાવે છે. મૂડ ભૂખ અને નીંદરને નિયંત્રિત કરે છે. આની આવશ્યકતા પાંચ મિલિગ્રામ છે. વીટ જર્મ, ઓટબાર્ન, સોયાબીન, રાજમા, પીન્ટોબીન્સ, અડદ, પમકીન, સૂકોમેવો, પાઈનેપલ, કેળા, મુખ્ય સ્ત્રોત છે.

વેલિન

માંસપેશીની વૃદ્ધિ, ઉત્રક અને પુર્નજનન અને ઊર્જા બનાવે છે. આની આવશ્યકતા ચાલીસ મિલિગ્રામની છે. સનફલાવર સીડ, તલ, અળસી અને સીયાસીડ તેમ જ ચીઝ, દહીંમાંથી મળે છે. નેવીબીન્સ, રાજમા, ચણા, મશરૂમ, બ્રાઉનરાઈસ આના મુખ્ય સ્ત્રોત છે.

ફેનિલએલનિન

મસ્તિષ્કના રસાયણ ફલોનું ઉત્પાદન કરે છે. ડોપામાઈન, એપિનેફ્રિન અને નોરપેનેફ્રિન માટે જરૂરી છે. આની આવશ્યકતા તેત્રીસ મિલિગ્રામ જેટલી છે. કંદમૂળ, રતાળુ, સૂકોમેવો, કાચા કેળા બધી જાતના ધાન્ય, બ્રાઉન રાઈસ, મકાઈ આના સ્ત્રોત છે.કોઈપણ મુશ્કેલી વિના સ્વસ્થ જીવન જીવવા માટે હંમેશાં પ્રોત્સાહિત રહેવું જોઈએ. તાજાંફળો, સલાડ, લીલા શાકભાજી, દૂધ, દહીં અને સમતોલ આહાર લેવો જોઈએ. જેથી હૉસ્પિટલો આગળ ભીડ ઓછી થાય. બાળકોને જંકફૂડની ખરાબ અસરો વિશે માતાપિતાએ હંમેશાં જાણ કરવી જોઈએ. સારા સ્વસ્થ ખોરાકની આદત બાળપણથી જ પાળવી જોઈએ. વ્યક્તિએ પણ દિનચર્યા ફક્ત પૈસા કમાવવા માટે જીવવું ન જોઈએ. સારા સ્વાસ્થ્યની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ કરવા પર ધ્યાન દોરવવું જરૂરી છે.



મનને આરામ આપો ને શરીરને કામ આપો

હમણાં એક સરસ વાક્ય વાંચવા મળ્યું

પહેલી નજરે આ વાક્ય સરળ લાગે, પરંતુ એનો અર્થ અત્યંત ગહન છે. આપણે આજકાલ એ વાક્યથી અવળું કરીએ છીએ. આપણે મનને ચાલતું રાખીએ છીએ અને શરીરને શાંત કરી દીધું છે!એ કારણે આપણા જીવનમાં અનેક ભવાઈઓ ઊભી થઈ છે. વળી, એકવીસમી સદીના લોકોમાં જે મુખ્ય સમસ્યાઓ સર્જાઈ છે એ બધી પણ આપણી આ અવળચંડાઈને કારણે જ ઊભી થઈ છે.

આ સદીની એ સમસ્યાઓ કઈ? તો કે ઓવરથિંકિંગને કારણે થતાં માનસિક પ્રશ્નો, જેમાં આત્મહત્યા સુધીની વાત આવી જાય છે તો વધુ પડતું વજન, ઓછી કાર્યક્ષમતા અને શરીરમાં રહેતા પચાસ પ્રકારના રોગ! આ સમસ્યાઓનો સામનો આજનો માણસ કોઈ ને કોઈ રીતે કરી જ રહ્યો છે. વળી, આવી સમસ્યાઓને આપણે અત્યંત આકર્ષક ટર્મ્સ સાથે જોડી દઈએ છીએ કે મારે તો જીવનમાં આમ સંઘર્ષો છે ને એટલે મને આમ થયું!

જો કે, આપણે સમજી લેવું પડશે કે આપણા જીવનની હાલની મોટાભાગની સમસ્યાના મૂળમાં ઉપરોકત જે વાક્ય કહ્યું એનું અવળું અનુસરણ છે. આપણે એ શીખવું પડશે કે શરીરને શ્રમની જરૂર છે. સવારના કે સાંજના સમયે આપણે ફરજિયાત અમુક કસરત કે યોગ કરવા જ જોઈએ. જો એમ કરતા રહીશું તો આપણે આસાનીથી અનેક શારીરિક રોગથી દૂર રહીશું. આમાં પાછો આપણે એક ક્લોઝ પોતાનો ઉમેરી દેવાનો કે જો આપણે કસરત અને યોગ કરીએ જ છીએ તો દિવસે કારણ વિનાનું સુગર લેવાનું ટાળવું., જેથી આપણે વધુ સ્વસ્થ્ય રહી શકીએ અને ખાસ તો વધારાના વજનથી દૂર રહી શકીએ.


અલબત, એવું પણ નહીં કે એક વાર કસરત કરી લીધી એટલે પછી આખો દિવસ સોફા પર આડા પડીને રિલ્સ જોયા કરીએ! વધારામાં આપણે હવે એવા અત્યંત આળસુ પણ થઈ ગયા છીએ કે ઘરનાં નાનાં- મોટાં કામો પણ આપણે કરવાનાં ટાળીએ છીએ. સ્ત્રી હોય કે પુરુષ એણે ઘરનાં અમુક કામ જાતે જ કરવાનો આગ્રહ રાખવો. ભલેને પછી ઘરે સહાયકોની ફોજ કેમ ન હોય! જો અમુક કામ પોતે નહીં કરીએ તો ચાળીસીમાં આવીશું એ પહેલાં જ આપણને વાંકા વળવામાં વાંધા પડશે કે આપણી કમ્મર દુખશે કે પછી આપણને ચાલતા ચાલતા હાંફ ચઢશે!

આ તો શારીરિક સ્વાસ્થ્યની વાત થઈ. લોકોનું માનસિક સ્વાસ્થ્ય પણ આજના સમયમાં અત્યંત ચિંતાજનક સ્તરે કથળી રહ્યું છે. આજે દરેક માણસને ક્યાંતો ઉચાટ છે અથવા કારણ વિનાનો ઉશ્કેરાટ છે કે પછી ડિપ્રેશન છે. ખબર નહીં કેમ, પરંતુ આજે મોટાભાગના લોકોને એમ લાગે છે કે પોતે રહી ગયા છે અને બીજા એમનાથી આગળ નીકળી ગયા છે કે પછી આજે મોટાભાગના લોકોને કારણ વિના એકલતા સતાવી રહી છે.શેના કારણે આવું થાય છે? એનું કારણ એ કે આપણે આજકાલ મગજ પાસે વધુ પડતું અને કારણ વિનાનું કામ લઈએ છીએ. સોશિયલ મીડિયાને કારણે આપણે હવે વધુ ઝડપે તેમજ વધુ પડતું વિચારતા થઈ ગયા છે. આ કારણે આપણી ધીરજ પણ ખૂટી રહી છે. આપણને હવે બધુ ફટાફટ કરવું છે અને ઈન્સ્ટંસ્ટ તો ભાઈ, માત્ર મેગી જ બનેપ બાકી તો ધીરજ રાખવી પડે. બધુ કંઈ તરત ન થાય. ધીરજના અભાવને કારણે કે પછી વધુ પડતું વિચારતા રહેવાને કારણે થયું એ કે આજે મોટાભાગના લોકો માનસિક બીમારીનો ભોગ બન્યા છે. આ કારણે એમના અને સ્વજનોના જીવનમાં કલેશ અને કકળાટ વધી ગયો છે. લોકોને ઘરે કે પોતાનાં કામના સ્થળે ગમતું નથી, કારણ કે એમના જીવનમાં શાંતિ નથી, પરંતુ જીવનમાં અશાંતિનું મૂળ મનની અશાંતિ છે.આપણે સૌએ મનને શાંત કરતાં -રાખતાં શીખવું પડશે. દરેક વાતમાં મગજ ઘસવાનું બંધ કરવું પડશે.

એની જગ્યાએ સારું વાંચવામાં, સ્વજનોને પ્રેમ કરવામાં, એમની સાથે વાતો કરવામાં કે પછી માત્ર આપણું કામ કરવામાં આપણે ધ્યાન આપવું. આમ કરીશું તો આપણી પર્સનલ લાઈફ પણ અત્યંત સારી રહેશે અને આપણા કામના મોરચે પણ આપણે અવ્વલ રહીશું.જો કે, આપણે ગામ આખાને લઈને અત્યંત સજાગ રહીએ અને આપણી જાતને લઈને સજાગ રહેતા નથી એટલે મનની પાસે સતત કામ કરાવીએ છીએ અને શરીરને આરામ દઈએ છીએ ને પછી કારણ વિના ભોગવતા રહીએ છીએ.

શા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છેશરીરનું પીએચ લેવલ જાળવવું?

જ્યારથી યુપીએસસીએ સિવિલ સર્વિસિસની પ્રારંભિક પરીક્ષામાં સી-સેટના ફોર્મેટનો સમાવેશ કર્યો છે, ત્યારથી જનરલ સ્ટડીઝનો વ્યાપ ઘણો વધી ગયો છે. તેથી, પરીક્ષાર્થીઓએ જનરલ સ્ટડીઝના ઘણા નાના પ્રશ્નો નોલેજ બાઈટના રૂપમાં યાદ રાખવા જોઈએ. આ તેમને ખૂબ કામ આવે છે, માત્ર આઈએએસની પરીક્ષામાં જ નહીં, પરંતુ લગભગ તમામ પ્રકારની પરીક્ષાઓમાં હવે જનરલ સ્ટડીઝની વિશાળ શ્રેણીમાંથી પ્રશ્નો પૂછવાનો ટ્રેન્ડ શરૂ થયો છે, ત્યારે સતત એક વિષય પર ગંભીરતાથી અભ્યાસ કરવાની જરૂર ચોક્કસપણે હોય છે. વ્યક્તિએ ખૂબ જ ઝડપી ફોર્મેટમાં એક સાથે વિવિધ વિષયો પરના રસપ્રદ પ્રશ્નો દ્વારા જ્ઞાનની બાઈટ લેતા રહેવી જોઈએ, જે ગમે ત્યાંથી અચાનક પૂછાયેલા આવા પ્રશ્નોના જવાબ આપવા માટે ઉપયોગી છે. અહીં આવા ખૂબ જ વિચિત્ર પ્રશ્નોના તેમના સંપૂર્ણ જવાબ આપવામાં આવ્યા છે, જે એકવાર વાંચ્યા પછી સરળતાથી યાદ આવી જશે. તો ચાલો શરૂ કરીએ.આ પ્રશ્નનો સાચો જવાબ જાણતા પહેલા, આપણે જાણીએ કે પીએચ શું છે અને તેના સાચા લેવલનો અર્થ શું છે ? પીએચનું ફૂલ ફોર્મ છે પાવર ઑફ હાઈડ્રોજન અર્થાત્? હાઈડ્રોજનની શક્તિ. વાસ્તવમાં પ્રવાહીમાં હાઈડ્રોજન પરમાણુઓની સંખ્યા નક્કી કરે છે કે તે એસિડિક છે કે આલ્કલાઈન. જો કોઈ પ્રવાહી અથવા પ્રોડક્ટનો પીએચ ૧ અથવા ૨ હોય, તો તેનો અર્થ એ કે તે એસિડિક છે અને જો પીએચ ૧૩ અથવા ૧૪ છે, તો તેનો અર્થ એ કે તે આલ્કલાઈન છે. પીએચ સ્કેલ ૦ થી ૧૪ સુધી જાય છે. આમાં, ૦ એ સૌથી વધુ એસિડિક બિંદુ છે અને ૧૪ એ સૌથી વધુ આલ્કલાઈન બિંદુ છે, જ્યારે ૭ એ તટસ્થ બિંદુ છે. શરીરનું આદર્શ પીએચ સ્તર ૭.૩૫ થી ૭.૪૫ની વચ્ચે હોય છે. આ બિંદુઓની આસપાસ કોઈપણ નાના ફેરફારો આપણા શરીર પર ગંભીર અસરો કરી શકે છે. ઉદાહરણ તરીકે, જો શરીરનું પીએચ સ્તર ઘટીને ૬.૯ થઈ જાય, તો આપણે કોમામાં જઈ શકીએ છીએ.પીએચ સંતુલન આપણા સંપૂર્ણ આરોગ્ય માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ સંતુલન આપણા શરીરને સારી રીતે કાર્ય કરવામાં મદદ કરે છે. આ સંતુલનને કારણે, ઓક્સિજન શરીરના પેશીઓને પહોંચાડવામાં આવે છે, જેના કારણે શરીરમાં બાયોકેમિકલ પ્રક્રિયાઓ યોગ્ય રીતે થાય છે. જો શરીરમાં પીએચ સંતુલનમાં ગડબડ થઈ જાય, તો ગ્લાયકોલિટીક એન્ઝાઇમ, ફોસ્ફોફ્રુક્ટોકિનેઝ-૧ (પીએફકે-૧) ની પ્રવૃત્તિ મંદ પડી જશે, કારણ કે તે પીએચ પર આધારિત છે, જેના પરિણામે ચક્કર આવવા, ખૂબ થાક લાગવો, ભૂખ ન લાગવી, માથામાં દુખાવો થવો, ઝડપી શ્વાસ, ઊલટી, સુસ્તી, મૂર્છા, કોમા અને આખરે આપણું મૃત્યુ પણ થઈ શકે છે. હકીકતમાં, જ્યારે શરીર ખૂબ એસિડિક (એસિડોસિસ) અથવા ખૂબ આલ્કલાઈન (આલ્કલોસિસ) બની જાય છે, ત્યારે એવાં લક્ષણોઉદ્ભવી શકે છે, જે રોજિંદા પ્રવૃત્તિઓ પૂર્ણ કરવી અશક્ય બનાવે છે. જો કે, આવું બહુ સરળતાથી થતું નથી, કારણ કે શરીર પોતે પીએચ સંતુલન જાળવવામાં નિષ્ણાત છે, તેથી સામાન્ય રીતે આવી પરિસ્થિતિ મુશ્કેલીથી આવે છે.અત્યાર સુધીમાં તમે સમજી ગયા હશો કે પીએચ વાસ્તવમાં એક લઘુગણક સ્કેલ છે જેનો ઉપયોગ જલીય દ્રાવણની એસિડિટી અથવા ક્ષારતાને સ્પષ્ટ કરવા માટે થાય છે. આપણા શરીરના જુદા જુદા ભાગોનું પીએચ લેવલ અલગ-અલગ હોય છે,ઉદાહરણ તરીકે, પેટનું પીએચ ૧.૫ થી ૩.૫ની વચ્ચે હોય છે. ત્વચાનો પીએચ ૫.૪ થી ૫.૯ સુધીનો છે. યોનિનું પીએચ ૩.૮ થી ૪.૫ની વચ્ચે હોય છે. પીએચ રેન્જ ૦ – ૧૪ છે. ૭ કરતા વધારે પીએચ એટલે કે પદાર્થ આલ્કલાઈન છે. ૭ કરતાં ઓછી પીએચ એટલે કે પદાર્થ એસિડિક છે, જ્યારે પીએચ બરાબર ૭ હોય ત્યારે તે સૂચવે છે કે પદાર્થ તટસ્થ છે. શુદ્ધ પાણીનું પીએચ મૂલ્ય ૭ છે. એસિડિક સોલ્યુશનમાં પીએચ ૭ કરતા વધારે હોય છે. આલ્કલાઈન સોલ્યુશનમાં પીએચ ૭થી ઓછું હોય છે.





ઓહ ઉનાળો, આહ ઉનાળો પણ જરા સાચવજો!

આ ઋતુમાં શરીર સાજુમાજુ રહે એ માટે આપણે કેટલીક તો તકેદારી લેવી જ

ઉનાળો તો મૂળે આકરો હતો, એમાં ક્લાયમેટ ચેન્જ-આબોહવામાં થતાં ફેરફારને કારણે ઉનાળો હવે પહેલાંથી વધુ આકરો બન્યો છે. પહેલી નજરે લાગતી આ ગરમી કે તડકો એ માત્ર ગરમી નથી, પરંતુ આપણા માટે જીવનભર યાદ રહી જાય એવી આફતો નોતરી શકે છે, કારણ કે આ સમય સ્વાસ્થ્ય માટે પણ અત્યંત આકરો સાબિત થતો હોય છે, જે સમયમાં લૂ લાગવાથી લઈ સ્ટ્રોક આવવા સુધીની ગંભીર સમસ્યાઓના સૌથી વધુ કેસ બનતા હોય છે. બીજી તરફ, પુરુષને તો શિયાળો હોય કે ઉનાળો, એના કામ કે એની જવાબદારીઓમાં કોઈ ફરક આવવાનો નથી. એણે તો દોડ્યે જ રાખવાનું છે. આમ છતાં, આ સમયમાં એ કેટલીક તકેદારી રાખે એ અત્યંત મહત્ત્વનું છે.

આપણે અહીં એમ ચર્ચા નહીં કરીએ કે તમે સનસ્ક્રિન લોશન ચોપડીને બહાર નીકળજો કે ઉનાળામાં આવા કપડાં પહેરજો.. પરંતુ તો યે એણે ખાવા-પીવાને લઈને અમુક વાતનું વિશેષ ધ્યાન રાખવું પડશે.જેમ કે પુરુષ મોટાભાગે ઘરેથી વહેલો નીકળે છે અને સાંજે મોડો ઘરે આવે છે તો દિવસ દરમિયાન પણ તે અહીંથી તહીં ફરતો રહે છે.આવા સમયે ક્યાં તો પુરુષ ઘરેથી જમવાનું નથી લઈ જતો અથવા તો તે ઘરનું લઈ ગયો હોય તો પણ બહાર કંઈ ને કંઈ તો ખાતો રહે છે.

એક ગાઈડલાઈનમાં સરકારે સુધ્ધાં કહ્યું છે કે ગરમીના દિવસોમાં બહારનું ખાવાનું ટાળવું, કારણ કે બહારનો ખોરાક વાસી હોય છે તેમજ તળેલો અથવા મસાલેદાર હોય છે. આ ખોરાકથી ગરમીના દિવસોમાં આસાનીથી તબિયત બગડી જતી હોય છે એટલે આ દિવસો દરમિયાન બહારનું ખાવાનું સદંતર ટાળવું.એક હેલ્થ એક્સપર્ટ એમ પણ કહે છે કે પુરુષ મોટાભાગે કોઈ ને કોઈ વ્યસનનો બંધાણી હોય છે. ક્યાં તો એને માવા અને પાનમસાલા કે સિગારેટની ટેવ હોય છે. અથવા તો આલ્કોહોલ લેતો હોય છે, પરંતુ ગરમીના દિવસોમાં શરીરને હાઈડ્રેડ રાખવાની અત્યંત જરૂર હોય છે એટલે કે શરીરમાં પ્રવાહી પૂરતા પ્રમાણમાં રહે એ જરૂરી છે, કારણ કે આલ્કોહોલ કે કેફીન માણસને વધુ પડતા પસીના કે પેશાબથી ડિહાઈડ્રેડ કરી દે છે. વળી, ગરમીના સમયે શરીરની આંતરિક ક્રિયાઓમાં અત્યંત દબાણ સર્જાતું હોય છે. એવા સમયે કેફીન કે આલ્કોહોલ શરીર માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે માટે આ દિવસો દરમિયાન પુરુષોએ કોઈ પણ પ્રકારનું વ્યસન ટાળવું. આખરે જાત મહત્ત્વની છે. શોખ નહીં!આ ઉપરાંત ડાયેટિશિયન-આહારશાસ્ત્રી એમ સલાહ આપે છે કે આ દિવસોમાં પાણી પીતા રહેવું. સાથે છાસ કે લીંબુપાણી જેવાં દ્રાવણનો પણ મારો ચલાવવો. આ દિવસોમાં ચા- કોફી પણ પીવું ટાળવું. જો કે , પુરુષ આ વાતને લઈને લઘરો હોય છે. ઘણી વાર તો સવારે ઘરેથી લીધેલી પાણીની બોટલ પણ અડધી જ પીધી હોય છે. આ પણ યોગ્ય નથી. ગરમી દરમિયાન શરીરમાં દિવસના બેથી ત્રણ લિટર પાણી ઠલવાવું જોઈએ. એમાં આળસ નહીં કરવાની. . આખરે આ આપણી પોતાની જાત છે. આપણને આપણા સિવાય એને બીજું કોણ સુખી કરી શકવાનું ? અને આપણું સુખ આપણા સ્વાસ્થ્ય સાથે જ સંકળાયેલું છે. ડાયેટિશિયનની બીજી સલાહ એ છે કે ઉનાળા દરમિયાન અનાજ કે ભારે ખોરાક ઓછો ગ્રહણ કરો. એની જગ્યાએ હળવો ખોરાક દિવસમાં થોડા થોડા અંતરે લેતા રહો. એમાં ય ઉનાળાનાં ફળ જેવા કે તરબૂચ, જાંબુ, તાડગિલ્લી, ચીકુ કે કેરીને પોતાના ખોરાકમાં વધુ સામેલ કરો.

દ્રષ્ટિકોણ જનવાણી
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

સોનગઢમાં દિવાળી મેળામાં ચગડોળ અને સાહસિક રમતોની સુરક્ષાનું શું?

ઉકાઈ રોડ પર શ્રીજી ગૌશાળા સામે મેળાનું આયોજન, તમામ જરૂરી NOC અને સુરક્ષા મંજૂરી લેવાઈ છે કે કેમ? તંત્રની જવાબદારી સામે સવાલો

સોનગઢઃ દિવાળીના તહેવાર દરમિયાન ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ઓછા ખર્ચે મનોરંજનનો આનંદ મળે તે હેતુથી સોનગઢ નગરના ઉકાઈ જતા રોડ પર શ્રીજી ગૌશાળા સામે વિવિધ ખેલ-રમતો, ચગડોળ અને આનંદમેળાનું આયોજન થઈ રહ્યું છે. જોકે, આ આનંદમેળામાં લોકોની સુરક્ષાને લઈને હવે કેટલાક મહત્ત્વના સવાલો ઊભા થઈ રહ્યા છે. મેળાના આયોજન માટે તમામ જરૂરી સરકારી મંજૂરીઓ અને ર્ફ્ંઝ મેળવવામાં આવી છે કે કેમ? ચગડોળ સહિતનાં યાંત્રિક સાધનોનું ટેક્નિકલ ચેકિંગ થયું છે કે કેમ? અને કોઈ દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોની રહેશે?

દિવાળીના તહેવારોમાં દરેક પરિવાર પોતાની આર્થિક ક્ષમતા પ્રમાણે ખુશીઓ માણવાનો પ્રયાસ કરે છે. મોંઘવારી અને મર્યાદિત આવક વચ્ચે બોનસ, બોણી કે એડવાન્સ જેવી સુવિધાઓથી વંચિત અનેક શ્રમિકો, ખેડૂતો અને મધ્યમવર્ગીય પરિવારો માટે દિવાળીની ખુશીઓ પણ સીમિત બની રહી છે. આવા સંજોગોમાં ઓછા ખર્ચે પરિવાર સાથે આનંદ માણી શકાય તેવા મેળાઓનું વિશેષ મહત્ત્વ છે. પરંતુ મનોરંજનની સાથે સુરક્ષાને પણ એટલું જ મહત્ત્વ આપવું જરૂરી છે. ચગડોળ અને અન્ય સાહસિક રમતોમાં ઉપયોગમાં લેવાતાં યાંત્રિક સાધનોની સમયાંતરે સર્વિસિંગ, ટેક્નિકલ તપાસ, મજબૂતાઈ અને કાર્યક્ષમતાની ચકાસણી થવી અનિવાર્ય છે.

માત્ર મેળાનું આયોજન કરવાથી જવાબદારી પૂર્ણ થતી નથી, પરંતુ તેમાં આવતા દરેક નાગરિકની સુરક્ષા સુનિશ્ચિત કરવી પણ એટલી જ જરૂરી છે. મેળાના આયોજનમાં પોલીસ વિભાગ, મામલતદાર કચેરી, નગરપાલિકા, ફાયર વિભાગ સહિત સંબંધિત સત્તાધિકારીઓની લાગુ પડતી મંજૂરીઓ અને સુરક્ષા સંબંધિત પ્રમાણપત્રો મેળવવામાં આવ્યાં છે કે કેમ તે અંગે તંત્રએ સ્પષ્ટતા કરવી જોઈએ. ખાસ કરીને ચગડોળ અને અન્ય યાંત્રિક રમતોની સલામતીની તપાસ કોણે કરી છે અને તેની માન્યતા કેટલી છે તે જાણવું લોકો માટે જરૂરી છે. કોઈપણ દુર્ઘટના સર્જાયા બાદ તપાસ, જવાબદારી અને વળતર જેવા પ્રશ્નો ઊભા થાય તેના કરતાં અગાઉથી જ તમામ સુરક્ષા વ્યવસ્થાઓની ચકાસણી કરવી વધુ જરૂરી છે.

મેળાના સ્થળે જરૂરી મંજૂરીઓ, સુરક્ષા પ્રમાણપત્રો અને જવાબદાર સંચાલકોની વિગતો દર્શાવતું માહિતી બોર્ડ મૂકવામાં આવે તો લોકોમાં વિશ્વાસ વધે.આથી સંબંધિત સરકારી તંત્ર મેળાની સ્થળ તપાસ કરે, તમામ જરૂરી ર્ફ્ંઝ અને પ્રમાણપત્રોની ખરાઈ કરે, ચગડોળ સહિતનાં સાધનોનું ટેક્નિકલ નિરીક્ષણ કરાવે અને જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરે તેવી લોકમાગ ઊઠી રહી છે. દિવાળીના પર્વમાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ખુશીઓ માણવાનો અધિકાર છે. આવા મેળાઓને પ્રોત્સાહન મળવું જોઈએ, પરંતુ લોકોની સુરક્ષાના ભોગે નહીં. મેળામાં આવનાર દરેક પરિવાર હસતા મોઢે આવે અને સુરક્ષિત રીતે ઘરે પરત ફરે તે માટે આયોજકો અને સંબંધિત તંત્રએ પોતાની જવાબદારી ગંભીરતાથી નિભાવવી જરૂરી છે.

જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને સુરત જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઈ



મોગલધામ ખાતે હાઈમાસ્ટ ટાવર સ્થાપિત કરાશેઃ નેશનલ હાઈવે પર હાઈવે ઓથોરિટી દ્વારા ૩૨૦ દબાણો દૂર કરાયાં

સુરત,જિલ્લા કલેકટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને સુરત જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા, માર્ગ સલામતીના અસરકારક અમલીકરણ તેમજ અકસ્માતોની સંભાવના ધરાવતા સ્થળોએ જરૂરી તકેદારી અને માળખાકીય સુવિધાઓ વિકસાવવા અંગે વિસ્તૃત ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન મોગલધામ ખાતે વાહનચાલકોની સુરક્ષા અને માર્ગ સલામતીને ધ્યાનમાં રાખીને હાઈમાસ્ટ ટાવર સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ સ્થળે ફુટ ઓવરબ્રિજ બનાવવાનું આયોજન પણ હાથ ધરવામાં આવી રહ્યું છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કરવામાં આવેલા અનધિકૃત દબાણો સામે કાર્યવાહી હાથ ધરી કુલ ૩૨૦ દબાણો દૂર કરવામાં આવ્યા હોવાની વિગતો હાઈવેના અધિકારીએ આપીહતી. માર્ગ અકસ્માતો અટકાવવા જનભાગીદારી વધારવાના હેતુથી 'સડક સુરક્ષા મિત્ર પ્રોગ્રામ' અંતર્ગત ૩૦ વોલેન્ટિયરોનું રજિસ્ટ્રેશન કરી તેમને જરૂરી તાલીમ આપવામાં આવી હોવાનું પણ બેઠકમાં જણાવાયું હતું. આ પહેલના માધ્યમથી નાગરિકોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ વધારવા અને અકસ્માત નિવારણની કામગીરીને વધુ અસરકારક બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

બારડોલી આર.ટી.ઓ. અધિકારી દ્વારા જિલ્લામાં થયેલા જીવલેણ માર્ગ અકસ્માતોની વિસ્તૃત વિગતો રજૂ કરવામાં આવી હતી. અકસ્માતોના કારણો, અકસ્માતોની સંભાવના ધરાવતા સ્થળો તથા ભવિષ્યમાં આવા અકસ્માતો અટકાવવા માટે લેવામાં આવનાર પગલાં અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લામાં ઓળખાયેલા બ્લેક સ્પોટ્સ પર કરવામાં આવી રહેલી કામગીરી, માર્ગ સલામતીને લગતા એન્જિનિયરિંગ સુધારા તથા સંબંધિત વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીના પ્રગતિ અહેવાલની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા અને નાગરિકોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવા તમામ સંબંધિત વિભાગો વચ્ચે સંકલન સાથે જરૂરી કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે દિશામાં બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો. બેઠકમાં સુરત આરટીઓ અધિકારી, આરોગ્ય, આરટીઓ, હાઈવે, માર્ગ અને મકાન વિભાગ, માહિતી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઓલપાડની ૧૧,૦૦૦થી વધુ ગંગાસ્વરૂપ અને જરૂરિયાતમંદ બહેનોને સાડી, મીઠાઈનું વિતરણ

કીમના પૂજા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા દિવાળી પર્વ નિમિત્તે વિતરણ કરાયું



ઓલપાડ : દીપાવલીનો તહેવાર ખુશીઓ અને ઉમંગનો તહેવાર છે, જ્યાં દરેક પરિવાર પોતાના ઘરોને શણગારીને અને નવા વસ્ત્રો પહેરીને ઉત્સાહપૂર્વક ઉજવણી કરે છે. પરંતુ, સમાજના કેટલાક ગરીબ અને પછાત વિસ્તારોના પરિવારો આ ખુશીઓથી વંચિત રહી જતા હોય છે. આવા વંચિત વર્ગના ચહેરા પર સ્મિત લાવવાના ઉમદા હેતુસર કીમ ગામના અગ્રણી અને અવારનવાર સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા મોખરે રહેતા પૂજા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના આનંદભાઈ ઉપાધ્યાય અને અજયભાઈ ઉપાધ્યાય દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ દીવાળીના પાવન અવસર પર ઓલપાડ તાલુકાના વિવિધ ગામોના આદિવાસી વિસ્તારોની ગરીબ ગંગાસ્વરૂપ (વિધવા) બહેનો અને વૃદ્ધ મહિલાઓને દિવાળીની ભેટરૂપે ૧૧,૦૦૦ થી વધુ સાડીઓ અને મીઠાઈના બોક્સનું ભવ્ય વિતરણ કરવામાં આવ્યું હતું. પૂજા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા માત્ર શિક્ષણ ક્ષેત્રે જ નહીં, પરંતુ ગરીબોના જીવન ઘડતર અને ઉત્થાન માટે અવારનવાર આવી અનેકવિધ લોકઉપયોગી સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

આ સેવાયજ્ઞના શુભારંભ પ્રસંગે ઓલપાડ તાલુકાના લોકલાડીલા ધારાસભ્ય અને અગ્રણી મુકેશભાઈ પટેલ સહિતના અનેક માનવંતા આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી આ સેવા કાર્યની શરૂઆત કરવામાં આવી હતી અને ઉપસ્થિત બહેનોને પોતાના હસ્તે સાડી તથા મીઠાઈનું વિતરણ કરી દિવાળીની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આનંદભાઈ ઉપાધ્યાય અને અજયભાઈ ઉપાધ્યાયની આ માનવતાવાદી પહેલથી ગરીબ પરિવારોની દીવાળી પણ ખુશીઓથી રોશન બની હતી, જેનાથી સમગ્ર વિસ્તારમાં પૂજા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના આ સેવાકાર્યની ભારે પ્રશંસા થઈ રહી છે.

બારડોલી ડિવીઝન પોસ્ટ ઓફીસ ખાતે 'ડાક અદાલત' યોજાશે

તા.૧૦ નવેમ્બર સુધીમાં ટપાલ સેવા તથા પેન્શન સંબંધી ફરિયાદો સ્પષ્ટ અને મુદ્દાસર રીતે મોકલી આપવા અનુરોધ

સુરતઃ આગામી તા.૧૦/૧૧/૨૦૨૬ને મંગળવારે ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે બારડોલીના લીમડા ચોક સ્થિત બારડોલી ડિવિઝનની સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસ ખાતે બપોરે ૩:૦૦ કલાકે 'ડાક અદાલત' યોજાશે. જેમાં નીતિ વિષયક મુદ્દા સિવાયની ટપાલ સેવાઓ અને પોસ્ટલ પેન્શનને લગતા મુદ્દાઓ સબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરવામાં આવશે. જે માટે આ અદાલતમાં રજુ કરવાની થતી ટપાલ સેવા તથા પેન્શન સંબંધી ફરિયાદો સ્પષ્ટ અને મુદ્દાસર રીતે સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસ, બારડોલી ડિવિઝન, લીમડા ચોક, મોદી ટાવર, બારડોલી-૩૯૪૬૦૧ ખાતે તા.૧૦ નવેમ્બર સુધીમાં મોકલી આપવી. નિર્ધારિત સમય બાદ મળેલી ફરિયાદો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. તેમજ નીતિ વિષયક આધારિત મુદ્દાઓની સુનાવણી હાથ ઉપર લેવામાં આવશે નહીં તેમ બારડોલી ડિવીઝન પોસ્ટ ઓફિસના અધિક્ષકની યાદીમ જણાવ્યું છે.

દિવાળી પહેલા ગુજરાતમાં ફૂડ વિભાગની મેગા ડ્રાઈવ

જામનગર, દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે તહેવારમાં મીઠાઈ, ફરસાણ અને અન્ય ખાદ્યપદાર્થોની ખરીદી કરતા લોકોએ સાવધાન રહેવાની જરૂર છે. તહેવાર દરમિયાન ખાદ્યપદાર્થોમાં ભેળસેળ ન થાય અને લોકોને શુદ્ધ ખાદ્યસામગ્રી મળી રહે તે માટે રાજ્યભરમાં ફૂડ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે. રાજકોટ, અમદાવાદ અને જામનગરમાં તંત્ર દ્વારા અલગ-અલગ સ્થળોએ દરોડા અને ચેકિંગની કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટમાં દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને ફૂડ વિભાગની ટીમે મીઠાઈ, મુખવાસ અને ડ્રાયફ્રૂટ સહિતની ૪૭ પેઢીઓમાં તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન અંદાજે ૧૮ કિલો અખાદ્ય ખાદ્યસામગ્રીનો જથ્થો મળી આવતા તેનો નાશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, હાઈજીન અને લાઇસન્સ સંબંધિત નિયમોનું પાલન ન કરતી ૭ પેઢીઓને નોટિસ ફટકારવામાં આવી હતી.

૮ ગોલ્ડ સહિત ૧૩ મેડલ જીતી રચ્યો ઈતિહાસ

ઈન્ડો-નેપાળ કરાટે ચેમ્પિયનશિપમાં રાજકોટની દીકરીઓએ ડંકો વગાડ્યો

આનંદમયી કન્યા વિદ્યાલયની ૧૩ વિદ્યાર્થિનીઓએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લીધો અને તમામે મેડલ જીત્યો

રાજકોટ, તા.૪


રમતગમત ક્ષેત્રે રાજકોટની દીકરીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે શહેરનું નામ રોશન કર્યું છે. ઈન્ડો-નેપાળ કરાટે ચેમ્પિયનશિપમાં રાજકોટની આનંદમયી કન્યા વિદ્યાલયની ૧૩ વિદ્યાર્થિનીઓએ શાનદાર પ્રદર્શન કરીને કુલ ૧૩ મેડલ પોતાના નામે કર્યા છે. આ સિદ્ધિમાં ૮ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. સ્પર્ધામાં ભાગ લેનારી તમામ ૧૩ વિદ્યાર્થિનીઓએ મેડલ જીતીને શાળા અને પરિવારનું ગૌરવ વધાર્યું છે.

ઈન્ડો-નેપાળ કરાટે ચેમ્પિયનશિપમાં આનંદમયી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ આત્મવિશ્વાસ, શિસ્ત અને રમતકૌશલ્યનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. વિવિધ સ્પર્ધાત્મક મુકાબલામાં પોતાની પ્રતિસ્પર્ધીઓને ટક્કર આપીને વિદ્યાર્થિનીઓએ એકસાથે ૧૩ મેડલ મેળવ્યા હતા. આ સિદ્ધિમાં ૮ ગોલ્ડ મેડલ સાથે ૪ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. ખાસ વાત એ છે કે સ્પર્ધામાં ઉતરેલી એકપણ વિદ્યાર્થિની ખાલી હાથે પરત ફરી નથી. શાળામાં વિદ્યાર્થિનીઓને માત્ર શૈક્ષણિક જ્ઞાન જ નહીં, પરંતુ શારીરિક ક્ષમતા અને આત્મરક્ષણ માટે પણ વિશેષ તાલીમ આપવામાં આવે છે.

કરાટેની નિયમિત પ્રેક્ટિસથી વિદ્યાર્થિનીઓમાં શિસ્ત, એકાગ્રતા, માનસિક મજબૂતી અને આત્મવિશ્વાસનો વિકાસ થાય છે. આ તાલીમના પરિણામે વિદ્યાર્થિનીઓ રમતગમત ક્ષેત્રે પોતાની પ્રતિભા દર્શાવવાની સાથે સ્વબચાવ માટે પણ સક્ષમ બની રહી છે.

ફિલ્મનામા : અમિતાભ-શત્રુઘ્ન સિંહા લગ્ન ને રિસેપ્શન

વાત અમિતાભ-જયાના, અભિષેક-ઐશ્વર્યાના અને કુશ-તરુણાનાં લગ્નની



૩જૂન, ૨૦૨૬નો દિવસ બિગ બી ફેન્સ માટે બહુ મહત્ત્વનો હતો, કારણકે એ દિવસે અમિતાભ દાદા-જયાદાદીનાં લગ્નજીવનના એકાવન વરસ પુરાં થયાં. આ એકાવન વરસના દામ્પત્ય જીવન દરમિયાન ઘરમાં બિગ બીની દાદાગિરી ચાલતી હોવાના અનેક પ્રસંગના દસ્તાવેજી પુરાવા ય ઉપલબ્ધ છે, પરંતુ એકાવનનો આંકડો અપનેઆપમાં એક માઈલસ્ટોન છે. એ ય હકીકત છે કે નાના-મોટાં ઉતાર-ચઢાવ બાદ કરો તો બચ્ચન દંપતી વચ્ચે અભિમાન' ફિલ્મ જેવું કશું ઘટિત થયું નથી એટલે પણ ૩ જૂન, ૧૯૭૩ના દિવસે બચ્ચન દંપતીના વિવાહને ફાસ્ટ ફોરવર્ડ શૈલીમાં રિવાઈઝ કરવામાં વાંધો નથી.બંસી-બિરજુ' અને એક નઝર' ફિલ્મની નાકામિયાબી પછી અમિતજી-જયાજીની જંજિર' ફિલ્મ સફળ થઈ એટલે તેની ઉજવણી વાસ્તે એ બન્ને પરદેશ જવા માંગતા હતા, પરંતુ પરણ્યા વગર અમિત-જયા વિદેશ જાય એ હરિવંશરાય બચ્ચન અને તેજી બચ્ચનજીને મંજૂર નહોતું. આ કારણે જ અમિતજી-જયાજીના લગ્ન તાબડતોબ ગોઠવાયા. ૨૦૨૪નાં તો અમિતજી જૂહુમાં જનક-જલસા-વત્સ અને પ્રતીક્ષા જેવાં ચાર બંગલા વત્તા બે વૈભવી ફ્લેટના પણ માલિક છે. જોકે, ૧૯૭૩માં એ બધા જૂહુનાં મંગલ' અપાર્ટમેન્ટના ફ્લેટમાં રહેતા હતા. જાન લઈને એ બધા મલબાર હિલમાં આવેલા સ્કાયલાર્ક અપાર્ટમેન્ટમાં ગયા હતા પોતાની પોંટીએફ કારમાં જયા ભાદુરીનો પરિવાર ત્યાં રહેતો હતો.

કારમાં અમિતજી સાથે બાળપણના ભેરૂ સંજય ગાંધી પણ હતા. બડે બચ્ચનજી તરફથી લગ્નમાં ધર્મધીર ભારતી, પુષ્પા ભારતીજી, ભગવતીચરણ શર્મા, નરેન્દ્ર શર્મા જેવા સાહિત્યકારો હતા તો જયાજીના પક્ષે જાનૈયાને આવકારવા (કોમેડિયન) અસરાની ખડેપગે હતા. જયાજીએ ગુલઝારને રાખી-ભાઈ બનાવ્યા છે એટલે એ પણ પોતાની નવપરિણીત દુલ્હન રાખી સાથે ઉપસ્થિત હતા. બધાને ખબર છે તેમ હરિવંશરાયજીને માત્ર બે પુત્ર (અમિતાભ-અજિતાભ) છે એટલે શુકનનું તિલક કરવા તેમ જ સાફો પહેરાવવા માટે બચ્ચન બંધુઓની માનેલી બહેન નીરજા ખેતાન હાજર હતાં . એ પછી સોનિયા ગાંધી પણ અમિતાભ બચ્ચનના રાખી સિસ્ટર તરીકે અંગતજન બન્યાં હતા.

જયાજીનાં દાદી લગ્નની વિધિ દરમિયાન શંખ વગાડતા હતા તો જયાજીની નાની બહેન નીતા ભાદુરી સતત મોટી બહેનની કાળજી લેતી હતી. ઉત્સાહ અને કાળજી લેવામાં જયાજી ફેરા ફરતા હતા ત્યારે નીતા ભાદુરી પણ જાજરમાન વસ્ત્રો સંકોરીને એમની સાથે ફેરા ફરતા હતા. એ જોઈને તેજી બચ્ચનજીએ કરેલી હળવી ટકોર પર બધા હસી પડેલા. એમણે કહેલું: અરે પગલી, આ રીતે સાથે ફેરા લઈ લઈશ તો અમિતનો તારા પર પણ અધિકાર થઈ જશેપ! '

અમિતાભ-જયાજીના લગ્નની આવી બારિક વાતો આપણને એટલે જાણવા મળી (અને ગ્રંથસ્થ પણ થઈ) કારણ કે એ લગ્નમાં સિધ્ધહસ્ત લેખિકા પુષ્પા ભારતીજી પણ ઉપસ્થિત હતા, પરંતુ શ્વેતા બચ્ચન કે અભિષેક બચ્ચનના લગ્નની આવી દિલકશ વાતો કદાચ, ક્યારેય સામે નહીં આવે, કારણ કે અમિતાભે પોતાના પુત્ર-પુત્રીના લગ્નમાં બહુ સિલેકટીવ-ચુનંદા લોકોને જ બોલાવ્યા હતા. એ લગ્નમાં એવા લોકો વધુ હતા કે જે કોઈ લખવાની વૃત્તિવાળું નહીં હોય એટલે આપણે મીડિયામાં પ્રગટ થયેલી વાતો અને ફોટોગ્રાફસથી જ મન મનાવી લેવું પડે.અત્યારે ચર્ચાએ ચઢેલા અભિષેક બચ્ચનના લગ્ન ઐશ્વર્યા સાથે થયા ત્યારે અનેક સેલિબ્રિટીને આઘાત લાગ્યો હતો કે બચ્ચનજીએ એમને લગ્નનું આમંત્રણ જ પાઠવ્યું નહોતું. મોટા માણસના લગ્નમાં આવું તો થતું રહે, પરંતુ એ લગ્નની એક ખાટી યાદ તો ચોપડે નોંધાઈ જ ગઈ છે.

અભિષેક-ઐશ્વર્યાના લગ્નમાં જેમને આમંત્રણ નહોતું આપી શકાયું એમને બચ્ચનજીએ પછી મીઠાઈના બોક્સ મોકલ્યા હતા. આ રીતે પુત્રના લગ્નની ખુશાલી એમણે વહેંચેલી, પણ શત્રુઘ્ન સિંહાએ આ મીઠાઈ પાછી મોકલી દીધી હતી એ સમાચાર ખાસ્સા ચમકયા હતા.

શત્રુઘ્ન સિંહા અને અમિતાભ બચ્ચન વચ્ચે આમ પણ ઝાઝો મનમેળ નથી. શોટગન સિંહા તો જરા આકરા બોલા અને ઈગોસ્ટિક તરીકે જાણીતાય છે.

આ જ ગીત તમારાથી બહેતર ગાઈ બતાવીશ!



અશોક કુમાર, અનુપ કુમાર અને કિશોર કુમાર — મધ્ય પ્રદેશના ખંડવા શહેરની બંધુ ત્રિપુટી હિન્દી ફિલ્મ ઈતિહાસનું એક સુવર્ણ પ્રકરણ છે. વચેટ ભાઈ અનુપ કુમારને સરખામણીમાં ઓછી નામના મળી. જોકે, જ્યેષ્ઠ બંધુ અશોક કુમાર અને અનુજ કિશોર કુમારનું યોગદાન અવિસ્મરણીય છે. બંને ભાઈની રેન્જ એટલી વિશાળ છે કે એક આખું પુસ્તક લખી શકાય. રવિવાર, ૧૩ ઓક્ટોબરે દાદામોની અશોક કુમારની જન્મતિથિ છે અને એ જ દિવસે 'ઉછલમ કુદમ' કિશોરદાની પુણ્યતિથિ છે એ નિમિત્તે એમની વિશિષ્ટ સ્મૃતિને ઢંઢોળવી રસપ્રદ બની રહેશે.

૧૯૩૬માં 'જીવન નૈયા'થી એક્ટિંગ શરૂ કરનારા અશોક કુમાર ૬૦ વર્ષ સુધી ફિલ્મો કરતા રહ્યા. કિશોરદાની અભિનય અને ગાયક યાત્રાનો પ્રારંભ ૧૯૪૬થી થયો અને ૧૯૮૭માં અવસાન થયું ત્યાં સુધી અવિરત ચાલતો રહ્યો. અશોક કુમારેઅભિનયમાં અને કિશોર કુમારે ગાયકીમાં ઉત્તુંગ શિખરો સર કર્યા. ગાયકીની જેમ એક્ટિંગમાં પણ કિશોરદાનું બહોળું યોગદાન છે. અશોક કુમારે કરિયરના પ્રારંભમાં ગીત ગાયા છે.

એવાં બે ગીત છે , જે પ્રથમ અશોક કુમારના સ્વરમાં રજૂ થયા છે અને કેટલાંક વર્ષો બાદ કિશોર કુમારે પણ ગાયા છે. નિઃસંકોચ પણે કહી શકાય કે અશોક કુમારના સ્વરમાં રજૂ થયેલા ગીત એ સમયની જનતાને પસંદ પડ્યા હોઈ શકે છે, પણ ગુણવત્તામાં કિશોરદા એમનાથી બાર નહીં , બારસો કે બાર હજાર ગાઉ આગળ છે.બંને ગીત સાથે સંકળાયેલી કથાપણ જાણવા જેવી છે.

૧૯૩૬માં રિલીઝ થયેલી અશોકકુમારની પહેલી ફિલ્મ 'જીવન નૈયા'માં 'કોઈ હમદમ ના રહા' ગીત અશોક કુમારે ગાયું છે. ગીતકાર હતા જે. એસ. કશ્યપ અને સંગીતકાર હતાં સરસ્વતી દેવી. ફિલ્મ રિલીઝ થઈ ત્યારે ગીત દર્શકોને પસંદ પડ્યું હતું. એ વખતે કિશોરદાની ઉંમર છ વર્ષની હતી. મોટા ભાઈ સાથે કયારેક શૂટિંગમાં કે રેકોર્ડિંગમાં જતા. 'કોઈ હમદમ ના રહા'ના રેકોર્ડિંગ વખતે 'આ ગીત મારે ગાવું છે' એવી જીદ બાળક કિશોરે પકડી હતી. જોકે, એ સમયે કિશોરદાનો અવાજ ઘોઘરો હોવાથી મોટાભાઈએ એની વાત હસી કાઢી હતી. ત્યારે જ નાનાભાઈએ 'જોજો, એક દિવસ આ જ ગીત હું ગાઈશ અને તમારા કરતાં સારું ગાઈ બતાવીશ' એવું મોટાભાઈને કહી દીધું હતું. ૧૯૬૧માં 'ઝુમરુ' ફિલ્મમાં કિશોરદાએ 'કોઈ હમદમ ના રહા' ગાયું અને ગીતને એક ઊંચાઈ પર બેસાડી દીધું. કિશોરદાનાં ગ્રેટ ગીતોમાં એનું સ્થાન પહેલા પાંચમા આવે. અલબત્ત, બંને ગીતનું મુખ્ડું જ સરખું છે. બાકીના અંતરા એકદમ ભિન્ન છે.બીજું ઉદાહરણ છે 'એક ચતુર નાર'. આ ગીતનો ઉલ્લેખ થતા 'પડોસન' ફિલ્મ અને મન્નાડે — કિશોર કુમારની જુગલબંધી તરત યાદ આવી જાય.

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
E-mail : drashtikonjanvani09@gmail.com

ભરૂચ કોર્ટ કેમ્પસમાંથી બાઈક ચોરનારા પંજાબના ત્રણ રીઢા આરોપીઓ ઝડપાયા



દ્રષ્ટિકોણ-ભરૂચઃ ભરૂચ કોર્ટ કેમ્પસમાંથી ગત તા. ૨૭/૧૦/૨૦૨૬ના રોજ સવારે સાડા દસ વાગ્યાના અરસામાં હીરો-હોન્ડા CD-DOWN મોટરસાઈકલ નંબર GJ-16-R-3517ની ચોરી થઈ હતી. આ અંગે ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી.પોલીસની સર્વેલન્સ ટીમે વિવિધ સ્થળોના CCTV ફૂટેજનું વિશ્લેષણ કરતાં ત્રણ શખ્સો મોટરસાઈકલ સાથે નજરે પડ્યા હતા. તપાસમાં ત્રણેય અગાઉ પણ મોટરસાઈકલ ચોરીના ગુનામાં સંડોવાયેલા હોવાનું અને ચોરીના દિવસે કોર્ટની મુદ્દતે ભરૂચ આવ્યા હોવાનું સામે આવ્યું હતું. ડોઝિયરની માહિતી, હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસને આરોપીઓની બાતમી મળી હતી.

બાતમીના આધારે પોલીસે નંદેલાવ બ્રિજથી ગોદી રોડ તરફ વોચ ગોઠવી હતી. દરમિયાન ચોરીની મોટરસાઈકલ સાથે આવતા વિશાલદીપસિંગ હરપાલસિંગ સિંધ, દલજીતસીંગ હરદીપસીંગ સિંધ અને અજયપાલ સુરેન્દ્રસિંગ સિંધ (ત્રણેય હાલ રહે. આશિર્વાદ હોટેલની બાજુમાં, એલ એન્ડ ટી કોલોની, તા. વાગરા, જિ. ભરૂચ, મૂળ રહે. જિ. તરનતારન, પંજાબ)ને ઝડપી પાડ્યા હતા. પૂછપરછમાં ત્રણેયે કોર્ટ કેમ્પસમાંથી મોટરસાઈકલ ચોરી કર્યાની કબૂલાત આપી હતી.પોલીસે ચોરીમાં ગયેલી હીરો-હોન્ડા CD-DOWN મોટરસાઈકલ, કિંમત રૂ. ૩૦,૦૦૦ કબજે કરી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉપલેટા પોલીસને અંધારામાં રાખી નિલાખા ગામે LCBનો વધુ એક દરોડો : ૧૮૧૨ બોટલ ઈંગલીશ દારૂ સાથે રોહિત ડાંગર ઝડપાયો



દ્રષ્ટિકોણ-ઉપલેટાઃ સ્થાનિક પોલીસને અંધારામાં રાખી રૂરલ LCB SOG પોલીશ દારૂ જુગાર ગાંજા સહિતની ગેરકાયદેસર પ્રવૃર્તીઓ ઉપર ઉપરા ઉપરી દરોડા પાડી રહી છે.

આજે પણ ઉપલેટા પોલીસ સ્ટેશન નીચેના નિલાખા ગામની સીમમાંથી રોહિત ગોવિંદ ડાંગર ને ૧૮૧૨ બોટલ ઈંગ્લિશ દારૂ કિંમત રૂ ૨,૫૩,૬૮૦ તથા ફોરવીલ રૂ ૨,૫૦,૦૦૦ મળી રૂ ૫,૦૮,૬૮૦ ના મુદ્દા માલ સાથે રૂરલ LCB પોલીસે પકડી પાડી કાયદેસર કરેલ છે તેમાં વાડી માલિક લખમણ સીદા મકવાણા અને માલ આપનાર જામનગરના નગા જગા કરમુરને પકડવાના બાકી છે

આ કામગીરીમાં LCB પી.આઈ જેપી રાવ સાથે પીએસઆઈ કે એમ ચાવડા એચ સી ગોહિલ આરવી ભીમાણી પીએન ભરવાડ સહિત સ્ટાફ ના બાલકૃષ્ણભાઈ ત્રિવેદી અનિલભાઈ બળકોદિયા મેહુલભાઈ સુવા અરવિંદસિંહ જાડેજા કૌશિકભાઈ જોશી નિલેશભાઈ ડાંગર શક્તિસિંહ જાડેજા મીરલભાઈ ચંદ્રવાડીયા અને અબ્દુલભાઈ શેખ સાથે રહ્યા હતા.

પાનોલી GIDCની સુપ્રીમ ઓઈલ કંપનીમાં આગથી દોડધામ



દ્રષ્ટિકોણ-અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકાના પાનોલી GIDC વિસ્તારમાં આવેલી સુપ્રીમ ઓઈલ કંપનીમાં અચાનક આગ ફાટી નીકળતાં ભારે દોડધામ મચી હતી. આગની ઘટનાને પગલે કંપની પરિસરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ઘટનાની જાણ થતાં જ પાનોલી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી.આગ લાગવાનું ચોક્કસ કારણ અને ઘટનામાં જાનમાલના નુકસાન અંગેની વિગતો હજી સુધી જાણવા મળી નથી.

આંતરરાષ્ટ્રીય વિજેતા જાદુગર અભય હવે નવસારી જિલ્લામાં કરશે જાદુઈ કલાનું પ્રદર્શન



દ્રષ્ટિકોણ-નવસારીઃ આધુનિક ટેક્નોલોજીના યુગમાં જાદુની પરંપરાગત કલા ધીમે ધીમે લુપ્ત થવાના આરે છે, ત્યારે આ પ્રાચીન કલાને જીવંત રાખવા માટે દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લાના જાણીતા જાદુગર અભય છેલ્લા ૧૮ વર્ષથી સતત પ્રયત્નશીલ છે. દક્ષિણ ગુજરાતનાં વિવિધ ગામો અને શહેરોમાં પોતાની જાદુઈ કલાનું પ્રદર્શન કરીને લોકોનું મનોરંજન કરનાર અને પ્રદેશને ગૌરવ અપાવનાર આંતરરાષ્ટ્રીય વિજેતા જાદુગર અભય હવે નવસારી જિલ્લામાં પોતાની કલાનો જાદુ પાથરવા જઈ રહ્યા છે.

જાદુગર અભય માત્ર મનોરંજન પૂરતું જ નહીં, પરંતુ લુપ્ત થતી પરંપરાગત જાદુ કલાના સંરક્ષણ અને સંવર્ધનના હેતુથી પણ કાર્ય કરી રહ્યા છે. તેઓ વારસાગત જાદુગર કલાકાર છે. તેમણે વિશ્વકક્ષાની જાદુ સ્પર્ધામાં ભાગ લઈને વિશ્વના વિવિધ દેશોના જાદુગરો વચ્ચે દ્વિતીય ક્રમાંક મેળવી આંતરરાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ હાંસલ કરી છે.

નવસારી જિલ્લાના ગણેશ સિસોદ્રા ગામે દિવાળી વેકેશન દરમિયાન બાળકો, યુવાનો અને વડીલો માટે હાસ્ય, આશ્ચર્ય અને મનોરંજનથી ભરપૂર જાદુઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૬ નવેમ્બર ૨૦૨૬, ધનતેરસના દિવસથી દરરોજ રાત્રે ૯:૦૦ કલાકે આ કાર્યક્રમ શરૂ થશે. આર.એન.જી. વિદ્યાલયની બાજુમાં આવેલા ક્રિકેટ મેદાનમાં વિશાળ બંધ તંબુમાં આ જાદુઈ શોનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંદાજે ૨૦ દિવસ સુધી ચાલશે.

આજના સમયમાં બાળકો મોબાઈલ અને ડિજિટલ દુનિયામાં વધુ સમય વિતાવી રહ્યા છે, ત્યારે મોબાઈલની દુનિયાથી દૂર રહીને પરિવાર સાથે હસવા, આનંદ માણવા અને આશ્ચર્યજનક જાદુઈ કરતબો નિહાળવાની આ એક અનોખી તક બની રહેશે. નાના બાળકોથી લઈને મોટા વડીલો સુધી સૌને અચંબિત કરી દે તેવા જાદુના ખેલ આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહેશે.

ત્યારે નવસારી જિલ્લાના મનોરંજનપ્રેમી નાગરિકો, વાલીઓ અને બાળકોને આ અનોખી જાદુઈ કલાનો કાર્યક્રમ નિહાળવા પરિવાર સહિત ઉપસ્થિત રહેવા જાદુગર અભય દ્વારા હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

શ્રવણ ચોકડી પાસે મોબાઈલ સ્નેચિંગ કરનાર રીઢો આરોપી બાઈક સાથે ઝડપાયો



બજાજ પલ્સર મોટરસાઈકલ પર આવેલા શખ્સે મોબાઈલ આંચક્યો

દ્રષ્ટિકોણ-ભરૂચઃ ભરૂચના શ્રવણ ચોકડી નજીક ક્રોમા શો-રૂમ સામેથી ગત તા. ૨૫/૧૦/૨૦૨૬ના રોજ મોટરસાઈકલ પર આવેલા અજાણ્યા શખ્સે ફરિયાદીના હાથમાંથી મોબાઈલ ફોન આંચકી લીધો હતો. આ મામલે ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

મોબાઈલ સ્નેચિંગના ગુનાનો ભેદ ઉકેલવા એ ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે વિવિધ દિશામાં તપાસ હાથ ધરી હતી. આસપાસના વિસ્તારોના CCTV ફૂટેજની ઝીણવટભરી તપાસમાં કાળા રંગની હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે આરોપીની ઓળખ કરી યામીન અલ્તાફ પટેલ (રહે. ૧૩૦, એચ-૨, કોસાડ આવાસ, તા. અમરોલી, જિ. સુરત, મૂળ રહે. નવીનગરી, સરનાર (વ્હાલુ), તા. જિ. ભરૂચ)ને ઝડપી પાડ્યો હતો.

પોલીસે આરોપી પાસેથી ગુનામાં વપરાયેલી બજાજ પલ્સર ૨૨૦ મોટરસાઈકલ નંબર GJ-05-SM-3042, કિંમત રૂ. ૫૦,૦૦૦ કબજે કરી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પતિ સાથે બોલાચાલી બાદ પત્નીએ પિયર પોઈચા ગામે ઘાસ મારવાની દવા પીધી

દ્રષ્ટિકોણ-નર્મદાઃ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના પોઈચા ગામે પતિ સાથે થયેલી બોલાચાલીનું મનમાં લાગી આવતાં ૩૩ વર્ષીય પરિણીતાએ પોતાના પિયરમાં ઘાસ મારવાની દવા પી લીધી હતી. આ બનાવ અંગે રાજપીપળા પોલીસે નોંધ લઈ કાર્યવાહી હાથ ધરી છે.

અસ્મિતાબેન અલ્પેશભાઈ બારીયા (ઉં.વ. ૩૩, રહે. મહાલક્ષ્મી સોસાયટી, ગાંધીચોક પાસે, રાજપીપળા) તા. ૨૯/૧૦/૨૦૨૬ના રોજ સવારે આશરે ૮ વાગ્યે વડોદરા નોકરી પર જવા નીકળ્યાં હતાં. તે દરમિયાન પતિ અલ્પેશભાઈ રમણભાઈ બારીયા સાથે મિત્રને ઘરે બોલાવવા અને મિત્રની પત્નીના ફોન અંગે વાતચીત થતાં બોલાચાલી થઈ હતી.ત્યારબાદ અસ્મિતાબેન પોઈચા ગામે પોતાના પિયરમાં હાજર હતાં. તે વખતે અગાઉની વાતને લઈને પતિ સાથે ફરી બોલાચાલી થતાં મનમાં લાગી આવતાં તેમણે પોતાની જાતે ઘાસ મારવાની દવા પી લીધી હતી.બનાવ અંગે રાજપીપળા પોલીસે નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ જિલ્લા પંચાયત દ્વારા ૭૭ નિવૃત્ત શિક્ષકોને લાભોના હુકમો એનાયત



દ્રષ્ટિકોણ-ભરૂચ : ભરૂચ જિલ્લા પંચાયત દ્વારા સત્રાંત નિવૃત્ત, વયનિવૃત્ત તેમજ સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર પ્રાથમિક શિક્ષકો માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૭૭ જેટલા શિક્ષકોને સિંગલ વિન્ડો સિસ્ટમ મારફતે નિવૃત્તિ વિષયક લાભોના હુકમો એનાયત કરવામાં આવ્યા હતા.

શિક્ષકોને નિવૃત્તિના લાભો સરળતાથી અને પારદર્શક રીતે મળી રહે તે હેતુથી આ વ્યવસ્થા કરવામાં આવી હતી. શિક્ષણ અને સમાજના ઘડતરમાં વર્ષો સુધી યોગદાન આપનાર શિક્ષકોને નિવૃત્તિ સમયે વહીવટી મુશ્કેલીઓ ન પડે તે માટે જિલ્લા પંચાયત દ્વારા આ પહેલ કરવામાં આવી હતી.કાર્યક્રમમાં જિલ્લા પંચાયતનાં પ્રમુખ ડિમ્પલબા રાજ, જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપશે, શિક્ષણ સમિતિના ચેરમેન કર્મિષાબેન પટેલ, શાસક પક્ષના નેતા મગનભાઈ પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેન વિમલભાઈ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સચિન શાહ, બંને શિક્ષક સંઘના પ્રમુખો, મંત્રીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે નિવૃત્ત શિક્ષકોના શૈક્ષણિક યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું. નિવૃત્તિ બાદના જીવનમાં આર્થિક સુરક્ષા અને માનસિક સંતોષ મળે તે માટે સમયસર લાભો મળી રહેવાના પ્રયાસને શિક્ષકોના સન્માનની દિશામાં મહત્વપૂર્ણ પગલું ગણાવવામાં આવ્યું હતું.

ખેરગામ-ચીખલીમાં રૂ. ૧૪.૯૩ કરોડના ખર્ચે અધ્યતન પુસ્તકાલય બનશે

દ્રષ્ટિકોણ-વાંસદાઃ નવસારી જિલ્લાના ત્રણ આદિવાસી તાલુકાઓના વિદ્યાર્થીઓને અભ્યાસ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે હવે ઘરઆંગણે જ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બનશે. ચીખલી, ખેરગામ અને વાંસદા ખાતે ભગવાન બિરસા મુંડા પુસ્તકાલયનું નિર્માણ કરવામાં આવશે. આ ત્રણેય પુસ્તકાલયોનાં નિર્માણકાર્યનો પ્રારંભ કરવા મંગળવારે વાંસદાના ઘોડમાળ ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલના હસ્તે ખાતમુહૂર્ત વિધિ યોજાઈ હતી. આ સુવિધાથી આદિવાસી યુવાધનને શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ તરફ પ્રોત્સાહન મળશે.



ચીખલી ખાતે રૂ. ૭.૪૩ કરોડના ખર્ચે ૨૩૮ વિદ્યાર્થીઓની બેઠક ક્ષમતા ધરાવતું ભોંયતળિયું અને બે માળનું આધુનિક પુસ્તકાલય બનાવવામાં આવશે. અહીં વરિષ્ઠ નાગરિકો માટે વાંચન સુવિધા સાથે ૧૫ હજાર પુસ્તકોના સંગ્રહની ક્ષમતા ઊભી કરાશે. પ્રથમ માળે કન્યાઓ માટે અલગ વાંચનખંડ અને ડિજિટલ લાઈબ્રેરી બનાવાશે, જ્યારે બીજા માળે યુવકો માટે વાંચન હોલ, રેફરન્સ વિભાગ અને કોન્ફરન્સ રૂમની સુવિધા ઉપલબ્ધ કરાશે.

ખેરગામ ખાતે રૂ. ૭.૫૦ કરોડના ખર્ચે ૨૫૬૨ ચોરસ મીટર વિસ્તારમાં ૨૩૮ વિદ્યાર્થીઓની બેઠક ક્ષમતા ધરાવતું ભોંયતળિયું અને બે માળનું અધ્યતન પુસ્તકાલય નિર્માણ પામશે. આ પુસ્તકાલયમાં વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને પુરુષો માટે અલગ-અલગ વાંચનખંડની વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત હાઈટેક ડિજિટલ સેમિનાર રૂમ તથા અંદાજે ૨૨,૫૦૦ પુસ્તકોના સંગ્રહની સુવિધા પણ ઊભી કરાશે.

આ જ પ્રમાણે વાંસદા ખાતે પણ ભગવાન બિરસા મુંડા પુસ્તકાલયનું આધુનિક મકાન બનાવવામાં આવશે.

ભૂટાન સરકારનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિશેષ સન્માન

નવી દિલ્હી/થિમ્પુ, તા.૪

ભારત અને ભૂટાન વચ્ચેના ગાઢ સંબંધોનું વધુ એક પ્રતીક સામે આવ્યું છે. ભૂટાન સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિશેષ સન્માન આપતાં ૧૦૮ બૌદ્ધ સ્તૂપમાંથી ૭૬મો સ્તૂપ તેમના નામે સમર્પિત કર્યો છે. જાંગચુબ ચોર્ટેન નામથી ઓળખાતા આ સ્તૂપને ભારત અને ભૂટાન વચ્ચેની મિત્રતા, આધ્યાત્મિક જોડાણ અને સહિયારા સાંસ્કૃતિક વારસાના પ્રતીક તરીકે જોવામાં આવે છે. આ સન્માન બદલ વડાપ્રધાન મોદીએ ભૂટાનના રાજા અને ત્યાંના લોકોનો આભાર વ્યક્ત કર્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ભૂટાનના રાજા અને નાગરિકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ સન્માન તેમના માટે ભાવુક કરી દેનારી ક્ષણ છે અને તેઓ તેને ભારતની જનતા વતી સ્વીકારે છે.

આ સ્તૂપ આવનારા સમયમાં ભારત અને ભૂટાન વચ્ચેના મજબૂત સંબંધો તેમજ બંને દેશોના સહિયારા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાની યાદ અપાવતો રહેશે.વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ભૂટાનના ગેલેફુ માઈન્ડફુલનેસ સિટીમાં એક વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન માત્ર છ કલાકમાં ૧૦૮ બૌદ્ધ સ્તૂપોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં ૭૬મો જાંગચુબ ચોર્ટેન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સમર્પિત કરવામાં આવ્યો હતો.

દિલ્હીમાં ૯ વર્ષની બાળકીનું સ્કૂલમાં અચાનક મોત થયું

નવી દિલ્હી, દિલ્હીના પૂર્વ વિસ્તારમાં આવેલી એક શાળામાં માત્ર ૯ વર્ષની બાળકીનું અચાનક મોત થતાં શૈક્ષણિક જગતમાં અને પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે. મયૂર વિહાર ફેઝ-૨ સ્થિત લવલી હેરિટેજ સ્કૂલમાં ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીની ક્લાસરૂમમાં અચાનક તબિયત લથડતાં શિક્ષકો તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે, હોસ્પિટલમાં તબીબોએ તપાસ બાદ તેને મૃત જાહેર કરી હતી.મળતી માહિતી અનુસાર, આ ઘટના પાંડવ નગર પોલીસ સ્ટેશન વિસ્તારની લવલી હેરિટેજ સ્કૂલમાં બની હતી. બાળકી શાળામાં હાજર હતી ત્યારે અચાનક તેની તબિયત બગડી હતી. પરિસ્થિતિની ગંભીરતા સમજી શિક્ષકોએ સમય ગુમાવ્યા વિના તેને હોસ્પિટલ પહોંચાડી હતી. જોકે, તબીબોના પ્રયાસો છતાં બાળકીનો જીવ બચાવી શકાયો નહોતો. આ સમગ્ર ઘટના શાળાના CCTV કેમેરામાં કેદ થઈ હોવાનો પણ અહેવાલ છે.

Clasified વર્ગીકૃત જાહેરાત

















ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે ખુશખબર

રાજ્યના ૮.૮૨ લાખ સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો

કર્મચારી સંગઠનોની માંગણીને પગલે નિર્ણય; ૯ નવેમ્બરે જાહેર રજા, ૧૨ ડિસેમ્બરે સરકારી કચેરીઓ ચાલુ રહેશે

ગાંધીનગર, ગુજરાત રાજ્યના સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે દિવાળી પહેલાં રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા મોંઘવારી ભથ્થા (DA)માં ૩ ટકાનો વધારો કરવાની તૈયારી હોવાના અહેવાલથી કર્મચારીઓમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં આ મુદ્દે ચર્ચા થઈ હોવાનું જાણવા મળે છે. જોકે, આ અંગેની સત્તાવાર જાહેરાત અને અમલીકરણની તારીખની વિગતો જાહેર થવાની બાકી છે.

રાજ્યમાં ૪ લાખથી વધુ સક્રિય સરકારી કર્મચારીઓ અને અંદાજે ૪.૮૨ લાખ પેન્શનરો મોંઘવારી ભથ્થાના વધારાની રાહ જોઈ રહ્યા છે.

જો ૩ ટકાનો વધારો અમલમાં આવશે તો આ વિશાળ કર્મચારી અને પેન્શનર વર્ગને આર્થિક રાહત મળી શકે છે. નવા દર કઈ તારીખથી લાગુ થશે અને કયા કર્મચારીઓને તેનો લાભ મળશે તે અંગે સત્તાવાર પરિપત્ર બાદ જ સ્પષ્ટતા થશે.

ઉલ્લેખનીય છે કે મે ૨૦૨૬માં રાજ્ય સરકારે સાતમા પગારપંચ હેઠળ મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કર્યો હતો. જેના પગલે DAનો દર ૫૮ ટકાથી વધીને ૬૦ ટકા થયો હતો. હવે વધુ ૩ ટકાનો વધારો મંજૂર થાય તો મોંઘવારી ભથ્થાનો દર વધીને ૬૩ ટકા થઈ શકે છે.

જો કોઈ કર્મચારીનો મૂળ પગાર રૂ.૩૦,૦૦૦ હોય તો હાલના ૬૦ ટકા DA પ્રમાણે તેને દર મહિને રૂ.૧૮,૦૦૦ મોંઘવારી ભથ્થું મળે છે. ૩ ટકાના વધારા બાદ DA ૬૩ ટકા થાય તો આ રકમ રૂ.૧૮,૯૦૦ થશે. એટલે કે કર્મચારીના માસિક પગારમાં રૂ.૯૦૦નો વધારો થઈ શકે છે. કેબિનેટ બેઠકમાં કર્મચારીઓના પ્રશ્નો ઉપરાંત ખેડૂતો અને સિંચાઈના પાણીના આયોજન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આગામી શિયાળુ પાક માટે પાણીની ઉપલબ્ધતા અને ફાળવણી અંગે સરકાર દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે.

સૌપ્રથમ પીવાના પાણીનો જથ્થો અનામત રાખ્યા બાદ વધારાનું પાણી શિયાળુ પાક માટે ફાળવવા અંગે નિર્ણય લેવામાં આવી શકે છે. સૌરાષ્ટ્રમાં સૌની યોજના અને ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના હેઠળ સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતાની સમીક્ષા પણ કરવામાં આવશે.

સરકારી કર્મચારીઓ માટે ૯ નવેમ્બર, સોમવારના રોજ પડતર દિવસ નિમિત્તે જાહેર રજા રાખવા અંગે પણ સૈદ્ધાંતિક સંમતિ મળી હોવાનો અહેવાલ છે. આ રજાના બદલામાં ૧૨ ડિસેમ્બરના બીજા શનિવારે કચેરીઓમાં કામગીરી કરવાનો પ્રસ્તાવ છે. આ અંગેનો અંતિમ નિર્ણય અને સત્તાવાર પરિપત્ર જાહેર થયા બાદ જ રજાની સ્થિતિ સ્પષ્ટ થશે.

દિવાળી પહેલાં મોંઘવારી ભથ્થામાં સંભવિત વધારો અને રજાના મુદ્દે લેવાયેલા નિર્ણયોને લઈને રાજ્યના સરકારી કર્મચારીઓની નજર હવે સરકારની સત્તાવાર જાહેરાત પર ટકેલી છે.

દિવાળી પર સળંગ ૪ દિવસનું 'મિનિ વેકેશન'

ગાંધીનગર, તા.૪

દિવાળીના પવિત્ર તહેવારોને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા રાજ્યના સરકારી કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર પરિપત્ર મુજબ, આ વર્ષે કર્મચારીઓને દિવાળી પર સળંગ ૪ દિવસનું 'મિનિ વેકેશન' મળશે.

સરકારે તારીખ ૯ નવેમ્બર (સોમવાર)ના રોજ આવતા 'પડતર દિવસ'ને રજા તરીકે જાહેર કર્યો છે, જેથી કર્મચારીઓ પોતાના પરિવાર સાથે ઉત્સાહભેર તહેવારની ઉજવણી કરી શકે.

૪ દિવસનું રજા શેડ્યૂલ

- **૦૮ નવેમ્બર (રવિવાર): દિવાળી (જાહેર રજા)**
- **૦૯ નવેમ્બર (સોમવાર): પડતર દિવસ (વિશેષ રજા)**
- **૧૦ નવેમ્બર (મંગળવાર): નૂતન વર્ષ / બેસતું વર્ષ (જાહેર રજા)**
- **૧૧ નવેમ્બર (બુધવાર): ભાઈબીજ (જાહેર રજા)**

સોમવાર, ૯ નવેમ્બરના 'પડતર દિવસ'ની રજાના બદલામાં આગામી ૨૮ નવેમ્બર, ૨૦૨૬ (ચોથા શનિવાર)ના રોજ રાજ્યની તમામ સરકારી કચેરીઓ ચાલુ રહેશે અને કર્મચારીઓએ નિયમિત કામકાજ કરવાનું રહેશે.

આ આદેશ ગુજરાત સરકારની તમામ કચેરીઓ ઉપરાંત રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ, કોર્પોરેશન અને પંચાયત કચેરીઓને પણ સમાન રીતે લાગુ પડશે. જોકે, આ રજા નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ એક્ટ (NI Act) હેઠળ જાહેર કરવામાં આવી નથી.

દિવાળીના બજારોમાં બનાવટીનું ધૂમ વેચાણ

છેલ્લા દિવસોમાં ઠેર ઠેર બ્રાન્ડના નામે સ્ટોલ્સ ખોલી, દુકાન-ગોડાઉનો ભાડે રાખી ગ્રાહકોને છેતરવાનો કિમીયો, તંત્ર મૂકપ્રેક્ષક

સુરત, છેલ્લા દિવસોમાં હવે દિવાળીની ઘરાકી નીકળી છે ત્યારે ધૂતારાઓ બેફામ દેખાઈ રહ્યા છે. શહેરભરમાં ઠેર ઠેર બ્રાન્ડેડ કપડા, બૂટ-ચંપલ, બેલ્ટ-વોલેટ સહિતની એક્સેસરીઝ, મહિલાઓના સૌંદર્ય પ્રસાધનોની ડુપ્લિકેટ્સ વસ્તુઓનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. તહેવારોની ઉજવણીમાં તત્પર લોકોને બેફામ છેતરવામાં આવી રહ્યા છે. જો કે આપણું વહીવટી તંત્ર આ તમામ બાબતોમાં ભેદી મૌન ધારણ કરીને બેઠું છે.

ઘણાં વર્ષો કે પછી દાયકાઓથી દિવાળીની ઉજવણીમાં નવી પદ્ધતિ શરુ થઈ છે. છેલ્લા એકાદ સપ્તાહમાં જ મોટાભાગના લોકો તમામ પ્રકારની ખરીદી માટે નીકળતા હોય છે. તેની પાછળ આમ તો પગાર અને બોનસની રકમ જ જવાબદાર હોય છે. જેથી દિવાળીના છેલ્લા દિવસોમાં જ બજારોમાં ધૂમ ઘરાકી નીકળે છે. જેમાં સામાન્ય વેપારીઓની સાથે જ ધૂતારાઓ પણ તૈયારી કરીને જ બેઠા હોય છે અને ડુપ્લિકેટ વસ્તુઓ પધરાવી, ગ્રાહકોને છેતરી, બેફામ કમાણી કરે છે.એવું જોવામાં આવ્યું છે કે શહેરભરમાં છેલ્લા દસ-બાર દિવસથી રેડીમેઈડ ગારમેન્ટ્સના સ્ટોલ્સ શરુ થયા છે. બોર્ડ પર બ્રાન્ડના નામ સાથે સસ્તામાં બ્રાન્ડેડ કપડા વેચવાની જાહેરાત કેટલાક ધૂતારાઓ દ્વારા કરવામાં આવે છે. સ્ત્રી-પુરુષો તેમજ બાળકો માટેના તૈયાર પેન્ટ-શર્ટ્સ, ટી-શર્ટ્સ, ટ્રાઉઝર્સ, બેગીઝ, કાર્ગોઝ જેવા કપડાનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. આવા કપડા પર વિવિધ જાણીતી બ્રાન્ડના સ્ટીકર્સ લગાડાયેલા છે, પરંતુ ઓરિજિનલ જેવા બારકોડ્સ સહિતની પ્રચલિત વસ્તુઓ જોવા મળતી નથી. એટલું જ નહીં, બેલ્ટ-વોલેટ્સ જેવી પુરુષોની એક્સેસરીઝ કે પછી સ્ત્રીઓની લાલી-લિપ્સસ્ટિક, પરફ્યુમ્સ, ચપ્પલ-શુઝ, જેવી પણ બ્રાન્ડેડ વસ્તુઓના નામે ડુપ્લિકેટ્સ બેફામ વેચાઈ રહ્યા છે. આમ તો દર મહિને બે-ચાર વખત પોલીસ સહિતના તંત્રો ડુપ્લિકેટ્સ બ્રાન્ડ્સ સામે લાલ આંખ કરી દરોડા પાડી ડુપ્લિકેટ્સનો મોટો જથ્થો જમ કરતા હોય છે. પરંતુ કોણ જાણે કેમ દિવાળીના તહેવારોમાં જાહેરમાં જ બનાવટી વસ્તુઓનું ધૂમ વેચાણ થતું હોવા છતાં અને ગ્રાહકો છેતરાતા હોવા છતાં તંત્ર મૂકપ્રેક્ષક બની રહે છે.

કયા બ્રાન્ડ્સના શર્ટ-પેન્ટ્સ, ટી-શર્ટ્સની બોલબાલા

પુરુષોના રેડીમેઈડ ગારમેન્ટ્સની વાત લઈએ તો બજારોમાં ધૂતારાઓએ ખોલેલા સ્ટોલ્સમાં ઝારા, પેપે જીન્સ, ફ્લાઈંગ મશીન, રેંગ્લર, લિવાઈસ, પીટર ઈંગ્લેન્ડ જેવી બ્રાન્ડ્સનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. આવી બ્રાન્ડ્સના સ્ટીકર્સ તો કપડા પર હોય છે, પરંતુ બારકોડ સહિતની અન્ય ઓળખ નહીં હોવાથી તે ચોક્કસ જ ડુપ્લિકેટ હોવાની ચાડી ખાય છે.

સ્ત્રીઓના સૌંદર્ય પ્રસાધનોમાં પણ ધૂમ ડુપ્લિકેટ્સ

સ્ત્રીઓના સૌંદર્ય પ્રસાધનોમાં લેકમે, લોરિયલ, નાયકા, સુગર કોસ્મેટિક્સ, કલરબાર જેવી બ્રાન્ડ્સની ડુપ્લિકેટ વસ્તુઓનું પણ ધૂમ વેચાણ થઈ રહ્યું છે. આ સાથે જ પરફ્યુમ્સ કે અન્ડર ગારમેન્ટ્સની પણ બનાવટી વસ્તુઓ ધૂતારાઓના બજારોમાં બિન્દાસ્ત વેચાઈ રહી છે.

ગ્રાહકો વધુ પૂછપરછ કરે તો તકરાર, કહે છે કે ફર્સ્ટ કોપી છે

તમામ ગ્રાહકો છેતરાઈ જાય છે તેવું નથી હોતું, કેટલાક જાણકાર ગ્રાહકો શંકાસ્પદ પ્રોડક્ટ્સ લઈને કાઉન્ટર પર પહોંચે છે. કેટલાક કિસ્સાઓમાં ધૂતારા સંચાલકો તેમનું અપમાન કરે છે, તકરાર કરે છે અને શરમમાં નાંખીને કાઢી મૂકે છે. તો કેટલાક સંચાલકો એવું કબૂલી લે છે કે આટલી કિંમતમાં ઓરિજિનલ તો ક્યાંથી આવે? આ તો ફર્સ્ટ કોપી છે.

૩૦ હજારની લેતીદેતીમાં સહકર્મીનું માથું ધડથી અલગ કરી રેલવે પટરી પર ફેંકી દીધું

દિવાળીની ઉજવણીના જોમ વચ્ચે કાળજું કંપાવી દેનારી ઘટના, કોયતાથી માથું અલગ કર્યું ને ધડ કબ્રસ્તાનમાં ફેંક્યું

સુરત, તા. ૪

દિવાળીના તહેવારોની ઉજવણી વચ્ચે સુરતના કતારગામ વિસ્તારમાં એક અત્યંત કાળજું કંપાવી દેતી અને સનસનાટીભરી ઘટના સામે આવી છે. કતારગામ ગોટાલા વાડી ચાર રસ્તા પાસે આવેલા ખ્રિસ્તી કબ્રસ્તાનમાંથી અજાણ્યા પુરુષનું માથા વગરનું નગ્ન ધડ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પોલીસની પ્રારંભિક તપાસમાં મૃતકની ઓળખ ૩૦ વર્ષીય સંજય તરીકે થઈ છે, જે મૂળ ઓડિશાનો વતની હતો અને અમરોલી વિસ્તારમાં રહેતો હતો.

આ ભયાનક હત્યા કેસમાં પોલીસે આરોપી સચિત્ર કુમાર નરેન્દ્ર બાલની ધરપકડ કરી લીધી છે, જે કતારગામની રેલ રાહત કોલોનીમાં રહે છે અને મૂળ ઓડિશાનો છે.

મૃતક સંજય અને આરોપી સચિત્રકુમાર બંને કતારગામ જીઆઈડીસીમાં આવેલા એક જ લૂમ્સના કારખાનામાં સાથે કામ કરતા હતા. તપાસમાં બહાર આવ્યું છે કે બંને વચ્ચે રૂપિયા ૩૦ હજારની લેતીદેતીનો વિવાદ ચાલતો હતો અને આ નાણાકીય અદાવતના કારણે જ આ ઘાતકી હત્યાને અંજામ આપવામાં આવ્યો હતો.

આ નાણાંની લેતીદેતીને લઈને બંને વચ્ચે અગાઉથી મનદુ:ખ ચાલતું હતું, જેના કારણે આરોપીએ રવિવારે સંજયને પોતાના ઘરે બોલાવ્યો હતો. ઘરે પહોંચ્યા બાદ આરોપીએ દિવસ દરમિયાન સંજયના બંને હાથ બાંધી દીધા હતા અને મટન કાપવાના કોયતાથી તેની નિર્દયતાપૂર્વક હત્યા કરી નાંખી હતી.

૩ નવેમ્બરની રાત્રે કતારગામ પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે ગોટાલાવાડી ચાર રસ્તા પાસે આવેલા કબ્રસ્તાનમાં કોઈ વ્યક્તિનો મૃતદેહ પડ્યો છે. માહિતી મળતાં જ કતારગામ પોલીસ સ્ટેશનનો કાફલો, ઉચ્ચ પોલીસ અધિકારીઓ, એફએસએલ અને ડોગ સ્કવોડની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. કબ્રસ્તાનમાં પડેલા મૃતદેહ પરથી માથું ગાયબ હતું અને શરીર પર એક પણ કપડું નહોતું, જેને જોઈને પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

પોલીસની સઘન તપાસ દરમિયાન ખાનગી બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે મુખ્ય આરોપી સચિત્રકુમાર બાલને ઝડપી પાડ્યો હતો. પોલીસની સઘન પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી હતી કે તેણે મૃતકનું કપાયેલું માથું કતારગામ અલકાપુરી બ્રિજ નીચે રેલવે પટરી નજીક ઝાડી-ઝાંખરાંમાં ફેંકી દીધું હતું. આરોપીની કબૂલાતના આધારે પોલીસે તેને સાથે રાખીને પંચનામું કર્યું હતું અને ધડથી આશરે ૩ કિલોમીટર દૂર અલકાપુરી રેલવે પટરી પાસેથી મૃતકનું કપાયેલું માથું પણ કબજે લીધું હતું. હાલ કતારગામ પોલીસે આરોપી સચિત્રકુમાર બાલની ધરપકડ કરીને આ ક્રૂર હત્યા પાછળ અન્ય કોઈ શખ્સો સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં સઘન તપાસ શરૂ કરી છે.

ક્રૂરતાની હદ, માથા વગરનાં ધડને નજીકના કબ્રસ્તાનમાં ફેંકી દીધું

આરોપીએ પુરાવાનો નાશ કરવા અને મૃતકની ઓળખ છુપાવવાના ઈરાદે તેનું માથું ધડથી અલગ કરી દીધું હતું. હત્યાને અંજામ આપ્યા બાદ મોડી રાત્રે આરોપીએ માથા વગરનું ધડ પોતાના ઘરથી આશરે ૧૫૦ મીટરના અંતરે આવેલા ખ્રિસ્તી કબ્રસ્તાનમાં ફેંકી દીધું હતું. કતારગામ વિસ્તારના આ ખ્રિસ્તી કબ્રસ્તાનની અંદર ચારથી પાંચ ફૂટ જેટલું ઊંચું ઘાસ ઊગી નીકળ્યું હતું. જ્યારે મોડી રાત્રે કબ્રસ્તાનનો સિક્યુરિટી ગાર્ડ સૂઈ રહ્યો હતો, ત્યારે આરોપીએ કબ્રસ્તાનની દીવાલ પરથી માથા વગરનું ધડ અંદર ફેંકી દીધું હતું. ઘાસની ઊંચાઈ વધુ હોવાને કારણે મૃતદેહ કોઈની નજરે પડ્યો નહોતો અને સિક્યુરિટી ગાર્ડને પણ આ અંગે કોઈ જાણ થઈ નહોતી.



સુરતના પાલના રિઝર્વ પ્લોટમાં કાગળ પર ખુલ્લો પ્લોટ, સ્થળ પર AC રેસ્ટોરન્ટ!

પાલના SMCના રિઝર્વ પ્લોટમાં પાકું બાંધકામ કરી કોમર્શિયલ પ્રવૃત્તિનો આક્ષેપ; પૂર્વ કોર્પોરેટરની કમિશનર અને વિજિલન્સને ફોટોગ્રાફ્સ સાથે ફરિયાદ

સુરત: પાલ વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાના રિઝર્વ પ્લોટ પર પાકું બાંધકામ કરી AC રેસ્ટોરન્ટ સહિતની કોમર્શિયલ પ્રવૃત્તિ ધમધમતી હોવાની ફરિયાદ સામે આવી છે. પાલિકાના સ્થાયી સમિતિના ઠરાવથી ખુલ્લા પ્લોટ તરીકે ફાળવવામાં આવેલી જમીનનો કોમર્શિયલ હેતુ માટે ઉપયોગ થતો હોવાના આક્ષેપ સાથે પૂર્વ કોર્પોરેટર ઉષાબેન પટેલે મ્યુનિસિપલ કમિશનર અને વિજિલન્સ વિભાગને લેખિત રજૂઆત કરી છે. ફોટોગ્રાફ્સ સાથે કરવામાં આવેલી આ રજૂઆતમાં સમગ્ર મામલે તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, ટીપી સ્કીમ નંબર-૧૬ના પાલ ફાઈનલ પ્લોટ નંબર-૧૦૩ને સુરત મહાનગરપાલિકા દ્વારા સ્થાયી સમિતિના ઠરાવથી ખુલ્લા પ્લોટ તરીકે ફાળવવામાં આવ્યો હતો. જોકે, આ પ્લોટમાં પાકું બાંધકામ ઊભું કરી AC રેસ્ટોરન્ટ સહિતની કોમર્શિયલ પ્રવૃત્તિ કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પાલિકાના રિઝર્વ પ્લોટમાં નિયમો વિરુદ્ધ પાકું બાંધકામ કેવી રીતે ઊભું થયું તે અંગે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. પાલિકાની માલિકીની જમીન પર આટલા મોટા પ્રમાણમાં બાંધકામ થયું હોવા છતાં પશ્ચિમ ઝોનના જવાબદાર અધિકારીઓને તેની જાણ કેમ ન થઈ અથવા જાણ હોવા છતાં કાર્યવાહી કેમ કરવામાં આવી નહીં તેવા સવાલો પૂર્વ કોર્પોરેટરે ઉઠાવ્યા છે. અગાઉના સામાન્ય સભાના ઠરાવમાં કોમર્શિયલ હેતુ માટે પ્લોટનો ઉપયોગ કરવામાં આવે તો પ્રતિ ચોરસ મીટર રૂ.૭ વસૂલવાની જોગવાઈ હોવાનો પણ રજૂઆતમાં ઉલ્લેખ કરાયો છે.

તેમ છતાં આવા બાંધકામો પાસેથી નિયમ મુજબ વેરો કે ચાર્જ વસૂલવામાં આવે છે કે નહીં તેની તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. રેસ્ટોરન્ટમાં મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવાથી ત્યાં ફાયર સેફ્ટીના પૂરતાં સાધનો અને જરૂરી સુરક્ષા વ્યવસ્થા ઉપલબ્ધ છે કે નહીં તેની પણ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. જો આગ કે અન્ય કોઈ દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોની રહેશે તેવો સવાલ પણ રજૂઆતમાં ઉઠાવવામાં આવ્યો છે.

માત્ર પાલના પ્લોટ પૂરતી જ નહીં, પરંતુ પશ્ચિમ ઝોન વિસ્તારમાં આવેલા પાલિકાના અન્ય રિઝર્વ પ્લોટ પર પણ પાકાં બાંધકામો અને ઝૂંપડાં ઊભાં થયાં હોવાની ફરિયાદ કરવામાં આવી છે. આથી તમામ રિઝર્વ પ્લોટની સ્થળ તપાસ કરી ગેરકાયદે બાંધકામો સામે કાર્યવાહી કરવા અને પાલિકાની જમીનનો દુરુપયોગ અટકાવવા પૂર્વ કોર્પોરેટર ઉષાબેન પટેલે માંગ કરી છે. હવે જોવાનું એ રહેશે કે પૂર્વ કોર્પોરેટરની ફોટોગ્રાફ્સ સાથેની રજૂઆત બાદ મ્યુનિસિપલ કમિશનર અને વિજિલન્સ વિભાગ તપાસના આદેશ આપે છે કે પછી પાલિકાની માલિકીના રિઝર્વ પ્લોટ પરના આક્ષેપો કાગળ પર જ રહી જાય છે.

અમરોલીની લુમ્સ ફેક્ટરીમાં શ્રમિકનો ગળેફાંસો ખાઈ આપઘાત

સુરત, સુરતના અમરોલી વિસ્તારમાં આવેલી અંજની ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં એક શ્રમિકના આપઘાતની ઘટના સામે આવી છે. હીરા લક્ષ્મી ફેબ્રિક્સ નામના લુમ્સના ખાતામાં રહેતા ૨૮ વર્ષીય શ્રમિકે ઘરની છત સાથે લગાવેલા લોખંડના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં ફેક્ટરીના શેઠે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જોકે, સ્થળ પર પહોંચેલા તબીબે તપાસ બાદ શ્રમિકને મૃત જાહેર કર્યો હતો.પ્રાપ્ત વિગતો મુજબ, ઉત્તરપ્રદેશના કાનપુર જિલ્લાના અકબરપુર ગામનો વતની રામમિલન શ્રીમનફુલ નિષાદ (ઉ.વ. ૨૮) અમરોલીની અંજની ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ વિભાગ-૪માં આવેલા ખાતા નંબર ૩૧-૩૨, હીરા લક્ષ્મી ફેબ્રિક્સ નામના લુમ્સના ખાતામાં હૂક મશીનમાં કામ કરતો હતો અને ત્યાં જ પત્ની પ્રિયંકાદેવી સાથે રહેતો હતો. તા. ૩ નવેમ્બરના રોજ સાંજે ૭:૫૫ વાગ્યા પહેલાં કોઈ અગમ્ય કારણોસર રામમિલને પોતાના ઘરની છત સાથે લગાવેલા લોખંડના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો.





This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.